
વર્ષ : ૪૮ ❖ અંક : ૦૩
માર્ચ-૨૦૨૪


શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી પ્રેરિત

Retail Price Rs. 5/- Each


# દિવ્યધ્વનિ

## પૂજ્ય આચાર્ય ૧૦૮ શ્રી વિદ્યાસાગરજી મહારાજ











"તે પુરુષ નમન કરવા યોગ્ય છે, કીર્તન કરવા યોગ્ય છે,
પરમપ્રેમે ગુણગ્રામ કરવા યોગ્ય છે, ફરી ફરી વિશિષ્ટ આત્મપરિણામે ધ્યાવન કરવા યોગ્ય છે,
કે જે પુરુષને દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી કોઈ પણ પ્રકારનું પ્રતિબદ્ધપણું વર્તતું નથી."

– શ્રીમદ્ રાજચંદ્રજી (વ.પ. ૪૦૦)

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**
(શ્રી સત્શ્રુત - સેવા - સાધના કેન્દ્ર સંચાલિત)
કોબા ૩૮૨ ૦૦૭. (જિ. ગાંધીનગર, ગુજરાત)
મો.નં. ૯૪૨૮૬૬૨૩૮૬ (કાર્યાલય / એકાઉન્ટ્સ), ૯૪૨૮૬૬૨૩૭૬ (રિસેપ્શન / આવાસ)
Mail : mail@shrimadkoba.org, Web : www.shrimadkoba.org

## સંસ્થામાં યોજાયેલ 'સમકિતપર્વ' શિબિર વેળાએ



પૂજ્ય બહેનશ્રી



બા.બ્ર.શ્રી સુરેશજી



આદ. પ્રકાશચંદજી છાબડા



આદ. સુમતપ્રકાશજી



શ્રી સત્સ્વરૂપદાસજી



બા.બ્ર.શ્રી અલકાદીદી





## સંસ્થામાં નૂતન પંખીઘરનું ઉદ્‌ઘાટન





## સંસ્થામાં યોજાયેલ 'હેલ્થ ચેક અપ' કેમ્પ વેળાએ

-: પ્રેરક :-

**શ્રદ્ધેયશ્રી આત્માનંદજી**

-: તંત્રી - સંપાદક :-

**શ્રી મિતેશ એ. શાહ**

(મો) ૯૪૨૭૦૬૪૪૭૯

-: સ્વત્વાધિકારી :-

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

-: મુદ્રક-પ્રકાશક :-

**ડૉ. શ્રી શર્મિષ્ટાબેન એમ. સોનેજી**

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા

-: પ્રકાશન સ્થળ :-

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

કોબા - ૩૮૨ ૦૦૭

ફોન:૯૪૨૮૬૬૨૩૮૬ (એકાઉન્ટ્સ)

૯૪૨૮૬૬૨૩૭૬ (પ્રકાશન/આવાસ)

-: લવાજમ શ્રેણી :-

**ભારતમાં**

ત્રિવાર્ષિક રૂા. ૪૦૦

આજીવન રૂા. ૨૦૦૦

**પરદેશમાં**

By Air Mail

ત્રિ-વાર્ષિક : Rs. 4000

$-80, £-60

આજીવન : Rs. 15000

$-300, £-220

# દિવ્યધ્વનિ

## અનુક્રમણિકા

(૧) શ્રી સદ્‌ગુરુપ્રસાદ ............... શ્રીમદ્ રાજચંદ્રજી ...... ૫

(૨) સત્ સ્વરૂપની પ્રાપ્તિ માટે ... પૂજ્યશ્રી આત્માનંદજી.. ૬

(૩) શ્રી તત્ત્વાર્થ પ્રબોધિની ........ બા.બ્ર.શ્રી સુરેશજી...... ૧૦

(૪) ષોડસ ભાવના .......... બા.બ્ર.કપિલભૈયા ...... ૧૩

(૫) સહજનો કરીએ સ્વીકાર ... પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ ..૧૬

(૬) શ્રી પૂજ્યપાદ આચાર્ય ..... પ્રા. ચંદાબહેન પંચાલી ..... ૧૮

(૭) શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર ... શ્રી મહેન્દ્રભાઈ ખંધાર ... ૨૧

(૮) મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ ... શ્રી રમેશભાઈ ખંધાર ...૨૪

(૯) વિનયગુણ ....... અનુવાદ : બા.બ્ર.બિન્દુદીદી ....... ૨૯

(૧૦) અદ્‌ભુત રચના-માનવશરીર .. શ્રી પારુલબેન બી. ગાંધી .. ૩૧

(૧૨) સમાજ-સંસ્થા દર્શન .............................. ૩૫

**વર્ષ : ૪૮ માર્ચ-૨૦૨૪ અંક-03**

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

**(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)**

**કોબા – ૩૮૨ ૦૦૭ (જિ. ગાંધીનગર, ગુજરાત)**

**ફોન: ૯૪૨૮૬૬૨૩૮૬ (એકાઉન્ટસ)**

**૯૪૨૮૬૬૨૩૭૬ (પ્રકાશન/આવાસ)**

mail@shrimadkoba.org, www.shrimadkoba.org

**બેંકમાં સીધું દાન ભરવા માટેની વિગત**

**Bank Detail : Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra**

**Name of Bank :** HDFC Bank Ltd.

**Branch :** Sughad, Gandhinagar - 382424.

**A/c. No. :** 50200070731240 • **IFSC Code :** HDFC0003067

**BANK DETAILS FOR FOREIGN DONORS**

**IN FAVOUR OF :** SHREE SATSHRUT SEVA SADHANA KENDRA

**NAME of BANK :** STATE BANK OF INDIA

**BRANCH :** NEW DELHI, MAIN BRANCH 11, PARLIAMENT STREET-110001

**A/C NO. :** 40102524216

**SWIFT CODE :** SBININBB104

**INCOME TAX EXEMPTION UNDER SECTION (80G) 5 OF THE INCOME TAX ACT, 1961. VIDE NO. CIT / GNR / 80G / GNR89 / 2026-2027**

**INCOME TAX REGISTRATION U/S. 12AA. 041910192**

## લેખકો / ગ્રાહકો / વાચકોને

- ☞ 'દિવ્યધ્વનિ' દર મહિને પ્રગટ થાય છે.
- ☞ કોઈ પણ અંકથી ગ્રાહક થઈ શકાય છે.
- ☞ ત્રણ વર્ષથી ઓછી મુદતનું લવાજમ સ્વીકારવામાં આવતું નથી.
- ☞ ચેક/ડ્રાફ્ટ/એમ.ઓ. **'શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા'**ના નામનો મોકલવો.
- ☞ સહુ સ્વજનો-મિત્રો વધુમાં વધુ ગ્રાહકો નોંધાવીને સહયોગી બને તેવી વિનમ્ર અપેક્ષા છે.
- ☞ ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું અવશ્ય લખવું. ગ્રાહક નંબર સરનામાની ઉપર લખેલો હોય તે નોંધી રાખવા વિનંતી છે.
- ☞ સરનામામાં ફેરફાર થયાની જાણ તાત્કાલિક કરવા વિનંતી છે.
- ☞ કોઈપણ લેખ સ્વીકારવો કે ન સ્વીકારવો કે ક્રમશઃ લેવો તેનો સંપાદકશ્રીને સંપૂર્ણ અધિકાર રહેશે.
- ☞ લેખકોનાં મંતવ્યો સાથે સંપાદકશ્રીનું સહમત હોવું આવશ્યક નથી.

**ગ્રાહકોને નમ્ર વિનંતી**

આપના હાલના મોબાઇલ નંબર તેમજ E-mail એડ્રેસ સંસ્થાને આપના ગ્રાહક નંબર સાથે રેકર્ડ અપડેશન માટે તુરત જ મોકલી આપવા વિનંતી.

**મો.નં.** ૯૪૨૮૬૬૨૩૭૬,

**વોટ્સએપ નં.** ૯૩૨૭૦૯૦૩૯૩


**: મુદ્રણસ્થાન :**

**ભગવતી ઑફસેટ**

૧૫/સી, બંસીધર ઍસ્ટેટ, બારડોલપુરા,

અમદાવાદ - ૩૮૦ ૦૦૪

ફોન : ૨૨૧૬ ૭૬૦૩




# પ્રાર્થના

**હે પરમકૃપાળુદેવ !**

નરસિંહ મહેતાએ કહ્યું છે કે,

"રાત રહે જ્યાહરે પાછલી ખટ્ઘડી;
સાધુપુરુષે કદી સૂઈ ન રહેવું;
જોગીયા હોય તેણે જોગ સંભારવા,
ભોગીયા હોય તેણે ભોગ ત્યજવા."

હે પ્રભુ ! સામાન્ય જનસમુદાય માટે આ વાત સાચી છે, પરંતુ મનમાં એવી આશંકા ઉદ્ભવી કે, આપના જેવા પરમપુરુષે શું કરવું ? સંસારમાં વસતા હોવા છતાં આપને સંસારી પણ કંઇ રીતે કહેવાય ? આપ સંસારમાં હતા પરંતુ આપના મનમાં સંસાર જ નહોતો !! સાધુપુરુષને બ્રાહ્મમુહૂર્તમાં જાગી જવાનું કહ્યું છે પરંતુ આપ તો રાતભર કેટલીય વાર સૂતા જ ન હતા ! ક્યારેક તો વનમાં જઇને ધ્યાનમાં ઉભા રહેતા હતા અને જીવજંતુઓનો ઉપદ્રવ સહન કરતા હતા. વળી, હિંસક પ્રાણીઓનો ડર પણ આપને નહોતો ! હે પ્રભુ ! આપને કંઇ ઉપમા આપવી ? આપ શરીરધારી હતા, પણ ભાવથી અશરીરી હતા ! વૈશ્યવેશ હતો અને આપની વૃત્તિ ઉદાસીન હતી! હીરામોતીના વ્યાપાર કરતાં કરતાં એમાંથી અધ્યાત્મનો પ્રતિભાસ અનુભવતા હતા. જગત સાવ સોનાનું થાય તો પણ આપને તૃણવત્ હતું. આપ પરમપુરુષ હતા પણ મુમુક્ષુઓના દાસાનુદાસ હતા ! આટલી બધી આત્મિક સંપત્તિ હોવા છતાં સત્સંગની ઝંખનામાં જ આપનું જીવન વ્યતીત થતું હતું ! આપે કહ્યું છે કે દસ લાખ સુભટને જીતવા એ દુર્લભ ગણાય છે, પણ સ્વાત્માને જીતનાર એથી પણ દુર્લભ છે. જેણે મનોયોગાદિક જીત્યું તેણે સર્વ જીત્યું.

"અસાર આ સંસારમાં, સાર સમા પ્રભુ આપ મળ્યા,
ખારા આ સંસારમાં પ્રભુ વીરડી સમ આપ મળ્યા,
અશરણ એવા અમ જીવનમાં, શરણરૂપ પ્રભુ આપ મળ્યા,
અનંતકાળથી આથડતા અમને આધારરૂપ આપ મળ્યા."

**ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ**

# શ્રી સદ્‌ગુરુપ્રસાદ


**શ્રીમદ્ રાજચંદ્રજી**

**પત્રાંક-૪૫૩**

**મુંબઈ, પ્રથમ અસાડ વદ ૩, રવિ, ૧૯૪૯**

મુમુક્ષુજનના પરમબંધવ, પરમસ્નેહી શ્રી સોભાગ્ય, મોરબી.

અત્રે સમાધિનો યથાયોગ્ય અવકાશ નથી. હાલ કોઈ પૂર્વોપાર્જિત પ્રારબ્ધ એવા ઉદયમાં વર્તે છે.



ગઈ સાલના માર્ગશીર્ષ માસમાં અત્રે આવવું થયું, ત્યારથી ઉત્તરોત્તર ઉપાધિયોગ વિશેષાકાર થતો આવ્યો છે, અને ઘણું કરી તે ઉપાધિયોગ વિશેષ પ્રકારે કરી ઉપયોગથી વેદવો પડ્યો છે.

આ કાળ સ્વભાવે કરી તીર્થંકરાદિકે દુષમ કહ્યો છે. તેમાં વિશેષ કરી પ્રયોગે અનાર્યપણાયોગ્ય થયેલાં એવાં, આવાં ક્ષેત્રો વિષે તે કાળ બળવાનપણે વર્તે છે. લોકોની આત્મપ્રત્યયયોગ્ય બુદ્ધિ અત્યંત હણાઈ જવા યોગ્ય થઈ છે, એવા સર્વ પ્રકારના દુષમયોગને વિષે વ્યવહાર કરતાં પરમાર્થનું વીસરવું અત્યંત સુલભ છે અને પરમાર્થનું અવીસરવું અત્યંત અત્યંત દુર્લભ છે. આનંદઘનજીએ ચૌદમા જિનના સ્તવનને વિષે કહ્યું છે, તેમાં આવા ક્ષેત્રનું દુષમપણું એટલી વિશેષતા છે; અને આનંદઘનજીના કાળ કરતાં વર્તમાનકાળ વિશેષ દુષમપરિણામી વર્તે છે; તેમાં જો કોઈ આત્મપ્રત્યયી પુરુષને બચવા યોગ્ય ઉપાય હોય તો તે એકમાત્ર નિરંતર અવિચ્છિન્ન ધારાએ સત્સંગનું ઉપાસવું એ જ જણાય છે.

પ્રાયે સર્વ કામના પ્રત્યે ઉદાસીનપણું છે, એવા અમને પણ આ સર્વ વ્યવહાર અને કાળાદિ ગળકાં ખાતાં ખાતાં સંસારસમુદ્ર માંડ તરવા દે છે, તથાપિ સમયે સમયે તે પરિશ્રમનો અત્યંત પ્રસ્વેદ ઉત્પન્ન થયા કરે છે; અને ઉતાપ ઉત્પન્ન થઈ સત્સંગરૂપ જળની તૃષા અત્યંતપણે રહ્યા કરે છે; અને એ જ દુઃખ લાગ્યા કરે છે.

એમ છતાં પણ આવો વ્યવહાર ભજતાં દ્વેષપરિણામ તે પ્રત્યે કરવા યોગ્ય નથી; એવો જે સર્વ જ્ઞાનીપુરુષોનો અભિપ્રાય તે, તે વ્યવહાર પ્રાયે સમતાપણે કરાવે છે. આત્મા તેને વિષે જાણે કંઈ કરતો નથી, એમ લાગ્યા કરે છે.

આ જે ઉપાધિ ઉદયવર્તી છે, તે સર્વ પ્રકારે કષ્ટરૂપ છે, એમ પણ વિચારતાં લાગતું નથી. પૂર્વોપાર્જિત પ્રારબ્ધ જે વડે શાંત થાય છે, તે ઉપાધિ પરિણામે આત્મપ્રત્યયી કહેવા યોગ્ય છે.

મનમાં એમ ને એમ રહ્યા કરે છે કે અલ્પ કાળમાં આ ઉપાધિયોગ મટી બાહ્યાભ્યંતર નિર્ગ્રંથતા પ્રાપ્ત થાય તો વધારે યોગ્ય છે, તથાપિ તે વાત અલ્પ કાળમાં બને એવું સૂઝતું નથી, અને જ્યાં સુધી તેમ ન થાય ત્યાં સુધી તે ચિંતના મટવી સંભવતી નથી.

બીજો બધો વ્યવહાર વર્તમાનમાં જ મૂકી દીધો હોય તો તે બને એવું છે. બે ત્રણ ઉદય વ્યવહાર એવા છે કે જે ભોગવ્યે જ નિવૃત્ત થાય એવા છે; અને કષ્ટે પણ તે વિશેષકાળની સ્થિતિમાંથી અલ્પકાળમાં વેદી શકાય નહીં એવા છે; અને તે કારણે કરી મૂર્ખની પેઠે આ વ્યવહાર ભજયા કરીએ છીએ.


કોઈ દ્રવ્યમાં, કોઈ ક્ષેત્રમાં, કોઈ કાળમાં, કોઈ ભાવમાં સ્થિતિ થાય એવો પ્રસંગ જાણે ક્યાંય દેખાતો નથી. કેવળ સર્વ પ્રકારનું તેમાંથી અપ્રતિબદ્ધપણું જ યોગ્ય છે, તથાપિ નિવૃત્તિ ક્ષેત્ર,

**(અનુસંધાન પાના નં. ૧૫ પર)**

# સત્ સ્વરૂપની પ્રાપ્તિ માટે જ્ઞાની પ્રત્યે અચળ પ્રેમ અને સમ્યક્પ્રતીતિની આવશ્યકતા

**(આધાર : વચનામૃત પત્રાંક-૧૯૪)**

**પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી**



આપણે સહુ જાણીએ છીએ કે અનાદિકાળથી જીવ સંસારમાં પરિભ્રમણ કરી રહ્યો છે. એનું એક સૌથી મોટું કારણ તેનો સ્વચ્છંદ છે. એટલે જ કૃપાળુદેવ પત્રાંક ૧૯૪માં કહે છે -

"જ્યાં સુધી જીવને સ્વચ્છંદરૂપી અંધત્વ છે, ત્યાં સુધી એ માર્ગનું દર્શન થતું નથી."

સ્વચ્છંદનો અંધાપો દૂર કરવા અને માર્ગને પામવા શું કરવું ? કઈ રીતે સ્વચ્છંદથી બચવું ? સદ્ગુરુ પ્રત્યેના સાચા પ્રેમની પરિપક્વતાથી સ્વચ્છંદનો નિરોધ થાય છે અને ક્રમે કરીને આત્મજ્ઞાન ઉદય પામે છે. પણ આ માટે સાધકે શું કરવું જોઈએ? સાધકે અનેક પ્રવૃત્તિ કરવી જોઈએ. એણે પરમેશ્વરની ભક્તિ, સંતપુરુષની પૂરી નિષ્ઠા અને નિષ્કામભાવે, વિનયપૂર્વક સેવા કરવી જોઈએ. સત્શાસ્ત્રોનું વાંચન-મનન ગુરુગમ સહિત કરવું જોઈએ. યથાશક્તિ તપ, સંયમ અને દાન કરવા જોઈએ. સાચા માર્ગાનુસારીના ૩૫ ગુણો અને શ્રાવકના ૨૧ ગુણો આપણે આપણા જીવનમાં ધારણ કરવાં જોઈએ.

મોટાભાગે ધર્મને વાર્તારૂપ માનવામાં આવે છે. ધર્મની વાતો કરવી એનું નામ ધર્મ નથી, પણ પોતાના ભાવોને ધીમેધીમે નિર્મળ કરવા અને જીવનમાં પરિવર્તન લાવવું એનું નામ ધર્મ છે. એમાં ભક્તિ, સ્વાધ્યાય તેમજ દાન સહાયક છે, બ્રહ્મચર્ય પાળવું સહાયક છે, વિનય સહાયક છે. આવા સદ્ગુણોને જીવનમાં લાવીને સર્વમાં પ્રભુને ભાળવારૂપ મૈત્રી - આવા બધા ગુણો વિકસ્યા હોય એવા જીવને કોઈકવાર આગળ જતાં શુદ્ધ આત્માનો બોધ મળે તો કામ થાય. આમ, જીવની જેટલી પાત્રતા વધતી જાય અને ગુરુ સૂક્ષ્મ-સૂક્ષ્મ બોધ પીરસતા જાય ત્યારે એવી દશાને જીવ પામે.

"આવે જ્યાં એવી દશા,
સદ્ગુરુ બોધ સુહાય;
તે બોધે સુવિચારણા,
ત્યાં પ્રગટે સુખદાય."

અને ત્યારબાદ

"જ્યાં પ્રગટે સુવિચારણા,
ત્યાં પ્રગટે નિજજ્ઞાન;
જે જ્ઞાને ક્ષય મોહ થઈ,
પામે પદ નિર્વાણ."

આ દશા તરત જ ન પ્રગટે. નિરંતર પ્રયત્ન કરતાં જઈએ ત્યારે કોઈ સમયે આ બને. બાબો એકડો લખતા શીખ્યો એમાં કેટલી વાર લાગે? કેટલાય લાંબા સમય સુધી એકડો ઘૂંટ્યે રાખ્યો પછી માંડ એકડો પાડતા આવડ્યો. આપણી સહુની પણ એ જ દશા છે. એમાં પણ બધાની સ્થિતિ સરખી ન હોય. ત્રણ દીકરાઓમાં એક ઠોઠ પણ હોય. એનો વાંધો નહીં, પણ અભ્યાસ કરાવ્યે રાખો. લખતા-વાંચતાં આવડી જાય, બેઝીક આવડી જાય તો પણ બહુ થયું. પછી વધારે ભણે તો સારું, પણ ન ભણે તો પણ એના નસીબ. આ તો વ્યાવહારિક દૃષ્ટાંત થયું. આપણે તો પારમાર્થિક વાત કરીએ છીએ.

બીજી જરૂરી બાબત છે કે સારા વિચારો કરવા. સારા એટલે કે શુભ વિચારો, એટલે કે મૈત્રી, ગુણપ્રમોદ, વૈરાગ્યની ભાવના. એનાથી આગળ જવાનું. તત્ત્વનો-આત્મતત્ત્વનો વિચાર કરતાં જવું. આત્મતત્ત્વનો વિચાર ક્યાંથી આવે છે? પાણીનો રેલો ક્યાંથી આવ્યો? નળમાં પાણી ક્યાંથી આવ્યું? તો કહે ટાંકીમાંથી. ટાંકી એ શુદ્ધાત્મા છે. ટાંકી એટલે જ્ઞાયક, શુદ્ધાત્મા. નળની પાઈપલાઈન એ વિચારણા છે.

જયાં પ્રગટે સુવિચારણા... એ સાથે અંતર્મુખતાની યાત્રા કરવાની છે. પણ એ એકદમ, એમને એમ ન થાય. સત્‌દેવ-ગુરુ અને ધર્મના અવલંબન વિના ન થાય. પોતાની પાત્રતા વિના ન થાય. ધીરજ, શ્રદ્ધા, સહનશીલતા જેવા અનેક સદ્‌ગુણો હોવા જોઈએ. હૃદય નિર્મળ થાય ત્યારે ગુરુના બોધનું રહસ્ય એને સમજાય. આવી પાત્રતા હોય તો તત્ત્વવિચાર આવે. આગળ વધેલા સાધકની વાત છે. જ્ઞાયક એટલે શું? અત્યારે ઠંડી અનુભવાય છે. આ ઠંડી એટલે શું? આઠ સ્પર્શમાંનો એક સ્પર્શ. પણ એ ગુણ આત્માનો નથી. આત્મા એને જાણે છે.

"સાહેબ! જુઓ, કેટલા લોકો મને સલામ કરે છે. કેવો વટ છે ને!!" અરે તારો વટ પડી ગયો ભાઈ, આ તો યશકીર્તિ નામકર્મનો ઉદય છે. આજે જે પૂજે છે એ કાલે ખાસડા પણ મારશે. એ કંઈ પ્રયોજનભૂત નથી. માટે પોતામાં આવી જાઓ. પોતામાં રહેવાનો આવો પ્રયોગ 'રાઉન્ડ ધ ક્લોક' સતત કરવાનો. માત્ર ભેદજ્ઞાન નહીં, માત્ર શ્રદ્ધા નહીં, એપ્લિકેશન અને સવારે એક વાર કરી લીધું પછી પૂરું, એવું નહીં.

"હું તો બસ, સવારે ક્ષમાપનાનો પાઠ ફટાફટ બોલી લઉં, અને પછી રાત્રે ટાઈમ મળે તો બોલું, પણ બોલતા બોલતા ક્યારે ઊંઘ આવી જાય ખબર ના પડે!" શરૂઆતમાં આવું થાય પણ પછી ધીમેધીમે અભ્યાસ વધારતા જવાનું. બીજી પ્રવૃત્તિ કરતાં કરતાં પણ પરમાર્થના વિચારો ચાલતા રહેવા જોઈએ. ભગવાનને યાદ કરતાં રહેવું જોઈએ. જમતી વખતે પણ વિચાર આવવા જોઈએ કે 'આ ભૂખ રૂપે અશાતા વેદનીય કર્મનો ઉદય આવ્યો છે, એ સહન કરવાની અત્યારે શક્તિ નથી, તેથી સમભાવપૂર્વક આ દાળભાતના પરમાણુઓ ગ્રહણ થઈ રહ્યા છે, જેથી ઉદયમાં આવેલ કર્મનો ઉપશમ થાય.' અંતરમાં આમ વિચારવું અને એ ફક્ત એક બાબતમાં નહીં, બધી બાબતોમાં આ રીતે વિચારો ચાલતા રહેવા જોઈએ.

જોકે આ રીતે સતત વિચારતા રહેવાની શક્તિ આજે મોટાભાગના લોકોમાં નથી. તો પછી શું કરવું જોઈએ? આપણે બસ, ભગવાનને યાદ કરતાં રહેવું -

"પ્રભુ તારું ગીત મારે ગાવું છે, (શા માટે?)
કારણ તારા જેવા મારે થાવું છે.
તેથી તારું ગીત મારે ગાવું છે."

જોકે આપણા જેવા સામાન્ય લોકો માટે એ પણ સહેલું નથી. થોડા પણ એમના જેવા થવા માટે ઘણો પુરુષાર્થ જોઈએ. આપણાથી એમના જેવા ક્યાંથી થવાય? એવા નેગેટિવ વિચારો નહીં કરવાના. કોઈપણ બાબતમાં જીવનમાં નેગેટિવ વિચારો કરીએ તો શાંતિથી જીવી જ ના શકાય. ટૂંકમાં કહીએ તો નિરંતર અભ્યાસ કરવાની ભગવાનની આજ્ઞા છે.

પણ આ એક અભ્યાસની જ આજ્ઞા છે એવું નહીં, બીજું પણ ઘણું કરવાનું છે. પણ એનો સાચો આશય સમજીને. જેમ કે દાન કરવું જોઈએ. ઉપદેશ દાન કરવાનો હોય, પણ દાન કરવાથી શું થાય? લોભ ઘટે. લોભ ઘટવાથી શું થાય? સંતોષ રૂપી ગુણ વધે. એ એક ગુણ વધવાથી બીજા ગુણો પણ વધે. સત્પાત્રતા વધે. આ રીતે સેવા કરો, ભક્તિ કરો, વગેરે ઘણા સાધનો છે. કરવું એ બધું. પણ એ સમજવાનું કે એની પાછળ અભિપ્રાય શું છે? લક્ષ્ય શું છે? લક્ષ્ય એ જ રહેવો જોઈએ કે "મારે રત્નત્રય ધર્મ પ્રાપ્ત કરવો છે." "મારે શુદ્ધ આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું છે." "અંતિમ ચરણમાં તો મારે કેવળજ્ઞાન, સિદ્ધપદ પ્રાપ્ત કરવું છે."

આ દિશામાં યોજનાબદ્ધ રીતે આગળ વધવા શું કરવું? એક પંચવર્ષીય યોજના આપણે પણ બનાવવાની. પહેલા વર્ષમાં શું કરવાનું? તો નક્કી કરવાનું કે આટલું કરવું જ. પછી બીજા વર્ષે આટલું. ત્રીજા વર્ષે આટલું. એ રીતે મોક્ષમાર્ગ પણ ક્રમથી પ્રાપ્ત થાય.

આ લક્ષ્ય પ્રાપ્ત કરવું હોય તો બે વસ્તુ જોઈએ :- (૧) ભગવાન પ્રત્યે અચળ પ્રેમ અને (૨)સમ્યક્ પ્રતીતિ. અત્યારે આપણો અચળ પ્રેમ આ પાંચ 'ક' પ્રત્યે છે- કંચન, કામિની, કાયા, કુટુંબ અને કીર્તિ. અત્યારે તીવ્ર આસક્તિ આ પાંચ પ્રત્યે

છે. જ્યારે સદ્ગુરુ પ્રત્યે સમજણપૂર્વક પ્રેમ થાય ત્યારે આ ઘટે.

"એનું સ્વપ્ને જો દર્શન પામે રે,
એનું મન ન ચઢે બીજે ભામે રે,
થાય સદ્ગુરુનો લેશ પ્રસંગ રે,
એને ન ગમે સંસારીનો સંગ રે."
"ગુરુ કૃપા અંજન પાયો મેરે ભાઈ,
રામ બિના કછુ દિસત નાહીં."

આ 'પાયો' - 'પ્રાપ્ત થવું' એટલે? અગાઉ માતા બાળકને આંખમાં આંજણ આંજતી, પણ બાળક સતપતિયો હોય તો? એ ત્યારે આડું મોઢું ફેરવી નાખે. એમ ગુરુ તો કૃપાનું આંજણ આંજવા તૈયાર હોય પણ તું અંજાવવા જ તૈયાર ન હોય તો? ગુરુ તો હજારો માતા જેવા તત્પર હોય પણ તારે પક્ષે શું હોવું જોઈએ? તારામાં સમર્પણભાવ હોય, તારી આજ્ઞાપાલનની તૈયારી હોય, તું શ્રદ્ધાવાન હોય અને સમ્યક્ પ્રતીતિ હોય ત્યારે ગુરુકૃપા મેળવી શકાય.

સમ્યક્ પ્રતીતિ બે પ્રકારની હોય. આગમમાં કહેલું હોય તેવા ગુણો તપાસીને શ્રદ્ધા કરીએ એનું નામ વ્યવહાર સમ્યક્પ્રતીતિ. આત્મજ્ઞાન છે? નિઃશંકતા અને નિર્ભયતા છે? ચિંતારહિતપણું છે? સૌ જીવો સાથે મૈત્રીભાવપણે વ્યવહાર કરે છે? એવા કોઈ સંત-મહાત્મા હોય તો એમને મારા સંત-ગુરુ માર્ગદર્શક રૂપે સ્વીકારવા છે. એ વ્યવહાર સમ્યક્ત્વ. નિશ્ચય સમ્યક્પ્રતીતિ એ તો અનુભવનો વિષય છે.

"મત દર્શન આગ્રહ તજી, વર્તે સદગુરુ લક્ષ;
લહે શુદ્ધ સમકિત તે, જેમાં ભેદ ન પક્ષ.
વર્તે નિજ સ્વભાવનો, અનુભવ લક્ષ પ્રતીત;
વૃત્તિ વહે નિજ ભાવમાં, પરમાર્થે સમકિત."

આ બંને પરમાર્થ સમકિત છે. પણ પહેલામાં ડિગ્રી જરા નીચી છે. આત્માના અતીન્દ્રિય આનંદનો આસ્વાદ આવવાથી અંતરમાં અબાધિતપણે નક્કી થઈ ગયું કે આ જ મારા ગુરુ, એ નિશ્ચય સમ્યક્ પ્રતીતિ. અચળ પ્રેમ એ જ્ઞાન અને ચારિત્ર ગુણની-મુખ્યતઃ ચારિત્ર ગુણની પર્યાય છે. સમ્યક્ પ્રતીતિ એ શ્રદ્ધા ગુણની પર્યાય છે. જ્યારે શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર એ ત્રણેય ભેગા મળે એ સમ્યક્પણું.

**પ્રશ્ન :** પત્રમાં "ભાવ અપ્રતિબદ્ધતાથી નિરંતર વિચરે છે" એવા જ્ઞાની પુરુષની વાત કહી છે. તો ભાવ અપ્રતિબદ્ધતા એટલે શું ?

**સમાધાન :** આગળ કહ્યું એ નિશ્ચય નય-અધ્યાત્મ દૃષ્ટિએ કહ્યું. ભાવ અપ્રતિબદ્ધતાની દૃષ્ટિએ સમજવા માટે કરણાનુયોગથી સમજવું પડે. અનંતાનુબંધીનો અભાવ થવાથી પ્રગટેલું આત્મજ્ઞાન એ ભાવ અપ્રતિબદ્ધતા છે. જેવા જગતના જીવોને રાગાદિ છે, એવા જ્ઞાનીને ન હોય. યુદ્ધ કરી રહ્યા હોય તો પણ ન હોય. અજ્ઞાની જીવ તપ કરી રહ્યો હોય તો પણ રાગાદિ હોય. મુનિ થઈને તપ કરે તો પણ. માટે 'ભાવ' સારા કરવા. તીર્થંકર ભગવાનને પણ ઉત્તમ ભાવ કરવા હોય ત્યારે મહેલ છોડી દેવો પડે. ભાવની સાથે દ્રવ્ય, ક્ષેત્ર અને કાળ પણ લઈ લેવું. પણ અહીં અધ્યાત્મ પદ્ધતિ છે તેથી ભાવની મુખ્યતા છે. અધ્યાત્મમાં ભાવની મુખ્યતા હોય અને સિદ્ધાંતમાં બધાનો સમાવેશ હોય. માટે કહ્યું છે કે ભાવ અપ્રતિબદ્ધતાથી નિરંતર વિચરે છે એવા જ્ઞાની પુરુષ. તો જ્ઞાની પુરુષની વ્યાખ્યા શું ? કોઈ વિષયમાં આસક્તિ નથી. કોઈ વસ્તુમાં ચોંટતા નથી, કેમકે દરેક વસ્તુને પર દ્રવ્ય જાણે છે.

અહીં પ્રશ્ન થાય કે ભગવાન એટલે શું? ભગવાન એટલે પ્રગટ પૂર્ણ શુદ્ધાત્મા. આચાર્ય એટલે પ્રગટ, મહદ્ અંશે શુદ્ધાત્મા અને જ્ઞાની એટલે શુદ્ધાત્મા. આમ, જ્ઞાની એટલે શુદ્ધાત્મા છે, વિશિષ્ટ શુદ્ધ એ આચાર્ય છે અને પૂર્ણ શુદ્ધ એ અરિહંત છે. જોકે અત્યારે તો એવા દેશકાળ છે કે અરિહંત કે આચાર્યનો ભેટો થવાનો નથી, ફક્ત સત્પુરુષ છે. એ પણ કેટલા? કૃપાળુદેવ કહે છે તેમ 'પાંચસો પાંચસો ગાઉ જશો તો પણ તથારૂપ જ્ઞાનીનો યોગ મળવો દુર્લભ છે.' તેમ છતાં આજ્ઞા શું કરી? "એમ વિચારી અંતરે, શોધે સદ્ગુરુ યોગ;"

'નો નેગેટિવ એપ્રોચ.' જો કે જીવને હજી ભગવાન સાચા છે, સુખી છે એવું અંતરમાં બેઠું

નથી. બૌદ્ધિક સ્તરે માને છે, પણ એનું અંતર કબૂલ કરતું નથી. એ કબૂલ કરે એને મોક્ષ મળે. આપણે સાધના કેમ ઓછી કરીએ છીએ? ઘડીએ-ઘડીએ પરિવાર, સંપત્તિ, ભૌતિક સુખ-સુવિધા કેમ યાદ આવે છે? અને એટલે જ જ્ઞાની કહે છે-

"પરવસ્તુમાં નહીં મૂંઝવો, એની દયા મુજને રહી." આત્માથી સહુ હીન છે, પણ તું તો પુદ્ગલરસી છો, તને આત્મજ્ઞાનની પ્રાપ્તિ નજીકના ભવિષ્યમાં થાય નહીં. આમાં કોઈ શું કરે? જ્યારે તું જાગીશ ત્યારે કામ થશે, નહીંતો તીર્થંકર ભગવાન પણ તારું કલ્યાણ નહીં કરી શકે. 'ભાવ' જોઈએ. તું શબ્દોમાં તો બોલો છે- "અત્ર અવતર અવતર સંવૌષટ્, અત્ર તિષ્ઠ તિષ્ઠ ઠઃ ઠઃ"

ભાવપૂજામાં 'ભાવ' જોઈએ. ભાવપૂજા બોલવા માટે નથી, ભાવવા માટે છે. જે આપણને કરવું ગમતું નથી તે પણ કરવું જોઈએ. જન્મોજન્મના સંસ્કારને લીધે જીવને પરવસ્તુમાં આસક્તિ છે અને એમાં જ રાચ્યા કરે છે. એને ઘટાડવી અને પરમાત્મા તથા સદ્ગુરુમાં વધારવી. તેઓ જ આપણને ધીમેધીમે શુદ્ધાત્મા તરફ લઈ જશે. આ બધું ક્રમબદ્ધ રીતે થશે. આ ભવમાં ગુરુ નથી તો શાસ્ત્રોનું વાંચન ભલે કર, પણ આગળના ભવમાં ગુરુનો આશ્રય લીધો હશે તો જ શક્ય બનશે, નહીં તો નહીં. એટલે જ આનંદઘનજી મહારાજ કહે છે કે, "ગુરુગમ લેજો રે જોડ જિનેસર." અને એટલે જ સહેલો માર્ગ કયો? સાપેક્ષ રીતે સહેલો- આનંદઘનજી મહારાજ કહે છે તેમ -

"દોડત દોડત દોડત દોડિયો, જેથી રે મનની દોડ જિનેસર;
પ્રેમ પ્રતીત વિચારો ઢૂંકડી, ગુરુગમ લેજો રે જોડ જિનેસર."

કેટલાય ઉપવાસ, નિયમ, વ્રત, સંયમ કર્યા, પણ બાહ્ય દૃષ્ટિ, શરીર પર દૃષ્ટિ, યોગ પર દૃષ્ટિ રહ્યા કરે, પાંચ 'ક' પર આસક્તિ રહ્યા કરે એણે સૂક્ષ્મ દૃષ્ટિ કેળવવી પડશે. એના વગર અર્થ સરશે નહીં. આમ, સત્ સ્વરૂપની પ્રાપ્તિ માટે જ્ઞાની પ્રત્યે અચળ પ્રેમ અને સમ્યક્ પ્રતીતિ જરૂરી છે.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

■ ■ ■

## સહજનો કરીએ સ્વીકાર...

**પાના નં. ૧૭ પરથી ચાલુ...**

પ્રભુને કહ્યું, "આપના ગર્ભ, જન્મ, દીક્ષા અને કેવળજ્ઞાન હસ્તોતરા નક્ષત્રમાં થયા હતા. અત્યારે આપના નિર્વાણના નક્ષત્રમાં ભસ્મગ્રહ સંક્રાંત થાય છે તો સર્વજ્ઞ અને સર્વશક્તિમાન એવા નિર્વાણની ઘડી થોડી લંબાવી દો તો?"

દેવોના સ્વામી ઇન્દ્રની મનમાં એવી ઇચ્છા હતી કે એક વાર નિર્વાણઘડી આઘી જાય પછી જોયું જશે. અણીનો ચૂક્યો સો વર્ષ જીવે તેવુંય બને.

ભગવાન મહાવીરે મેઘ જેવી ગંભીર વાણીએ કહ્યું, " ઇંદ્રરાજ! મારા દેહ પ્રત્યેનો મોહ આજે તમને આવું બોલાવી રહ્યો છે. મારી નિકટ રહ્યા છતાં તમે એ ભૂલી ગયા કે આયુષ્ય કદી વધારી શકાતું નથી. એવું કદી થયું નથી અને કદી થશે નહીં."

દેહની નશ્વરતાનો કેવો સહજ સ્વીકાર અહીં સંભળાય છે.!

## મહોપાધ્યાય યશોવિજયજી...

**પાના નં. ૨૮ પરથી ચાલુ...**

આચાર્ય શ્રીમદ દેવચંદ્રજીએ આ ખજાનાના રત્નોની પરખ કરી છે. તેઓશ્રી હાલ મહાવિદેહક્ષેત્રમાં કેવળી થઈ વિચરી રહ્યા હોવાનું મનાય છે. એટલે એમની ટીકા કેવળજ્ઞાનના કિનારે બેઠેલા એક વિશિષ્ટ મહાપુરુષનું ભેટણું કહેવાય.

આત્મતત્ત્વનો કંઈક અંશે અનુભવ કરાવતો અને મોહના વિષને ઉતારવામાં ગારુડી મંત્ર સમાન આ ગ્રંથ છે. આ ગ્રંથના લગભગ બધા જ શ્લોકો મનને વૈરાગ્યથી ભાવિત-વાસિત કરે અને મૂર્છાનો (આસક્તિનો) નાશ કરે એવા મંત્રસ્વરૂપ સુવાક્યોથી ભરેલા છે. અનાદિની વૃત્તિથી મલિન ચિત્તને સચોટ લાગી આવે અને મોહદશાને પાતળી પાડી સ્વભાવસન્મુખ કરે એવો ભવ્ય અને ઉત્તમ ગ્રંથ છે. સાચા આત્માર્થી જીવની દૃષ્ટિ બદલાયા વિના રહે જ નહિ એવી આ શાસ્ત્રની દિવ્યતા અને અદ્ભુતતા છે. (ક્રમશઃ)

# શ્રી તત્ત્વાર્થપ્રબોધિની
## (શ્રી તત્ત્વાર્થસૂત્ર પરની ટીકા)

બા.બ્ર.શ્રી સુરેશજી

### પ્રસ્તાવના

**પ્રથમ આવૃત્તિ વેળાએ...**

સંસાર કેવળ દુઃખમય છે. દુઃખનું કારણ તૃષ્ણા છે, પોતાને અનુકૂળ લાગતા પદાર્થોને પ્રાપ્ત કરવા અને સંરક્ષણ કરવાની તથા પોતાને પ્રતિકૂળ લાગતા પદાર્થોની અપ્રાપ્તિ અને તેમને દૂર કરવાની અભિલાષાનું નામ તૃષ્ણા અથવા ઈચ્છા છે. ઈચ્છાઓ અનંત પ્રકારની છે, પરંતુ તેની પ્રવૃત્તિ મુખ્યત્વે ચાર પ્રકારે જોવા મળે છે - એક તો ઈન્દ્રિયોના વિષયોમાં પ્રવર્તન કરવારૂપ, બીજી ક્રોધાદિ કષાયોમાં પ્રવર્તન કરવારૂપ, ત્રીજી અનિષ્ટ વસ્તુઓને દૂર કરવારૂપ તથા ચોથી ઈષ્ટ વસ્તુઓને ભોગવવાની વ્યગ્રતારૂપ. સંસારી પ્રાણી દરેક સમય આ ચાર પ્રકારોમાંથી કોઈ ને કોઈ એક પ્રકારમાં પ્રવર્તન કરે જ છે, માટે તે સદૈવ દુઃખી રહે છે.

દુઃખથી મુક્ત થવાનો એકમાત્ર ઉપાય તૃષ્ણાની આત્યંતિક નિવૃત્તિ છે. તૃષ્ણાની નિવૃત્તિ માટે તેની ઉત્પત્તિના મૂળ કારણને દૂર કરવું જોઈએ કેમકે કારણ વિના કાર્ય કદાપિ સંભવિત નથી. જેમ ઈંધણ વિના અગ્નિ અસંભવિત છે, તેમ ઈચ્છાનું મૂળ કારણ અજ્ઞાન છે. અજ્ઞાન ત્રણ પ્રકારે પ્રવૃત્તિ કરે છે - એક અયથાર્થ જ્ઞાનરૂપ, બીજું અયથાર્થ શ્રદ્ધાનરૂપ અને ત્રીજું અયથાર્થ આચરણરૂપ.

સ્વ-પર પદાર્થો પોતાના મૂળ સ્વરૂપમાં જેવા છે તેવા જ્ઞાનમાં ન આવવા, વિપરીત આવવા, અસ્પષ્ટ આવવા અથવા ભ્રમ રહેવો તે અયથાર્થ જ્ઞાન કહેવાય છે. અથવા પ્રત્યેક પદાર્થ ત્રૈકાલિક અને તાત્કાલિક એમ બે રૂપે અવસ્થિત છે. તેમાં પદાર્થનું તાત્કાલિક વર્તમાન પર્યાયરૂપ જ જ્ઞાનમાં આવવું, તેનું મૂળ પરમાર્થ ત્રૈકાલિક દ્રવ્યરૂપ જ્ઞાનમાં ન આવવું અયથાર્થ જ્ઞાન છે. ગુણોના સમૂહને દ્રવ્ય કહે છે. દ્રવ્યની શક્તિવિશેષ (ધર્મ)ને ગુણ કહે છે તથા તે દ્રવ્ય અને ગુણની અવસ્થાવિશેષને પર્યાય કહે છે. જેમકે સુવર્ણ દ્રવ્ય છે, પીળાપણું, ભારેપણું વગેરે તેના ગુણો છે જેનાથી તે દ્રવ્ય બનેલ છે તથા હાર તેની અવસ્થા વિશેષ પર્યાય છે. આ રીતે પ્રત્યેક પદાર્થ દ્રવ્ય, ગુણ અને પર્યાયરૂપ છે. તેને તે પ્રમાણે ન જાણવો, માત્ર પર્યાયરૂપ જ જાણવો કે દ્રવ્યરૂપે જ જાણવો અથવા માત્ર ગુણરૂપે જ જાણવો તે અયથાર્થ જ્ઞાન છે. પદાર્થ જેવો છે તેવો જ્ઞાનમાં ન આવવાથી આત્મામાં વિવેક વિકલતા, મૂઢતા, વિભ્રમ વગેરે દોષો ઉત્પન્ન થાય છે, જેથી સ્વ-પરનું યથાર્થ ભેદવિજ્ઞાન થઈ શકતું નથી તેને લીધે શુદ્ધ સ્વસંવેદન થઈ શકતું નથી. અશુદ્ધ સંવેદનનું નામ મિથ્યા જ્ઞાન છે, જે મિથ્યા દર્શન અને મિથ્યા ચારિત્રનું મૂળ કારણ છે.

પદાર્થ સંબંધી વિપરીત પ્રતીતિનું નામ અયથાર્થ શ્રદ્ધાન છે. જેવું જ્ઞાન હોય છે તેને અનુરૂપ તેના પ્રત્યે પ્રતીતિ (માન્યતા) થાય છે. અયથાર્થ જ્ઞાનથી અયથાર્થ શ્રદ્ધાન જન્મે છે, જેનું લક્ષણ પદાર્થમાં ઈષ્ટ-અનિષ્ટપણું ભાસિત થવું તે છે. તેનું નામ મિથ્યાદર્શન છે.

પદાર્થનું તેના શુદ્ધ સ્વભાવથી વિપરીત વિકારમય પરિણમન કરવું તે અયથાર્થ આચરણ કહેવાય છે. પરમાર્થથી કોઈ પણ પદાર્થ કોઈ અન્ય માટે એકાંતે ઈષ્ટ કે અનિષ્ટ હોતો નથી, પરંતુ મિથ્યાદર્શનના કારણે પદાર્થ ઈષ્ટ-અનિષ્ટ ભાસે છે. જ્યારે પદાર્થ ઈષ્ટ ભાસે છે ત્યારે રાગ ઉત્પન્ન થાય છે અને જ્યારે અનિષ્ટ ભાસે છે ત્યારે દ્વેષ ઉત્પન્ન થાય છે. આ રાગ અને દ્વેષથી ક્રોધ, માન, માયા, લોભાદિ ઉત્પન્ન થાય છે. આ પ્રમાણે આત્મા પોતાના સહજ શાંત નિરાકુળ વીતરાગ જ્ઞાન સ્વભાવને

છોડીને વિકારમય પરિણમન કરે છે. તેનું નામ અયથાર્થ આચરણ છે, જે મિથ્યાચારિત્રના નામે ઓળખાય છે. જીવની વિકારમય પરિણતિ જ દુઃખ છે કેમકે તે આકુળતામય છે, આ જ દુઃખનું સ્વરૂપ છે.

આ રીતે મિથ્યાજ્ઞાન, મિથ્યાદર્શન અને મિથ્યાચારિત્ર દુઃખના મૂળ કારણો છે. મિથ્યાજ્ઞાનથી મિથ્યાદર્શન હોય છે અને મિથ્યાદર્શનથી મિથ્યાચારિત્ર હોય છે. દોરડાને સાપ સમજવો મિથ્યાજ્ઞાન છે. તેનાથી દોરીમાં સર્પપણાનો વિશ્વાસ થવો તે મિથ્યાદર્શન છે. તે વિશ્વાસને કારણે પોતાના પ્રશાંત, ક્ષોભરહિત, નિસ્તરંગ સામ્યભાવને છોડીને ભયભીત થવું તે મિથ્યાચારિત્ર છે.

દુઃખથી સર્વથા મુક્ત થવા માટે દુઃખના મૂળ કારણો - મિથ્યાજ્ઞાન, મિથ્યાદર્શન અને મિથ્યાચારિત્રનું નિવારણ અનિવાર્ય છે. મિથ્યાજ્ઞાનના નિવારણનો ઉપાય તત્ત્વાર્થજ્ઞાન છે, કેમકે તત્ત્વાર્થજ્ઞાનથી જ્ઞાનમાં સમ્યક્પણું આવે છે, જેને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. મિથ્યાદર્શનના નિવારણનો ઉપાય તત્ત્વાર્થશ્રદ્ધાન છે કેમકે તત્ત્વાર્થશ્રદ્ધાનથી પ્રતીતિમાં સમીચીનતા આવે છે, જેને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. મિથ્યાચારિત્રના નિવારણનો ઉપાય તત્ત્વાચરણ (સ્વરૂપાચરણ) છે કેમકે સ્વરૂપાચરણથી રાગાદિ વિકાર પરિણતિની નિવૃત્તિ થાય છે.

તત્ત્વાર્થજ્ઞાનનું મૂળ સત્યાર્થ આગમ છે કેમકે તે સર્વજ્ઞ વીતરાગ પ્રણીત છે. સર્વજ્ઞ વીતરાગ પ્રરૂપિત તત્ત્વાર્થનું સ્વરૂપ પરમ પ્રમાણરૂપ છે કેમકે તેમાં મિથ્યા પ્રરૂપણાના મૂળ કારણ અજ્ઞાન અને રાગદ્વેષરૂપ પક્ષપાત - આ બંને દોષોનો સર્વથા અભાવ છે. અનેકાંતમય સ્વાદ્વાદ, અહિંસા અને વીતરાગતા - આ ત્રણ લક્ષણો સત્યાર્થ આગમની ઓળખાણ છે અર્થાત્ જેમાં અનેકાન્ત દૃષ્ટિથી સ્વાદ્વાદ શૈલીમાં વસ્તુસ્વરૂપનું નિરૂપણ કરવામાં આવ્યું હોય, જેમાં સૃષ્ટિના સર્વ જીવોના હિતોની રક્ષાનો બોધ નિરૂપિત હોય તથા જેમાં જીવને દુઃખમય રાગાદિ વિકારોથી મુક્ત કરીને વીતરાગ બનવાનો એકાંતિક ઉપદેશ હોય તેને સત્યાર્થ આગમ જાણવા જોઈએ.

સર્વજ્ઞપ્રણીત સત્યાર્થ આગમમાં વિશ્વને અનાદિ-નિધન કહેવામાં આવ્યું છે. વિશ્વમાં જે જે પદાર્થો છે તે અનાદિથી છે અને અનંતકાળ સુધી રહેશે. કોઈ પણ પદાર્થનો સર્વથા નાશ થતો નથી અને ન કોઈ નવીન દ્રવ્યની ઉત્પત્તિ થાય છે, માત્ર અવસ્થાન્તર થતું રહે છે. મૂળ દ્રવ્ય યથાવત્ રહે છે. જેમકે એ જ સુવર્ણ ક્યારેક હાર બને છે, ક્યારેક બાજુબંધ રૂપ થાય છે, ક્યારેક કંગનરૂપે પરિવર્તિત થાય છે, પરંતુ દરેક પરિવર્તિત અવસ્થામાં તે સુવર્ણરૂપે પોતાનું અસ્તિત્વ જાળવી રાખે છે, મૂળ અસ્તિત્વનો નાશ થતો નથી. આ રીતે વિશ્વના દરેક પદાર્થો નિરંતર પોતાને યોગ્ય સ્વભાવ-વિભાવરૂપ અવસ્થાઓમાં પરિવર્તિત થતાં રહે છે પરંતુ કોઈ પણ દ્રવ્યનું મૂળ સ્વરૂપાસ્તિત્વ કદાપિ નાશ પામતું નથી. પદાર્થ અનાદિ હોવાથી નિષ્કારણ છે તથા અનિધન હોવાથી નિત્ય છે - શાશ્વત છે. પદાર્થ પોતાની જ તત્સમયની યોગ્યતાથી યથાયોગ્ય નિમિત્તના યોગથી પોતાની સ્વભાવ-વિભાવરૂપ દશાને પ્રાપ્ત થાય છે તેમાં બ્રહ્માદિ કોઈ અન્યનું કાંઈ કર્તૃત્વ નથી. પદાર્થ સ્વયં પોતાની યોગ્યતાથી નવીન અવસ્થારૂપ ઉત્પન્ન થાય છે માટે તે સ્વયં બ્રહ્મા છે. પદાર્થની તે અવસ્થાવિશેષનો નાશ પદાર્થની પોતાની યોગ્યતાના કારણે જ થાય છે માટે પ્રત્યેક પદાર્થ સ્વયં જ પ્રલયકારી મહેશ છે તથા પદાર્થ પોતાના સ્વવીર્યથી જ યથાયોગ્ય કાળ સુધી પોતાના પર્યાયવિશેષમાં ટકી રહે છે માટે પદાર્થ સ્વયં જ પાલનકર્તા વિષ્ણુ છે, અલગથી વ્યક્તિરૂપે કોઈ બ્રહ્મા, વિષ્ણુ, મહેશનું અસ્તિત્વ નથી કે જે સૃષ્ટિના કર્તા, ધર્તા અને હર્તા હોય. પદાર્થ સ્વયં પોતાનો કર્તા, ધર્તા અને હર્તા છે.

પ્રત્યેક પદાર્થ પોતાની નિજ ઉપાદાન શક્તિથી તથા યોગ્ય નિમિત્તનો યોગ પ્રાપ્ત કરી પોતાની જ તદ્યોગ્ય પર્યાયોમાં પરિણમન કરે છે, કોઈ અન્ય દ્રવ્યરૂપ ક્યારેય થતો નથી. જીવ જીવરૂપે જ

પરિણમન કરે છે, જડરૂપ નહીં અને જડ જડરૂપે જ પરિણમન કરે છે, ચેતનરૂપ કદાપિ નહીં. આ કારણે વિશ્વમાં જેટલા પદાર્થો છે તેટલા જ અસ્તિત્વમાં રહે છે, હાનિ-વૃદ્ધિ થતી નથી. આ પ્રમાણે આ વિશ્વ અનાદિકાળથી પોતાની નૈસર્ગિક મર્યાદાઓમાં રહીને સ્વયંચાલિત છે, પરમાર્થથી કોઈ કોઈનું કારણ નથી.

સર્વજ્ઞપ્રણીત આગમમાં વિશ્વને ષટ્ દ્રવ્યાત્મક કહેવામાં આવ્યું છે અર્થાત્ સમગ્ર અસ્તિત્વ (વિશ્વ) જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ - આ છ દ્રવ્યોનો સમૂહ છે. પ્રત્યેક દ્રવ્ય અનંત ગુણધર્મ અને અનંતાનંત પર્યાયવાળા છે. જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય, સ્પર્શ, રસ વગેરે શક્તિઓનું નામ ગુણ અથવા ધર્મ છે. મતિજ્ઞાન, ચક્ષુદર્શન, હર્ષ, મનોબળ, શીત, ઉષ્ણ, ખાટો, મીઠો ઇત્યાદિરૂપ તે શક્તિઓના પરિણમનનું નામ પર્યાય છે. પદાર્થનું પરિણમન બે પ્રકારે થાય છે - એક સૂક્ષ્મ પરિણમન તથા બીજું સ્થૂળ પરિણમન. સૂક્ષ્મ પરિણમન પ્રતિસમય થતું રહે છે અને તે કેવળજ્ઞાનગમ્ય છે. આ કારણે પદાર્થમાં ઉત્પાદ - વ્યય પણ નિરંતર થતાં રહે છે. પ્રતિસમય થતાં આ સૂક્ષ્મ પરિણમનને અર્થપર્યાય કહેવામાં આવે છે. બીજું, સ્થૂળ પરિણમન અનેક સમયવર્તી હોય છે તથા તે સ્થૂળ જ્ઞાનવાળાઓને પણ ગમ્ય છે. જ્ઞાનગમ્ય સ્થૂળ પરિણમનને વ્યંજન પર્યાય કહેવામાં આવે છે. વસ્તુતઃ સ્થૂળ પરિણમન પણ સૂક્ષ્મ પરિણમનનું જ ફળ છે. ધીમે ધીમે થનારું સૂક્ષ્મ પરિવર્તન જ્યારે આપણા સ્થૂળ જ્ઞાનોપયોગમાં આવે છે ત્યારે તેને વ્યંજન પર્યાય તરીકે ઓળખવામાં આવે છે. વાસ્તવમાં તો જે અવસ્થા જે સમયે બનવાની પ્રારંભ થાય છે તે સમયે તેનો વિનાશ પણ પ્રારંભ થઈ જાય છે. જેમકે મનુષ્યપર્યાયમાં જ્યારથી જન્મ થાય છે તે સમયથી તેના વિનાશનો પણ પ્રારંભ થઈ જાય છે. પરંતુ મનુષ્યપર્યાયમાં અન્તર્નિહિત ચેતનદ્રવ્ય સદૈવ વિદ્યમાન રહે છે. આ રીતે સમસ્ત દ્રવ્યોની ગુણ-પર્યાયોની વ્યવસ્થા જાણવી જોઈએ.

(ક્રમશઃ)

## આચાર્ય શિરોમણિ પરમપૂજ્ય ૧૦૮ શ્રી વિદ્યાસાગર મુનિમહારાજને વિનયાંજલી

સર્વતોમુખી સાધના-સેવાની જીવંત પ્રતિમારૂપ પ્રાતઃસ્મરણીય આચાર્યશ્રી વિદ્યાસાગરજી મહામુનિમહારાજને ત્રિયોગપૂર્વક શત્ શત્ નમોઽસ્તુ.

આ પંચમકાળમાં આપણા માટે તેઓશ્રી શ્રી વર્ધમાન પ્રભુ જ હતા. પૂજ્ય સાહેબજી તથા સકલ સંઘ સાથે અમે તેમના દર્શને ૧૯૭૭ માં કુંડલપુર તીર્થમાં ગયા હતા ત્યારે તેમની પ્રસન્ન મુદ્રા નીરખી સૌને ખૂબ આનંદ થયો હતો. તેઓએ અમારી જિજ્ઞાસાની પરીક્ષા કરી હતી. અમે બોધ માટે સમય માગ્યો ત્યારે તેઓએ કહ્યું. ''समय तो नही है परंतु आप चाहे तो ले सकते हो ।'' પછી તેઓ પહાડી ઉપર ધ્યાન માટે ચાલ્યા ગયા. અમે પૂછ્યું ત્યારે સૌએ કહ્યું કે એ તો પહાડી ઉપર ગયા છે. તેથી અમે સૌ તરત જ ઉપર ગયા. અમને જોઈ તેઓએ મધુર સ્મિત આપ્યું અને થોડો બોધ આપ્યો. પૂજ્યશ્રી ખૂબ પ્રભાવિત થયા. અમે સૌ દર વર્ષે એક થી બે વાર તેમના દર્શને જતા. ઘણા યુવા મુમુક્ષુઓએ તેમની પાસે બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કર્યું હતું.

આજે આપણે સૌ સમસ્ત ભારતની પ્રજા તેમના વિરહથી વ્યાકુળ છીએ, પણ હવે આ વિરહની વેદનાને તેમના અગણિત ગુણોની ઉપાસનામાં લગાવીએ, જેથી આપણો આ ભવ સફળ થશે. આપણા ઉપર તેમનો અનંત ઉપકાર છે. તેમની સમતા, પ્રભુ-ગુરુ ભક્તિ, વાત્સલ્ય યુક્ત વ્યક્તિત્વ, તેમનું ઉત્કૃષ્ટ ચારિત્ર, જ્ઞાનભંડાર તથા વિશિષ્ટ પ્રવચનશૈલીથી સૌ કોઈ પ્રભાવિત થઈ જાય છે. તેમની પ્રસન્નતા તથા મુખમુદ્રાની મુસ્કાન અલૌકિક છે. છેલ્લા થોડા વર્ષોમાં દેશના ઉત્થાન તથા દેશસેવાને ખૂબ પ્રોત્સાહન આપ્યું તે અદ્ભુત છે. સમગ્ર ભારત દેશ તેમનો ઋણી છે.

અત્યારે તેઓ સદેહે વિદ્યમાન નથી પણ તેમની અપૂર્વ વાણી દ્વારા આપણાં માટે પ્રત્યક્ષ છે. આચાર્યશ્રીના અલૌકિક વચનો આપણને પરમ શરણરૂપ છે.

ગુરુ ગણધર ગુણધર અધિક પ્રચુર પરંપર ઔર
વ્રત તપધર નગનધર, વંદો વૃષ સિરમૌર.

**સમગ્ર કોબા પરિવાર વતી**
**પૂજ્ય બહેનશ્રી ડૉ. શર્મિષ્ઠાબેન સોનેજી**

# ષોડશ ભાવના (સોળ કારણ ભાવના)

બા.બ્ર. કપિલભૈયા

"ભાવો ણામ દવ્વપરિણામો"- ધવલા (૫/૧, ૭)

અર્થાત્ દ્રવ્યના પરિણામને ભાવ કહે છે. લોકમાં જેટલા પણ દ્રવ્ય છે તે બધા પોતપોતાના વિશિષ્ટ ભાવોને ધારણ કરેલા છે. ષટ્દ્રવ્યાત્મક લોકમાં જીવ (આત્મા), પુદ્ગલ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળ-આ છ દ્રવ્ય અવસ્થિત છે. આ બધાય દ્રવ્ય પરિણમનશીલ છે. માટે કોઈના કોઈ ભાવસ્વરૂપ છે. આમાં પુદ્ગલ દ્રવ્ય તો મૂર્તભાવરૂપ છે એટલે કે સ્પર્શ, રસ, ગંધ, વર્ણ સહિત છે અને આત્મા આદિ પાંચ દ્રવ્ય અમૂર્તભાવરૂપ છે એટલે કે સ્પર્શ,રસ, ગંધ તથા વર્ણ રહિત હોવાથી અદૃશ્ય છે, અરૂપી છે. તેમાં પણ આત્મા ચૈતન્ય-જ્ઞાન ભાવથી સહિત છે.

ભાવ શબ્દ 'ભૂ' ધાતુથી બનેલો છે, જેનો અર્થ છે 'હોવું' કે 'થવું'. કહ્યું પણ છે 'ભવનં ભવતીતિ વા ભાવઃ' અર્થાત્ હોવું માત્ર કે જે થાય છે, હોય છે તે ભાવ છે. આ જ 'ભૂ' ધાતુમાં 'ણિચ્' 'લ્યુટ્' અને 'ટાપ્' ; એ ત્રણ પ્રત્યય જોડવાથી 'ભાવના' શબ્દ બને છે.

ભૂ+ણિચ્+લ્યુટ્+ટાપ્ = ભાવના

ભાવના શબ્દના ઘણા અર્થ થાય છે. જેમકે ચિંતન-મનન કરવું, પ્રફુલ્લિત થવું, નિરીક્ષણ કરવું, રસયુક્ત થવું, ગવેષણા કરવી, સુવાસિત કરવું, નિર્ધારણ કરવું, અનુપ્રેક્ષણ કરવું, ધારણ કરવું અને પ્રગટ કે ઉત્પન્ન કરવું ઇત્યાદિ.

પૂર્વોક્ત ષટ્દ્રવ્યોમાં આપણે આત્મદ્રવ્ય છીએ. આપણું ભિન્ન ભિન્ન પ્રકારે પરિણમન જ આપણો ભાવ છે અને એ ભાવોથી-પરિણામોથી સંયુક્ત થવું તે 'ભાવના' છે. આત્માનું પરિણમન મુખ્યત્વે બે પ્રકારે થાય છે- શુદ્ધ પરિણમન અને અશુદ્ધ પરિણમન. સ્વભાવગત પરિણમન શુદ્ધ છે અને વિભાવગત પરિણમન અશુદ્ધ છે. અશુદ્ધ પરિણમનમાં શુભ અને અશુભરૂપે પરિણમન સમાહિત થઈ જાય છે. એ જ પ્રકારે ભાવનાઓના પણ આ ત્રણ પ્રકાર સિદ્ધ થાય છે. શુદ્ધ આત્મિક સ્વભાવના પરિણમન સ્વરૂપ નીપજેલી ભાવનાઓ શુદ્ધ ભાવનાઓ છે, શુભભાવરૂપ ભાવનાઓ શુભ ભાવનાઓ છે અને આત્મિક પરિણતિને મેલી (અશુદ્ધ) કરવાવાળી ભાવનાઓ અશુદ્ધ ભાવનાઓ છે. એમને સંકિલષ્ટ ભાવનાઓ પણ કહેવામાં આવે છે. કાંદર્પી (કામચેષ્ટારૂપ), કૈલ્વિષી (ક્લેશરૂપ) આદિ પાંચ ભાવનાઓ અને સર્વ આર્ત્ત, રૌદ્ર, અપધ્યાનરૂપ ભાવનાઓ અશુભ ભાવનાઓ છે. મૈત્રી આદિ ચાર ભાવનાઓ, અનિત્યાદિ બાર ભાવનાઓ, સોળ કારણ ભાવનાઓ, વ્રતોની પાંચ પાંચ ભાવનાઓ-એ બધી શુભ ભાવનાઓ છે અને શુદ્ધાત્મામાં લીન પરિણામ શુદ્ધ ભાવનારૂપ છે અથવા શુદ્ધ આત્મસ્વરૂપ પ્રત્યે લઈ જવાથી શુભ ભાવનાઓને પણ કારણમાં કાર્યનો ઉપચાર કરીને શુદ્ધ ભાવનાઓ કહી શકાય.

આત્મા ઉપયોગ સ્વરૂપ છે, જ્ઞાન-દર્શન સ્વરૂપ છે. ઉપયોગને સરળ શબ્દોમાં ચિત્તવૃત્તિ પણ કહી શકાય. આચાર્ય ભગવંત શ્રીકુંદકુંદસ્વામી શ્રી 'પ્રવચનસાર' નામના ઉત્કૃષ્ટ અધ્યાત્મ ગ્રંથમાં કહે છે કે -

**परिणमदि जेण दव्वं तक्कालं तम्मयत्ति पण्णत्तं।**
**तम्हा धम्म परिणदो आदा धम्मो मुणेदव्वो ॥ ८॥**

અર્થાત્ દ્રવ્ય જે સમયે જે ભાવરૂપે પરિણમે છે તે દ્રવ્ય તે સમયે તે ભાવમય (તન્મય) હોય છે, એમ સર્વજ્ઞદેવે કહ્યું છે, માટે ધર્મરૂપે પરિણમેલો આત્મા સાક્ષાત્ ધર્મ જ છે, એવું જાણવું જોઈએ.

એમાં દૃષ્ટાંત આપ્યું છે કે જેમ સ્ફટિક મણિથી ભિન્ન ભિન્ન પુષ્પોનો સંયોગ કરાવવામાં આવે તો તે મણિ લાલ, કાળા આદિ રંગરૂપે પરિણમિત થાય છે તેમજ આત્મા પણ પરિણમનશીલ હોવાથી શુભ, અશુભ અને શુદ્ધ ભાવરૂપ પરિણમન કરવાથી શુભ, અશુભ અને શુદ્ધરૂપ થાય છે. આ સિદ્ધાંત અનુસાર આત્મા જ્યારે અશુભ ભાવનાઓ કરે છે

ત્યારે સ્વયં અશુભરૂપ થાય છે, જ્યારે શુભ ભાવનાઓ કરે ત્યારે શુભરૂપ થાય છે અને જ્યારે આ જ શુભ ભાવનાઓ શુદ્ધ આત્માના લક્ષે કરવામાં આવે તો ક્રમશઃ શુદ્ધરૂપ પરિણત થાય છે.

મૈત્રી, કરુણા, ગુણપ્રમોદ અને માધ્યસ્થ ભાવના તથા અનિત્ય આદિ બાર ભાવનાઓથી તો બધા પાઠકગણ પરિચિત છે. માટે અત્રે આપણે વિશેષરૂપે સોળ કારણ ભાવનાઓ વિષે જાણવાનો પ્રયત્ન કરીશું કે જેનું વીતરાગ આમ્નાયમાં મહત્ત્વપૂર્ણ સ્થાન છે. આચાર્ય ભગવન્ શ્રી ઉમાસ્વામીદેવે શ્રી તત્ત્વાર્થસૂત્ર ગ્રંથમાં છઠ્ઠા અધ્યાયના ચોવીસમાં સૂત્રમાં આનો ઉલ્લેખ કરતા કહ્યું છે કે આ સોળ કારણ ભાવનાઓ 'તીર્થંકર નામકર્મના' આસ્રવમાં નિમિત્ત કારણ છે -

**दर्शन विशुद्धि-र्विनयसंपन्नता शीलव्रतेष्वनतिचारोऽभीक्ष्णज्ञानोपयोग - संवेगौ शक्तितस्त्याग-तपसी साधुसमाधिर्वैयावृत्य करण मर्हदाचार्य बहुश्रुत - प्रवचनभक्ति - रावश्यकापरिहाणिर्मार्ग प्रभावना-प्रवचनवत्सलत्वमिति - तीर्थकरत्वस्य ॥२८॥**

અર્થાત્ દર્શનવિશુદ્ધિ, વિનયસંપન્નતા, શીલ અને વ્રતોમાં નિરતિચારપણું, અભીક્ષ્ણ જ્ઞાનોપયોગ, અભીક્ષ્ણ સંવેગ, શકિતતઃ ત્યાગ, શક્તિતઃ તપ, સાધુસમાધિ, વૈયાવૃત્તિ, અરિહંત ભક્તિ, આચાર્ય ભક્તિ, ઉપાધ્યાય (બહુશ્રુત) ભક્તિ, પ્રવચન ભક્તિ, ષટ્ આવશ્યકોમાં નિયમિતપણું, માર્ગપ્રભાવના અને પ્રવચન વાત્સલ્ય; આ તીર્થંકર નામકર્મના આસ્રવના કારણ છે. અહીં ભાવનાનો અર્થ માત્ર ચિંતન-મનન કરવું નથી. આપણે પહેલા 'ભાવના'ના ઘણા અર્થો જોયા હતા. અહીં ભાવનાનો અર્થ ધારણ કરવાથી કે પ્રગટ કરવાથી છે. એટલે કે અતિચાર રહિત નિર્મળ સમ્યગદર્શનને ધારણ કરવું, વિનયગુણથી સંપન્ન થવું, શીલ તથા વ્રતોને અતિચાર રહિત પાળવા, સમ્યગ્જ્ઞાનમાં ઉપયોગનું નિરંતર લાગ્યા રહેવું, સંસારના દુઃખોથી ભયભીત થઈને નિરંતર મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ કરવી, યથાશક્તિ દાનાદિમાં પ્રવૃત્ત થવું, શક્તિપ્રમાણે શક્તિને ગોપવ્યા વિના તપ કરવું, સાધુઓની સમાધિમાં-સાધનામાં આવવાવાળા વિઘ્નોનું નિવારણ કરવું, ચતુર્વિધ સંઘની તન-મન-ધનથી વૈયાવૃત્તિ કરવી, અરિહંત પરમેષ્ઠી, આચાર્યપરમેષ્ઠી, ઉપાધ્યાય પરમેષ્ઠી તથા તેઓની દિવ્યવાણીમાં ભાવવિશુદ્ધિ સહિત અનુરાગ-અહોભાવ રાખવો, આવશ્યકો કે કરણીય કાર્યોમાં યથાસમય નિયમિતપણે પ્રવૃત્તિ કરવી, મોક્ષમાર્ગનો ઉદ્યોત કરવો અને મહાત્માઓ તથા સહધર્મીઓ પ્રત્યે નિષ્કપટ વાત્સલ્યભાવ રાખવો.

હવે, અહીં સ્વાભાવિકપણે પ્રશ્ન થાય છે કે નિર્મળ સમ્યક્ત્વ આદિતો સ્વભાવરૂપ છે અને નિર્જરાના કારણ છે તો એનાથી પુણ્યબંધ કેવી રીતે થઈ શકે, કેમકે તીર્થંકર નામકર્મ પણ પુણ્યપ્રકૃતિ છે.

આનું સમાધાન છે કે સમ્યકત્વ, સમ્યક્ તપ, ત્યાગ, વિનય; એ બધા નિઃસંદેહ સંવર-નિર્જરાના કારણ છે પણ તે સમયે આત્મામાં શુભોપયોગરૂપ-મંદરાગરૂપ જે પરિણામો થાય છે તેનાથી શુભાસ્રવ થાય છે. જેટલી જેટલી અંતરંગ કષાયશક્તિ ઘટે અને વિશુદ્ધિ થાય તેટલી તેટલી તો નિર્જરા છે અને જેટલો જેટલો શુભભાવ છે તેટલો તેટલો શુભાસ્રવ છે, એવું જાણવું જોઈએ. 'શ્રીમોક્ષમાર્ગ પ્રકાશક'માં પંડિતશ્રી ટોડરમલજીએ સાતમા અધિકારમાં સંવરતત્ત્વ અને નિર્જરા તત્ત્વના યથાર્થ શ્રદ્ધાનવાળા પ્રકરણમાં પણ આ ઉલ્લેખ કર્યો છે અને કહ્યું છે કે આવા મિશ્રભાવરૂપ પરિણામોમાં જેટલો અંશ વીતરાગતાનો છે, તેનાથીતો સંવર-નિર્જરા છે અને જેટલો અંશ મંદરાગરૂપ સરાગતાનો છે તેનાથી પુણ્યાસ્રવ માનવો જોઈએ.

આ પ્રકારે આ સોળ ભાવનાઓથી તીર્થંકર નામકર્મ બંધાય છે. આમાં પણ દર્શનવિશુદ્ધિ ભાવના પ્રધાન છે. એ નહીં હોય અને બીજી બધી ભાવનાઓ હોય તો તેથી કાર્ય સિદ્ધ ન થાય કેમકે આચાર્યશ્રી કહે છે કે એના વિના બીજી ભાવનાઓ પણ સમ્યક્ હોઈ શકે નહીં. માટે સર્વ પ્રથમ નિર્મળ સમ્યક્ત્વની પ્રાપ્તિનો ઉદ્યમ કરવો જોઈએ. આ ભાવનાઓ એક એક ભિન્ન-ભિન્ન પણ અને સમુદાયરૂપે યુગપત્ પણ આચરવામાં - ભાવવામાં આવે તો પણ તીર્થંકર નામકર્મ બંધાઈ શકે છે. આચાર્ય વીરસેન સ્વામી

કહે છે કે જ્યાં આમાંથી એક પણ ભાવના હોય તેમાં બધી ભાવનાઓ અવિનાભાવી રૂપે હોય છે.

તીર્થંકર નામકર્મના બંધમાં વિશેષ એ છે કે ચારે સમ્યક્ત્વમાંથી (પ્રથમોપશમ સમ્યકત્વ, દ્વિતીયોપશમ સમ્યક્ત્વ, ક્ષાયોપશમિક સમ્યકત્વ અને ક્ષાયિક સમ્યક્ત્વ) કોઈપણ એક સમ્યકત્વવાળો જીવ કેવળી કે શ્રુતકેવળીના પાદમૂળમાં રહીને એટલે કે નિકટતા પ્રાપ્ત કરીને ઉપરોક્ત ભાવનાઓ ભાવે તો જ તીર્થંકર નામકર્મનો બંધ થાય છે. આ બંધ પ્રારંભ કરવાવાળો જીવ કર્મભૂમિનો મનુષ્ય જ હોઈ શકે છે. હા, એટલું અવશ્ય છે કે તિર્યંચ સિવાય ત્રણેય ગતિમાં આનો બંધ થઈ શકે પણ પ્રારંભ તો ઉપર કહ્યા પ્રમાણે જ થઈ શકે છે. જો પહેલા મનુષ્યાયુ કે તિર્યંચાયુ બંધાઈ ગઈ હોય તો તીર્થંકર પ્રકૃતિ નહીં બંધાય. એકવાર બંધ પ્રારંભ કર્યા પછી જો સમ્યકત્વથી ભ્રષ્ટ ના થાય તો ઉત્કૃષ્ટરૂપે અંતર્મુહૂર્ત અધિક આઠવર્ષ કમ બે કોટિપૂર્વ અધિક તેત્રીસ સાગર પ્રમાણ કાળ પર્યંત આનો નિરંતર બંધ થાય છે. ચોથા ગુણસ્થાનથી માંડીને આઠમાંના છઠ્ઠા ભાગ પર્યંત આનો બંધ થાય છે. વિશેષ માહિતી માટે જિજ્ઞાસુઓએ ગોમ્મટસાર કર્મકાંડ કે ધવલા આદિ ગ્રંથોનો અભ્યાસ કરવો જોઈએ.

જ્ઞાનીજીવો તીર્થંકર પદના લક્ષે આ ભાવનાઓનું ભાવન-આચરણ નથી કરતા, તેઓ તો નિષ્કામપણે, નિરીહભાવે આત્મલીનતાની સાધના કરે છે. તેના વિપાકરૂપે સર્વોત્કૃષ્ટ પદની પ્રાપ્તિ કરાવાવાળા તીર્થંકર પદના તેઓ અધિકારી થઈ જાય છે. કૃપાળુદેવ કહે છે કે "આતમભાવના ભાવતા જીવ લહે કેવળજ્ઞાન રે" એટલે કે શુદ્ધાત્મસ્વરૂપની ઉપલબ્ધિની ભાવના કરતા કરતા એટલે કે આપણા પરિણામોને વારંવાર આત્મરૂપ કરવાની ભાવના કરતા કરતા ક્રમશઃ સ્વરૂપલીનતા થાય છે, જેના વિપાકે અનંત આનંદમય કેવળજ્ઞાન પ્રગટે છે.

જ્ઞાનીજીવો વિચારે છે કે અહો! કેવો ઉત્કૃષ્ટ આ માર્ગ છે. સાચા અંતઃકરણથી જો આની આરાધના કરવામાં આવે તો અલ્પકાળમાં શાશ્વત આનંદની પ્રાપ્તિ અને સર્વદુઃખોથી મુક્તિ થઈને સ્વરૂપમાં અવસ્થાન થઈ જાય છે. માટે જગતના બધાય જીવો આવાં નિર્દોષ અને ભવ્યજીવો માટે એક જ શરણરૂપ એવાં સર્વજ્ઞના વીતરાગપંથને પામી પોતાનું આત્મકલ્યાણ કરે. 'સર્વજીવ કરું શાસન રસિક' આવા ઉપરોક્ત ભાવથી જેમનું ચિત્ત સુવાસિત થયું છે એવા વિરલા મહાત્માઓ જ તીર્થંકર પદ પ્રાપ્ત કરીને સાદિઅનંત સમાધિસુખમાં પ્રતિષ્ઠિત થઈ જાય છે.

હવે આપણે મધ્યમ વિસ્તારથી આ સોળ ભાવનાઓના સ્વરૂપનો વિચાર કરીશું, જેથી એનું સ્વરૂપ સમજીને ચિંતનમાં લેવાથી ભાવોની અત્યંત વિશુદ્ધિ થાય અને એક એક ભાવનાથી આત્મિક ગુણોનું માહાત્મ્ય સમજાય અને ક્રમશઃ એમની પ્રાપ્તિ માટે ઉદ્યમવંત થવાય.

(ક્રમશઃ)

## શ્રી સદ્‌ગુરુપ્રસાદ...

**પાના નં. ૫ પરથી ચાલુ...**

અને નિવૃત્તિ કાળને, સત્સંગને અને આત્મવિચારને વિષે અમને પ્રતિબદ્ધ રુચિ રહે છે. તે જોગ કોઇ પ્રકારે પણ જેમ બને તેમ થોડા કાળમાં થાય તે જ ચિંતનામાં અહોરાત્ર વર્તીએ છીએ.

આપના સમાગમની હાલમાં વિશેષ ઇચ્છા રહે છે, તથાપિ તે માટે કંઇ પ્રસંગ વિના યોગ ન કરવો એમ રાખવું પડ્યું છે અને તે માટે બહુ વિક્ષેપ રહે છે.

તમને પણ ઉપાધિજોગ વર્તે છે. તે વિકટપણે વેદાય એવો છે, તથાપિ મૌનપણે સમતાથી તે વેદવો એવો નિશ્ચય રાખજો. તે કર્મ વેદવાથી અંતરાયનું બળ હળવું થશે.

શું લખીએ ? અને શું કહીએ ? એક આત્મવાર્તામાં જ અવિચ્છિન્ન કાળ વર્તે એવા તમારા જેવા પુરુષના સત્સંગના અમે દાસ છીએ. અત્યંત વિનયપણે અમારો ચરણ પ્રત્યયી નમસ્કાર સ્વીકારજો. એ જ વિનંતી.

દાસાનુદાસ રાયચંદના પ્રણામ વાંચજો.

●●●

પરમનો સ્પર્શ-૧૪૭

# સહજનો કરીએ સ્વીકાર

પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

સાવ સહજને સર્વથા અસહજ બનાવવાની કળા આપણને વરેલી છે. જે તદ્દન કુદરતી છે, તેને કૃત્રિમ બનાવવાની વૃત્તિ આપણામાં ઘર કરી ગઈ છે. જીવનની સામાન્ય ઘટનાઓમાં આપણે ચમત્કાર જોવા માંડીએ છીએ અને જીવનની સ્વાભાવિક બાબતોને કેટલીય અસ્વાભાવિકતાથી ઠાંસી ઠાંસીને ભરી દઈએ છીએ.

જરા દૃષ્ટિ કરીએ કે જીવનમાં વ્યક્તિ સંસારને બંધન માને છે, ધનસંપત્તિને બંધન ગણે છે, ભૌતિક ચીજવસ્તુઓને મુક્તિના માર્ગનો મહાઅવરોધ ગણે છે અને જાણે સંસાર કે આ સઘળી વસ્તુઓ એને બાંધી રાખતી હોય એવો દેખાવ કરે છે. હકીકતમાં પોતે રાગમાં ફસાયેલો છે અને ત્યાગનો દેખાવ કરે છે. ધનસંપત્તિ એ એને માટે બંધનરૂપ નથી, પરંતુ એણે એના મનનો દોર ધનસંપત્તિ સાથે બાંધ્યો છે. સંસારને છોડવો હોય તો એ છોડી શકે છે, પરંતુ એ કહે છે કે સંસાર મને છોડતો નથી. આ તો એવી વાત થઈ કે વ્યક્તિ વૃક્ષના થડને વળગી પડે અને પછી બૂમો પાડે કે થડ મને છોડતું નથી. આનો અર્થ જ એ છે કે બંધનો બહાર નથી પણ આપણા મનની ભીતરમાં વસેલાં છે.

સાધનાના માર્ગમાં આ બધી જ બહારની બાબતોને બંધન માનીને આપણે કેવી મોટી અને ગંભીર ભૂલ કરી છે. સંપત્તિનો સાહજિક ત્યાગ કરવાને બદલે આટલી સંપત્તિને 'ઠોકર મારી' એમ કહીને ત્યાગને બદલે રાગનો મહિમા કરીએ છીએ. આપણી વૃત્તિઓને રાગ વિશેષ પસંદ છે અને તેથી એનું ગાન કરવામાં એને અતિ આનંદ અને ભારે મજા આવે છે. ચિત્ત સંસારમાં ચોંટેલું હોય અને પછી જ્યારે એનો ત્યાગ કરવામાં આવે, ત્યારબાદ આ સંસાર કેવો જકડી રાખનારો છે એવો ઉપદેશ અપાય છે. સંસારમાં રહેનાર માનવીને નરકમાં ખદબદતા કીડાઓ તરીકે વર્ણવવામાં આવે છે. આનું કારણ એ છે કે આ વ્યક્તિએ ભલે સંસાર છોડ્યો હોય, છતાં એનું ચિત્ત તો સંસારમાં જ ચોંટેલું છે.

આપણી સૌથી મોટી ભૂલ એ છે કે આપણે સહજનો સ્વીકાર કરતા નથી. જે માનવી પોતાના સંસારનો સહજતાથી ત્યાગ કરે, તે જ સાચો ત્યાગી ગણાય, પરંતુ આપણે તો કોઈપણ બાબત પર આડંબરના આવરણ ચડાવી દઈએ છીએ અથવા તો એના પર વિકૃતિના લેપ લગાડી દઈએ છીએ. લગ્નમાં સત્કાર સમારંભના આયોજકો વર-કન્યાને 'આશીર્વાદ આપવા' માટે બોલાવે છે, પણ વરકન્યા એટલા બધા મોડા આવે કે એમના માતા-પિતાને આશીર્વાદ આપીને સ્વજનોને વિદાય લેવી પડે છે!

આનો અર્થ જ એ કે આશીર્વાદ એ તો માત્ર વ્યવહારની વાત થઈ, વાસ્તવિકતા નથી. એવી જ રીતે આપણા મૃત્યુના વ્યવહારોમાં પણ સ્વીકારને બદલે અસ્વીકારનો ભાવ વધુ જોવા મળે છે. એ સાચું કે માનવી બીજાના મૃત્યુને જુએ છે, એની સ્મશાનયાત્રામાં કે અંતિમ વિધિમાં સામેલ થાય છે, પરંતુ એ પછી એની આસપાસ રિવાજોના અનેક કિલ્લા રચી દેવામાં આવે છે. હકીકતમાં એક સીધી-સાદી સમજણનો અભાવ જોવા મળે છે કે જેનો જન્મ છે એનું મૃત્યુ છે, પણ આપણે મૃત્યુને અમંગલ કહ્યું છે. એને અશુભ દર્શાવવા માટે અનેક ક્રિયાકાંડો ખડા કર્યા છે.

સહજના સ્વીકારને બદલે અસહજની અભેદ્ય દીવાલ સર્જી છે અને તેથી પરિણામ એ આવે છે કે દેહની નશ્વરતાને નહીં જાણતી વ્યક્તિને બીજાના મૃત્યુની ઘટનાથી કશી ઝાઝી અસર થતી નથી, પરંતુ પોતાના મૃત્યુના ભયથી એ થરથરવા લાગે છે. એ મૃત્યુની સાહજિકતાનો સ્વીકાર કરી શકતો નથી. કવિવર રવીન્દ્રનાથ ટાગોર જેવા કોઈક જ હોય કે જે એમ કહે કે 'મૃત્યુ એ તો પ્રભુનું નિમંત્રણ છે. જ્યારે એ આવે ત્યારે દ્વાર ખોલીને એનું સ્વાગત

કરવું જોઈએ અને એનાં ચરણોમાં હૃદયધન સોંપીને એનું અભિવાદન કરવું જોઈએ.'

આપણા દેશમાં મૃત્યુ વિશે ઘણું ચિંતન કરવામાં આવ્યું છે. ક્યારેક તો એમ લાગે કે અધ્યાત્મને માર્ગે જનાર જીવનને બદલે મૃત્યુથી જ એની વિચારધારાનો આરંભ કરે છે. એવી શંકા પણ જાગે કે શું આ અધ્યાત્મચિંતકોને મૃત્યુની ઘણી ફિકર હશે? તેથી જ એને જીવનને છેડે રાખવાને બદલે જીવનની સાવ લગોલગ મૃત્યુની વાત કરે છે. જે સહજ છે એને માટે આટલી બધી ચર્ચાવિચારણા અને ચિંતન!

આનું ક્યારેક વિપરીત પરિણામ પણ આવ્યું છે. મૃત્યુના અતિ ચિંતને જીવાતા જીવનની ઉપેક્ષા કરી છે. એને આ જીવનનો મહિમા સમજાતો નથી અને એને પરિણામે એ આ જીવનને જ નહીં, બલ્કે જન્મને પણ દુઃખરૂપ માને છે. મનુષ્ય જીવનને હીણું ચીતરવામાં કશું બાકી રાખતા નથી. આને પરિણામે જીવાતા જીવન પ્રત્યે એક ઘોર ઉદાસીનતા કેળવાય છે. એમાંથી નિરાશા અને નિષ્ક્રિયતા જાગે છે અને વ્યક્તિ એના જીવનની કિંમતી પળોને સર્વથા વેડફી નાખે છે.

હકીકત તો એટલી સીધીસાદી છે કે આ શરીર નાશવંત છે અને એનો એક દિવસ નાશ નિશ્ચિત છે. પણ એ શરીર નાશવંત હોવાથી જીવન નિર્માલ્ય નથી. નિશ્ચિત મૃત્યુ હોવાથી જીવનનો કશોય મહિમા નથી એવું સાબિત કરવું એ તો જીવન પ્રત્યેનો ઘોર અપરાધ છે. પણ મૃત્યુથી ગ્રસિત એવા લોકો જીવનની કિંમત જાણી શકતા નથી. દેહની નશ્વરતાની ઉપેક્ષા કરીને માનવીએ પોતે જ પોતાની સામે મૃત્યુનો મહાભય ખડો કર્યો છે. આપણી વ્યવહારિક વાતોમાં વારેવારે દેહની નશ્વરતાની વાત કરીએ છીએ. 'કાલ કોણે દીઠી છે' એમ કહીને મૃત્યુ ક્યારે આવશે એની કશી ખબર નથી, એમ ભારપૂર્વક જણાવીએ છીએ.

આ 'માટીની કાયા'નો કશો ભરોસો નથી કે માણસ તો 'રાખનું રમકડું' છે એમ બતાવવામાં આવે છે, પણ વ્યક્તિ ખરેખર એ સ્વીકારવા તૈયાર હોતી નથી કે પોતાનો દેહ એ પણ રમકડું છે. એ બીજાં રાખનાં રમકડાંને જુએ છે, માત્ર પોતે પોતાના રાખનાં રમકડાંનો અસ્વીકાર કરે છે. આનું પરિણામ એ આવ્યું કે આપણે જિંદગીની એક એક પળની કિંમત ચૂકી ગયા. ભગવાન મહાવીર એમના પરમ શિષ્ય ગૌતમ ગણધરને કહે છે કે 'એક પળનો પણ પ્રમાદ કરીશ નહીં.' એનો અર્થ એ છે કે આ જીવન અત્યંત કિંમતી છે અને એની પ્રત્યેક ક્ષણનો તારે ઉપયોગ કરવો જોઈએ. જીવાતું જીવન એક અવસર છે અને એ અવસરને તારે માણવો જોઈએ. એ અવસરની ઉપેક્ષા કરીને મૃત્યુનો વિચાર કરવો યોગ્ય નથી.

કોઈ પિતા કન્યાવિદાય સમયે આવતાં આંસુઓનો વિચાર કરીને કન્યાનો વિવાહ જ કરે નહીં, તે કેવું ? એટલે કે આ શરીર નશ્વર હોવાથી જ એની પ્રત્યેક ક્ષણ કિંમતી છે. આપણું જીવન એ જ ઉલ્લાસ અને આનંદનો અવસર છે. 'આજની ઘડી રળિયામણી' એમ ગાનાર આપણે એ 'આજની ઘડી'નું સાચું મૂલ્ય આંકીએ છીએ ખરા?

મૃત્યુની સાહજિકતાનો અનુપમ સ્વીકાર ભગવાન મહાવીરના નિર્વાણની ઘટનામાં જોવા મળે છે. ભગવાન મહાવીરના પરિનિર્વાણનો સમય નજીક આવ્યો હતો. પાવાપુરીના હસ્તિપાલ રાજાના તલાટીની કચેરીમાં ત્રણ મહિના વીતી ગયા હતા અને ચોથો મહિનો પણ અડધો પૂર્ણ થયો હતો. ભગવાનના નિર્વાણ સમયની માહિતી મળતાં પાવાપુરીના ઘરઘરમાં શોક, ઉદાસી અને ગમગીની છવાઈ ગયાં હતાં.

આ સમયે સામાન્ય જનો વ્યાકુળ બની ગયા હતા અને વિચારતા હતા કે પ્રભુની આ અલૌકિક છબી ફરી ક્યાં અને ક્યારે નિહાળવા મળશે? યુગો પછી સાંપડેલી આ અમૃતવાણી ક્યાંથી સાંભળવા મળશે? જ્ઞાનીઓ શોક અને આનંદને સમાન ગણીને રહેવાનું કહેતા હતા. ભગવાન મુક્તિને વરશે અને દેહની દીવાલ દૂર થશે, આમ છતાં તેમનું હૈયું પણ હાથ રહેતું નહોતું. દેવો અને ઋષિઓ મધુર શંખ બજાવી રહ્યા હતા. એમની સેવામાં આવેલા દેવોના સ્વામી ઇન્દ્ર પણ મૃત્યુ ઉત્સવની બધી રચના કર્યા બાદ હૈયું હારી બેઠા. અંતિમ પળે પ્રભુના અભાવની કલ્પના એમને અકળાવનારી લાગવા માંડી. ઇંદ્રરાજે

**(અનુસંધાન પાના નં. ૯ પર)**

## શ્રી પૂજ્યપાદ આચાર્ય વિરચિત

# સમાધિતંત્રનું અમૃતરસપાન (ક્રમાંક-૧૦૫)

પ્રા. ચંદાબહેન વી. પંચાલી (બોટાદ)

સ્વભાવમાં અરિહંત, સહજાત્મ સ્વરૂપે સિદ્ધ અને પંચાચારમાં આચાર્ય એવા પરમકૃપાળુદેવની અમૃત સરસ્વતી પત્રાંક ૫૯૨ લખે છે, "જગતના સર્વ પદાર્થ કરતાં જે પ્રત્યે સર્વોત્કૃષ્ટ પ્રીતિ છે, એવો આ દેહ તે પણ દુ:ખનો હેતુ છે, તો બીજા પદાર્થમાં સુખના હેતુની શું કલ્પના કરવી ? જે પુરુષોએ વસ્ત્ર જેમ શરીરથી જુદું છે, એમ આત્માથી શરીર જુદું છે એમ દીઠું છે, તે પુરુષો ધન્ય છે. બીજાની વસ્તુ પોતાથી ગ્રહણ થઈ હોય, તે જ્યારે એમ જણાય કે બીજાની છે, ત્યારે તે આપી દેવાનું જ કાર્ય મહાત્મા પુરુષો કરે છે. દુષમકાળ છે એમાં સંશય નથી. તથારૂપ પરમજ્ઞાની આપ્તપુરુષનો પ્રાયે વિરહ છે. વિરલા જીવો સમ્યક્‌દૃષ્ટિપણું પામે એવી કાળસ્થિતિ થઈ ગઈ છે; જ્યાં સહજસિદ્ધ આત્મચારિત્રદશા વર્તે છે એવું કેવળજ્ઞાન પામવું કઠણ છે, એમાં સંશય નથી. પ્રવૃત્તિ વિરામ પામતી નથી; વિરક્તપણું ઘણું વર્તે છે. વનને વિષે અથવા એકાંતને વિષે સહજસ્વરૂપને અનુભવતો એવો આત્મા નિર્વિષય કેવળ પ્રવર્તે એમ કરવામાં સર્વ ઈચ્છા રોકાણી છે."

પરમકૃપાળુદેવે અંતરના ભાવો હૃદયસખાશ્રી સોભાગને જણાવ્યા છે. અંતરાત્મપણાની ઉત્કૃષ્ટભાવના વ્યક્ત કરી છે.

આચાર્ય સમાધિતન્ત્ર જેવા લઘુગ્રંથમાં આત્મતા પામવાની વાતને સુગમતાથી અને મધુરતાથી દર્શાવી છે.

આપણે સમાધિતંત્રનું અમૃત રસપાન કરી રહ્યા છીએ તેના ચુંબોત્તેર (૭૪) શ્લોકનો અભ્યાસ કર્યો કે શરીરને આત્મા માનવાથી અન્ય ભવમાં શરીરની પ્રાપ્તિ થાય છે અને નિજસ્વરૂપમાં આત્મબુદ્ધિ કરવાથી મુક્તિ મળે છે. હવે શ્લોક પંચોત્તેરમાં (૭૫) લખે છે,

**"नयत्यात्मानमात्मैव जन्म निर्वाणमेव च ।**
**गुरुरात्मात्मनस्तस्मान्नान्योऽस्ति परमार्थतः ॥७५॥**

**અન્વયઃ** आत्मा एव आत्मानं जन्मनिर्वाण एव च नयति तस्मात् परमार्थतः आत्मनः गुरुः आत्मा एव अन्यः न अस्ति ।

**શબ્દાર્થ** - **आत्मा एव** - આત્મા જ, **आत्मानं** - આત્માને, **जन्म निर्वाणम् एव च नयति** - જન્મ અને નિર્વાણ પ્રાપ્ત કરાવે છે, **तस्मात्** - માટે **परमार्थतः** - નિશ્ચયથી, **आत्मनः गुरुः आत्मा एव** - આત્માનો ગુરુ આત્મા જ છે, **अन्यः न अस्ति** - બીજો કોઈ નહિ.

**ભાષાન્તર :-** જે આત્મા દેહાદિમાં આત્મબુદ્ધિ કરે છે તે જન્મમરણરૂપ સંસારમાં ભમે છે. આત્મા જ આત્માને નિર્વાણ પમાડે છે. પરમાર્થે આત્મા જ આત્માનો ગુરુ છે. બીજો કોઈ ગુરુ નથી.

**ભાવાર્થ :** શ્રી પૂજ્યપાદ આચાર્યે **परमार्थतः आत्मनः गुरुः आत्मा एव** આત્માનો ગુરુ આત્મા જ છે. નિશ્ચયનયથી જીવની ઉદાત્ત દૃષ્ટિને ઉજાગર કરી છે. આત્મા જ પોતાના સ્વ અપરાધથી સંસારમાં ભમે છે. પોતાના આત્મામાં જ આત્મબુદ્ધિના પ્રકર્ષ સદ્‌ભાવથી આત્મા જ આત્માને નિર્વાણ પ્રતિ દોરી જાય છે. ખરેખર આત્માનો ગુરુ આત્મા જ છે. બીજો કોઈ ગુરુ નથી. મૂળ વસ્તુનું અખંડ, શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ પરમ શાંતિનું કારણ છે. તેનું જ્ઞાન કરાવનાર નિશ્ચયનય છે. એકલી વ્યવહાર દૃષ્ટિથી પરમાર્થ પમાતો નથી.

એકાન્તે નિશ્ચયનયનું આલંબન લેનાર વસ્તુ સ્વરૂપ સમજી શકતો નથી. માત્ર શુષ્કજ્ઞાની બની મોહમાં વર્ત્યા કરે છે.

"બંધ મોક્ષ છે કલ્પના, ભાખે વાણી માંહી;
વર્તે મોહાવેશમાં, શુષ્કજ્ઞાની તે આંહી."

બંધ અને મોક્ષ તો કલ્પના છે. સત્ય વસ્તુ નથી. માત્ર જ્ઞાનમય વાણી-શુષ્ક થવાની વાણી બોલે છે. જે મોહાવેશી બની સંસારમાં જ ભમ્યા કરે છે. વ્યવહારનયનું અવલંબન લેનાર વસ્તુ સ્વરૂપને સમજી શકતો નથી. આત્માના સ્વરૂપને નહિ સમજી ક્રિયા, વ્રત, તપ તે જ મોક્ષના હેતુ છે એમ માનીને સંસારમાં ભમે છે.

"કોઇ ક્રિયાજડ થઇ રહ્યા, શુષ્કજ્ઞાનમાં કોઈ;
માને મારગ મોક્ષનો કરુણા ઊપજે જોઈ."

દેહમાં આત્મબુદ્ધિ કરે તો જન્મ જન્માંતર થયા જ કરે છે. શુદ્ધ આત્મામાં આત્મબુદ્ધિ કરે તો મોક્ષ થાય આ વાત શિષ્યને સમજાણી છે. ત્યારે શિષ્ય પૂછે છે કે માર્ગને પામવા માટે કોઇ ગુરુની આવશ્યકતા છે કે નહિ ! સદ્‌ગુરુ કહે છે કે વત્સ, આત્મા પોતાના અજ્ઞાનથી ભમે છે. જો ભેદજ્ઞાનથી શરીર અને આત્માની અવસ્થા વિચારે, ભેદજ્ઞાન સાધે તો મોક્ષ થાય તથા પોતે જ પોતાનો ગુરુ બની, પરમાર્થ આરાધના કરે તો મુક્તિ મળે છે.

વ્યવહારમાં સદ્‌ગુરુ પરમાર્થ આત્માનું સ્વરૂપ સમજાવે છે. તે હિતોપદેશને શિષ્ય ગ્રહણ કરે, તે પ્રમાણે આજ્ઞાનું પાલન કરે, ગુરુના હિતોપદેશને આત્માના પ્રદેશે પ્રદેશે આજ્ઞાનું આચરણ કરે ત્યારે આત્માનું કલ્યાણ થાય છે અર્થાત્ આત્મા પોતે જ પોતાના હિતનો કર્તા થાય છે ત્યારે પરમાર્થે પોતે પોતાનો ગુરુ થયો. બીજો કોઇ પરમાર્થ ગુરુ નથી. શિષ્યને પુરુષાર્થ સ્વયં કરવો પડે છે.

સદ્‌ગુરુ કહે છે કે અરે જીવ ! તું દેહથી પાર અને રાગથી પાર ચૈતન્યતત્ત્વ છો. અંતર્મુખ શ્રદ્ધા વડે ચૈતન્યને જગાડ. અંદરથીજ તને આત્માનો હકાર આવશે. જીવ સ્વયં જાગૃત થઇને પુરુષાર્થ કરે છે ત્યારે પોતે પોતાનો ગુરુ બને છે. જીવે પોતે ભેદજ્ઞાનના બળે દેહથી અને રાગથી ભિન્ન શુદ્ધ સ્વરૂપ, ત્રિકાળ ચૈતન્ય અખંડ આત્મામાં એકાગ્ર થતાં આત્મા નજરાય છે. સતત નજરાતા સુયોગ્ય ઘડીએ અંતરાત્માના દર્શન થાય છે. હા, યોગ્યતા પ્રાપ્ત જીવને દેશના લબ્ધિમાં જ્ઞાની ગુરુની નિમિત્તે જરૂર હોય છે પણ મોક્ષમાર્ગમાં જીવ પોતે પોતાનો ગુરુ બને છે. ગુરુએ ઉપદેશમાં શુદ્ધાત્મા દર્શાવ્યો, ઉપદેશવર્ષા વરસાવી, શિષ્યે તે આજ્ઞા પ્રમાણે એકાગ્રતાનો અભ્યાસ કર્યો ત્યારે શિષ્ય આત્માનુભવ-સ્વસંવેદન-અમૃતરસ ચાખ્યો. સદ્‌ગુરુની સેવાથી આત્માનો અનુભવ થયો એવો વ્યવહાર હોય છે.

ગ્રંથાધિરાજ 'સમયસાર' આચાર્યદેવ ગાથા ચારમાં કહે છે કે, આ લોકમાં સર્વ જીવ સંસારરૂપી ચક્ર પર ચઢી પાંચ પરાવર્તનમાં ભ્રમણ કરે છે. વિભાવની કથા જીવોએ અનંતીવાર અનુભવી છે, તેનો પરિચય કર્યો છે, તેનું શ્રવણ કર્યું છે પણ પરથી ભિન્ન પોતાના એકત્વસ્વભાવની કથા પોતે કદી જાણી નથી, અનુભવી નથી તથા બીજા આત્મજ્ઞ-સંતોની સેવા કરી નથી. પોતે જાણ્યું નથી ને જાણનારાની સેવા કરી નથી એમ બન્ને વાત બતાવી. એટલે જ્ઞાનીના ઉપદેશ અનુસાર પોતે પોતાના આત્માને જાણીને પોતે નિશ્ચય ગુરુ થયો ત્યારે બીજા જ્ઞાની ગુરુએ તેને આત્મા સમજાવ્યો એવો વ્યવહાર થયો. વ્યવહારથી કહેવામાં આવે છે

"શું પ્રભુચરણ કને ધરું, આત્માથી સહુ હીન;
ન તો પ્રભુએ આપિયો, વર્તું ચરણાધીન."

**વિશેષાર્થ :** શબ્દોના અર્થની સમજણ

(૧) **जन्म निर्वाणं एव :** જે આત્મા દેહાદિમાં આત્મબુદ્ધિ કરે છે તે જન્મમરણરૂપ સંસારમાં-ચારગતિમાં પરિભ્રમણ કરે છે. આત્મા જ પોતાના આત્મામાં પોતાના દોષથી સંસારમાં ભમે છે. તે જ આત્મા જો પોતાના આત્મામાં આત્મબુદ્ધિ કરે તો સંસારભ્રમણથી મુક્ત થાય છે એટલે આત્મા જ પોતાના આત્માને નિર્વાણ પમાડે છે. જીવ પોતાના શુદ્ધ કે અશુદ્ધ ઉપાદાનથી પોતાના આત્માનું હિત કે અહિત પોતે જ કરે છે.

(૨) **परमार्थतः आत्मनः गुरुः आत्मा एव :** પરમાર્થે આત્મા જ આત્માનો ગુરુ છે. ઇષ્ટોપદેશ શ્લોક-૩૪માં કહે છે

**स्वस्मिन् सदाभिलाषित्वादभीष्टज्ञायकत्वतः ।**
**स्वयं हितप्रयोक्तृत्वादात्मैव गुरुरात्मनः ॥**

અર્થાત્ આત્મા, પોતાના આત્મામાં મોક્ષસુખની સદા અભિલાષા કરે છે. અભીષ્ટ મોક્ષ

સુખનું જ્ઞાન કરાવે છે અને સ્વયં કલ્યાણકારી આત્મસુખની પ્રાપ્તિમાં પોતાને યોજે છે તેથી આત્મા જ આત્માનો ગુરુ છે. માટે આત્મા પરનું અવલંબન છોડી પોતે પોતાનો ગુરુ બને તો તે જન્મમરણના દુઃખોથી મુક્ત થઇ નિર્વાણ પામે છે.

(૩) **न अन्य अस्ति :** બીજો કોઇ ગુરુ નથી. **परमार्थतः न अन्य गुरुः अस्ति** પોતે આત્મા જ પોતાનો ગુરુ છે, બીજો કોઇ નથી.

કોઈવાર બહારથી સેવા કરવાનો પ્રસંગ આવ્યો, તે વખતે જ્ઞાનીના અંતરના આશયને પોતે સમજ્યો નહિ તેથી સમ્યક્ત્વ આદિ સમજ્યો નહિ, પામ્યો નહિ ને તેથી જ્ઞાનીની ખરેખર ઉપાસના તેણે કરી એમ પણ કહેવામાં આવ્યું નહિ. પોતે પોતામાં અંતર્મુખ થઇને જ્ઞાન પામ્યો ત્યારે જ્ઞાનીની ખરી ઉપાસના કરી એમ કહ્યું એટલે સ્વ આત્માની શ્રદ્ધા, જ્ઞાન અને અનુચરણ વડે પોતે પોતાનો પરમાર્થગુરુ જ્યારે થયો ત્યારે વ્યવહારમાં બીજા જ્ઞાની ગુરુની સેવા સાચી કરી એમ કહેવાયું. એકવાર જ્ઞાનીને ઓળખીને સાચી સેવા કરે તો તે જીવ પોતે જરૂર જ્ઞાની થઇ જાય.

હિતોપદેશક ગુરુઓનો હિતોપદેશ સાંભળીને પણ જ્યાં સુધી જીવ પોતે પરાવલંબન છોડીને સ્વસન્મુખ થઈને આત્મજ્ઞાન ન કરે અને કષાયપરિણતિ પોતે ન છોડે, એટલે કે પોતે પોતાના ઉદ્ધારનો પ્રયત્ન કરે નહિ ત્યાં સુધી અજ્ઞાનભાવને લીધે જીવ સંસારમાં ભ્રમણ કર્યા કરે છે. તે પોતે અજ્ઞાનથી પોતાને સંસારમાં દોરી જાય છે. કર્મ તેને રખડાવતું નથી અને જ્યારે તે પોતે સ્વભાવની રુચિ કરીને જાગ્યો ને અંતર્મુખ થઈને આત્માને જાણ્યો ત્યારે તે પોતે પોતાને મોક્ષ તરફ લઇ જાય છે. ગુરુએ તો ઉપદેશ આપ્યો કે 'હે આત્મા તું તારા સ્વભાવસન્મુખ થા. તેમાં જ તારું હિત છે. પણ સ્વસન્મુખ થવાનું પોતાના હાથમાં છે. પોતે સ્વસન્મુખ થઈને મોક્ષમાર્ગે પરિણમ્યો ત્યારે વ્યવહારે એમ કહેવાય કે શ્રી ગુરુ મોક્ષમાર્ગે દોરી ગયા - આ કથન નિમિત્તથી છે.

શ્રી પ્રવચનસારની ગાથા-૮૦ માં આચાર્ય કુંદકુંદદેવ લખે છે.

**"जो जाणदि अरहंत दव्वत्त गुणत्तपज्जयत्तेहिं ॥**
**सो जाणदि अप्पाणं मोहो खलु तस्स लयं ॥"**

"જે જાણતો અર્હંતને ગુણ-દ્રવ્યને પર્યયપણે,
તે જીવ જાણે આત્મને, તસુ મોહ પામે લય ખરે"

શ્રી અરિહંતનો આત્મા દ્રવ્ય, ગુણ અને પર્યાયથી શુદ્ધ છે; એને જાણતાં 'હું પણ આવો શુદ્ધ જ શુદ્ધ સ્વરૂપી છું.' એમ પોતાના આત્માના શુદ્ધસ્વરૂપનું ભાન થાય છે. તેના મોહનો નાશ થાય છે. આમાં પણ સ્વસન્મુખ થઈને પોતાના આત્માને જાણ્યો ત્યારે અરિહંતદેવની ખરી ઓળખાણ થઇ. આત્મા પોતે પોતાના આત્માનો ગુરુ છે તે સ્પષ્ટ થાય છે.

પૂજ્ય બેનશ્રી ચંપાબેનની અધ્યાત્મગિરામાં લખે છે કે "સદ્‌ગુરુના ઉપદેશરૂપ નિમિત્તમાં પૂર્ણ શક્તિ છે. પણ તું તૈયાર ન થાય તો ? તું આત્મદર્શન પ્રગટ ન કરે તો ? અનંત અનંત કાળમાં ઘણા સંયોગ મળ્યા પણ તે અંદરમાં ડૂબકી મારી નહિ ! તું એકલો જ છો; સુખ-દુઃખ ભોગવનાર, સ્વર્ગ કે નરકમાં ગમન કરનાર કેવળ તું એકલો જ છો."

"જીવ એકલો જ મરે, સ્વયં જીવ એકલો જન્મે અરે!
જીવ એકનું નીપજે મરણ, જીવ એકલો સિદ્ધિ લહે."

તું એકલોજ મોક્ષ જનાર છું માટે તું આત્મદર્શન પ્રગટ કર. ગુરુની વાણી સાંભળી વિચાર કર, પ્રતીતિ કર ને ઠર; તો તને અનંત જ્ઞાન ને સુખનું ધામ એવા નિજ આત્માના દર્શન થશે.

"આત્માને મોક્ષ સંસારે, આત્મા પોતે લઇ જતો;
નિશ્ચયે સ્વ ગુરુ આત્મા, અન્ય ના ગુરુ આત્માનો"॥૭૫

**- પૂ. બ્રહ્મચારીજી**

"જીવ જ પોતાને કરે, જન્મ તથા નિર્વાણ;
તેથી નિજ ગુરુ નિશ્ચયે, જીવ જ અન્ય ન જાણ. ॥૭૫

**- શ્રી છોટાલાલભાઈ ગાંધી**

आत्मा हि कारण सदा भव का रहा है,
जाता वही नियम से शिव को तथा है ।
है आत्म का गुरु अतः स्वयमेव आत्मा
कोई न अन्य, इस भाँति कहे महात्मा ॥ ७५

**- પૂ. વિદ્યાસાગરજી મહારાજ** (ક્રમશઃ)

# શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર (ક્રમાંક-૪૪)

**મહેન્દ્રભાઈ કે. ખંધાર**

## કલ્યાણમંદિર સ્તોત્રનું પારમાર્થિક ફળ

● **મૂળ શ્લોક** : (આર્યા છંદ)

**जननयन कुमुदचंद्र ! प्रभास्वराः स्वर्ग संपदो भुक्त्वा।**
**ते विगलितमलनिचया, अचिरान्मोक्षं प्रपद्यंते ॥४४॥**

● **અન્વયાર્થ :**

હે જનનયન कुमुदचंद्र ! ते विगलित मल निचयाः प्रभास्वराः स्वर्गसंपदः भुक्त्वा अचिरात् मोक्षं प्रपद्यंते॥

● **શબ્દાર્થ : (हे) जननयन कुमुदचंद्र!** - હે મનુષ્યોના નયનચક્ષુરૂપી કમળોને વિષે ચંદ્ર સમાન!, ભક્તજનોના નેત્રરૂપી કુમુદ(કમળ) વિકસિત કરનાર, ગર્ભિત રીતે 'કુમુદચંદ્ર' એવું સિદ્ધસેન દિવાકરસૂરિજીનું દીક્ષા સમયનું નામ, **प्रभास्वराः** - અત્યંત દૈદીપ્યમાન, **स्वर्गसंपदः** - સ્વર્ગની સંપત્તિને, દેવલોકના વૈભવને, **भुक्त्वा** - ભોગવીને, **ते** - તે (શ્લોક-૪૩ માં વર્ણવેલ) ભવ્ય જીવો, **विगलित मल निचयाः** - વિશેષ ગળી ગયો છે, નાશ પામ્યો છે કર્મરૂપી મેલનો સમૂહ જેઓનો એવા, **अचिरात्** - ક્ષણવારમાં, અલ્પકાળમાં, **मोक्षं** - મોક્ષને, **प्रपद्यंते** - પ્રાપ્ત કરે છે.

● **સમશ્લોકી ગુજરાતી પદ્યાનુવાદ :**

(પુષ્પિતાગ્રા છંદ)

**જનનયન કુમુદચંદ્ર સ્વામી,**
**ચળકતી સંપદ સ્વર્ગની જ પામી;**
**નિર્મળ મનના થવા થકી એ,**
**તુરત જશે જન મોક્ષને વિષે તે. (૪૪)**

(મંદાક્રાંતા)

**તેઓ નિશ્ચે મનુજ કુમુદો ખીલવે ચંદ્ર જેમ,**
**પામે તે જે ઝળહળ થતી સ્વર્ગની લક્ષ્મી જેમ;**
**તેઓ ધુએ સકલ મળના સંચયો સર્વ કાળે,**
**ને પામે છે નિખિલ સુખના ધામને અલ્પકાળે. (૪૪)**

● **ભાવાર્થ** : ભક્તજનોના નેત્રરૂપ કુમુદો (ચંદ્ર વિકાસી કમળો)ને ચંદ્રમાની જેમ વિકસિત કરનાર હે પ્રભો! તે (શ્લોક-૪૩માં વર્ણવેલ) ભક્તપુરુષો, દૈદીપ્યમાન સ્વર્ગલોકની સંપદાઓ ભોગવીને સમસ્ત કર્મમળના સમૂહથી રહિત થઈ અલ્પકાળમાં જ મુક્તિ પામી જાય છે.

● **વિશેષાર્થ / પરમાર્થ :**

**શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર**ના ૧ થી ૪૨ શ્લોક સુધી, તેના રચયિતા મહાન અધ્યાત્મકવિ આચાર્ય સિધ્ધસેન દિવાકર સૂરિજીએ વર્ણવી તેવી ભક્તિ સહિત જે કોઈ પાર્શ્વપ્રભુની ઉપાસના કરે છે, તે ઉત્તમ ફળને પામે છે. આવી ફલશ્રુતિ બતાવતાં અંતિમ બે શ્લોકો (૪૩-૪૪)માં આચાર્યશ્રી કહે છે કે જે ભક્તો પ્રભુ પ્રત્યે સમાધિસ્થ થઈને પ્રભુના મુખ ઉપર એકાગ્ર થઈને, પ્રગાઢ પ્રીતિ વડે તેમની સ્તુતિ કરે છે (શ્લોક-૪૩), તેઓનું મન નિર્મળ થવાથી સ્વર્ગ-મોક્ષને પામે છે (શ્લોક-૪૪).

શ્લોક-૪૩માં આચાર્યશ્રી ભક્તના ત્રણ લક્ષણ બતાવે છેઃ (૧) ભક્તની બુદ્ધિ પ્રભુ પ્રત્યેની સમાધિમાં લાગી છે, (૨) પ્રભુ પરની પ્રીતિને લીધે રોમાંચ અને ઉલ્લાસ અનુભવે છે અને (૩) તેની દૃષ્ટિ પ્રભુના મુખ પર સ્થિર થયેલી છે.

આવા લક્ષણોવાળો જીવ જયારે શુદ્ધ ભાવથી ભક્તિ/સ્તુતિ કરે છે ત્યારે તેનું ફળ અવશ્ય મળે છે. પ્રભુના નામ-સ્મરણથી પણ જો સેંકડો દુઃખો દૂર થાય છે તો તેમની સ્તુતિ કરવાથી તો અનેકગણું ફળ પ્રાપ્ત થાય છે. એ ફલશ્રુતિ આ છેલ્લા શ્લોક(૪૪) માં દર્શાવી છે.

ભક્તજનનાં જે લક્ષણો આચાર્યશ્રીએ બતાવ્યા છે તે લક્ષણો તેમનામાં પ્રગટેલા આપણે જોઈ શકીએ છીએ. અને એવી ઉત્તમ પળોએ પૂર્ણ ભાવથી કરેલી સ્તુતિ તે જ **કલ્યાણમંદિર સ્તોત્ર.** આ સ્તોત્રનો પ્રભાવ તો જાહેર જ છે. આથી આચાર્યશ્રીએ જે ફલશ્રુતિ જણાવી છે તે તેમના સહિત સર્વને લાગુ પડે છે. **ફલશ્રુતિ** આ પ્રમાણે છેઃ ભાવપૂર્વક કરેલ આવી સ્તુતિના પ્રભાવથી પોતાનું મન નિર્મળ થવાથી તે ભક્તજન દૈદીપ્યમાન સ્વર્ગના વૈભવને ભોગવીને શીઘ્ર મોક્ષ પામે છે.

પ્રભુમય બનેલો જીવ પોતાના ઉપયોગને પ્રભુમાં જ કેન્દ્રિત કરીને, પ્રભુનાં ગુણોની સ્તુતિ જ્યારે રચે છે, ત્યારે તેના ભાવો ઉત્કૃષ્ટ શુભ હોય છે અને પરિણામે થતા મહત્ પુણ્યબંધથી તે ભોગવવા માટે તેને અનિચ્છાએ પણ દેવલોક (સ્વર્ગ) માં જવું પડે છે.

જ્યાં સુધી જીવે બાંધેલો પુણ્યનો જથ્થો હોય છે ત્યાં સુધી સ્વર્ગની સુખ-સંપત્તિ તેને ભોગવવી પડે છે. તેનાથી વહેલું નિવૃત્ત થઈ શકાતું નથી. આથી સાચા ભક્તને અનિચ્છાએ પણ એ બધો ભોગવટો કરવો જ પડે છે.

ભક્તને અનિચ્છા એક જ કારણથી હોય છેઃ એ દેવલોક સંસાર છે અને તેની સુખસામગ્રીમાં આત્માનું સાચું સુખ નથી. જ્યાં સુધી તેનો ભોગવટો હોય ત્યાં સુધી મુક્તિ નથી અને મુક્તિનો ઇચ્છુક સંસારના સુખને ન ઇચ્છે. તેમ છતાં કરેલા પુણ્યબંધને પરિણામે તે સ્વર્ગની સંપત્તિને અવશ્ય ભોગવે છે. પણ એ ભોગવટામાં તેને આસક્તિ ન હોવાને કારણે નવો કર્મબંધ તેને થતો નથી, પણ પૂર્વે બાંધેલ ભોગાવલી કર્મ ભોગવાઈ જાય છે. આથી જ્યારે દેવલોકનું આયુષ્ય પૂર્ણ કરી તે મનુષ્યભવ ગ્રહણ કરે છે ત્યારે ઉત્તમ ભક્તિથી શેષ રહેલા શુભાશુભ કર્મોનો ત્વરાથી ક્ષય કરી મુક્તિ પામે છે. ભક્તનો પુરુષાર્થ મુક્ત થવા માટે જ હોય છે એટલે સંસાર અલ્પ રહે છે.

આવી અનન્ય ભક્તિ કરનારને મન પ્રભુ કેવા છે તે આચાર્યશ્રીએ કરેલ સંબોધનથી સમજાય છેઃ **જનનયન કુમુદચંદ્ર (સ્વામી)** એટલે કે મનુષ્યનેત્રરૂપી કુમુદીના ચંદ્રરૂપ સ્વામી. તળાવમાં રહેલું કુમુદનું ફૂલ (કમળ) આકાશમાં ખીલેલા ચંદ્રમાને નિહાળી અત્યંત પ્રફુલ્લિત થાય છે અને વિકસે છે. દિવસે ચંદ્રની ગેરહાજરીમાં તે કરમાઈને બીડાઈ જાય છે અને ફરીથી રાત્રે ચંદ્રના દર્શન થતા તે વિકસે છે. લાખો કિ.મી. દૂર વસતા ચંદ્રનો પ્રભાવ પૃથ્વી પર રહેલા કુમુદ પર કેવો અદ્‌ભુત પડે છે! આવો જ અદ્‌ભુત પ્રભાવ પ્રભુનો ભક્ત પર પડે છે. પ્રભુ ચંદ્ર કરતાં ખૂબ ઉંચે સિદ્ધશિલા પર વસે છે અને ભક્ત કુમુદની માફક પૃથ્વી ઉપર પ્રભુથી અગણિત કિ.મી. દૂર વસે છે. આવો ભક્ત જ્યારે પ્રભુનાં દર્શન પામે છે ત્યારે તેનાં દર્શન માત્રથી ભક્તનાં રોમરોમ પ્રફુલ્લિત થઈ જાય છે. જે ભવ્યજીવો પ્રભુની દિવ્ય કાંતિમય મુખમુદ્રાનું એકીટશે ભક્તિભાવપૂર્વક દર્શન કરે છે તથા તેમના આત્મિકગુણોનું ધ્યાન કરી ભાવથી સ્તુતિ કરે છે તેઓ કર્મમળ રહિત થઈ પોતાનું આત્મકલ્યાણ સાધે છે. અર્થાત્ પાર્શ્વનાથ પ્રભુનું તત્ત્વદર્શન અને ગુણકરણ ભક્તને નિર્મળતા પ્રદાન કરી આત્મિક સંપદાના અપૂર્વ ફળનો આસ્વાદ કરાવે છે.

સિદ્ધસેન દિવાકરસૂરિજી આ શ્લોક(૪૪)માં **કલ્યાણમંદિર સ્તોત્ર**નો ઉપસંહાર કરતાં સ્તોત્રના પાઠનું ફળ બતાવે છે : હે પ્રભો! અટલ શ્રદ્ધાથી, સ્થિત બુદ્ધિથી અને ઉત્કૃષ્ટ ભાવ-ભક્તિથી જેનાં પુલકિત થયેલા રોમાંચ છે એવા ભવ્યજનો તમારા મુખકમલને અપલક નયને નીરખતાં આપની વિધિપૂર્વક સ્તુતિ કરે છે, તેમનો કર્મરૂપી મળ દૂર થઈને દૈદીપ્યમાન સ્વર્ગ-સંપત્તિ પ્રાપ્ત કરે છે અને ક્રમશઃ મોક્ષલક્ષ્મી મેળવે છે.

કુમુદચંદ્ર એટલે કૌમુદી અર્થાત્ પૂનમનો ચંદ્ર જે સોળે કળાએ ખીલીને લોકોને પોતાની ચાંદનીથી શાંતિ પમાડે છે. તે જ રીતે તીર્થંકર પરમાત્મા પણ ઘાતીકર્મથી મુક્ત થયા હોવાથી અત્યંત શીતળીભૂત થયા છે તેથી જગતના જીવોના ત્રિવિધ તાપને દૂર કરે છે.

અહીં જે વિશિષ્ટ ફળ બતાવેલું છે તે પ્રભુનું સ્થિર-એકાગ્ર ચિત્તે દર્શન સમજવું અને તે દર્શન ફક્ત બિંબનું જ નહીં પણ બિંબના માધ્યમથી પરમાત્માના શુદ્ધ સ્વરૂપનું દર્શન સમજવું.

પરમાત્માના આવા દર્શનનું-સ્તુતિનું-ધ્યાનનું ઉત્કૃષ્ટ ફળ તો મોક્ષ જ બતાવ્યું છે. પ્રભુની આજ્ઞાપૂર્વક પ્રભુમય બનેલો આત્મા કર્મક્ષય કરતો અને વિશુદ્ધિને પામતો થકો સર્વકર્મનો ક્ષય કરી શકે છે. પણ તેમ સીધેસીધો મોક્ષ મળવો દુષ્કર છે. કેમકે સાધક આત્માના કર્મો વિશેષ હોવાથી આયુષ્ય પૂરું થવાના સમયે શેષ રહી જવાનો સંભવ છે. આથી આચાર્યશ્રીએ કહ્યું કે **સ્વર્ગસંપદો ભુક્ત્વા** એટલે સ્વર્ગની સંપત્તિનો ભોક્તા બનીને મોક્ષે જાય છે.

પુણ્યાનુબંધી પુણ્યના ઉદયથી મળેલ સ્વર્ગની સંપત્તિ (ભોગ) ભક્તને તેમાં આસક્તિ કરાવીને સંસારમાં રખડાવી શકતી નથી. નિરંજન વીતરાગ પરમાત્માની ભક્તિના શુભ ધ્યાનના પ્રભાવથી આસક્તિના અનુબંધો (સંસ્કારો) લગભગ ક્ષીણ થઈ જાય છે. પ્રભુનું ધ્યાન કરનારને સ્વર્ગની સંપત્તિની લેશમાત્ર ઇચ્છા હોતી નથી. આત્માની સ્વરૂપ રમણતાની સંપત્તિ સામે સ્વર્ગના ભોગો તૃણવત્, સંસારને વધારનાર અને હેય લાગે છે.

સ્વર્ગની સંપત્તિ અને મોક્ષની પ્રાપ્તિ વચ્ચે બીજું એક ફળ જણાવનારું વિશેષણ મુકેલું છે - **વિગલિતમલનિચયાઃ** સ્વર્ગના સુખના ભોગવટાથી સર્વકર્મનો ક્ષય થતો નથી, માત્ર (પુણ્યાનુબંધી) પુણ્યનો ક્ષય થાય છે, અને સર્વ કર્મનો ક્ષય કર્યા સિવાય મોક્ષ મળી શકતો નથી. આથી અનાસક્તિપૂર્વક સ્વર્ગની સંપત્તિનો ભોગવટો અને મોક્ષની પ્રાપ્તિ વચ્ચે સર્વ કર્મરૂપ મેલ (મળ)નો ક્ષય કરનારી સાધના અપેક્ષિત છે. અને તે સર્વ કર્મક્ષય મનુષ્યભવ પામીને, ઉત્તમ ધાર્મિક કુળમાં જન્મ લઈને, સર્વવિરતિ ચારિત્રધર્મની સાધનાથી જ શક્ય છે.

આ રીતે ભાવથી પરમાત્મામય બનેલો આત્મા કર્મરૂપી અથવા વિષય-કષાયાદિ દોષરૂપી મેલનો **વિ** - વિશેષે, સંપૂર્ણપણે નાશ કરનારો થાય છે. આમ કર્મ અને દોષોના નાશ વિના મોક્ષ ન થાય. કર્મો અને દોષોનો આંશિક નાશ થાય તેને **નિર્જરા** કહે છે અને સંપૂર્ણ નાશ થાય તેને **મોક્ષ** કહેવાય છે.

● **ઉત્થાનિકાઃ**- આ લેખમાળામાં **શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર**ના ૪૪ શ્લોકનું યથાશક્તિ, યથામતિ વિવેચન પૂરું થાય છે. હવે પછીના અંતિમ લેખમાં સમગ્ર સ્તોત્રનું વિહંગાવલોકન કરીને લેખમાળાને વિશ્રામ આપીશું.

● **અંતમંગલઃ**- અંતમાં સર્વ જીવ ભક્તિભાવપૂર્વક પ્રભુની સ્તુતિ કરીને, પુણ્ય કે દેવલોકની આકાંક્ષા વિના, શીઘ્ર મોક્ષ પ્રાપ્ત કરે એ મંગલ ભાવના સાથે જિનાજ્ઞાથી કાંઈ વિપરીત લખાયું હોય તો ત્રિવિધે મિચ્છા મિ દુક્કડમ્.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

॥ શ્રી સદ્ગુરુચરણાર્પણ મસ્તુ ॥

## ફોર્મ નં. ૪, નિયમ : ૮

| | | | |
|---|---|---|---|
| ૧. | **પ્રકાશન સ્થળ** | : | શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા - ૩૮૨૦૦૭.<br>(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)<br>જિ. ગાંધીનગર. ફોન : ૯૪૨૮૬૬૨૩૮૬, ૯૪૨૮૬૬૨૩૭૬ |
| ૨. | **પ્રકાશન-અવધિ** | : | માસિક |
| ૩. | **મુદ્રક-પ્રકાશક-માસિક** | : | શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર - ભારતીય<br>શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા-૩૮૨ ૦૦૭. |
| ૪. | **તંત્રીનું નામ** | : | શ્રી મિતેશભાઇ એ. શાહ - ભારતીય<br>શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા - ૩૮૨ ૦૦૭. |

હું નીતિનભાઇ આઇ. પારેખ, આથી જાહેર કરું છું કે ઉપર આપેલ વિગતો મારી જાણ-સમજ મુજબ સાચી છે.

નીતિનભાઇ આઇ. પારેખ - પ્રમુખ

કોબા, તા. ૧-૩-૨૦૨૪

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા**

(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

# મહોપાધ્યાય યશોવિજયજી મહારાજનો સંક્ષિપ્ત પરિચય

**રમેશભાઈ કાંતિલાલ ખંધાર**

પરમપૂજ્ય ન્યાયવિશારદ મહોપાધ્યાય શ્રી યશોવિજયજી વિરચિત 'જ્ઞાનસાર' પર લેખમાળા શરૂ કરવાની ભાવના છે. જૈનતત્ત્વદર્શનનો નિચોડ આ ગ્રંથમાં આવી જાય છે. કેટલાક આ ગ્રંથને જૈનદર્શનના 'ગીતાગ્રંથ' તરીકે ઓળખાવે છે. જ્ઞાનસાર ગ્રંથનું મંગલાચરણ કરતા પહેલાં ગ્રંથકર્તાનો સંક્ષિપ્ત પરિચય આપવો જરૂરી છે.

**શ્રી યશોવિજયજીનું (જશવંતસિંહનું) સંસારીજીવન અને દીક્ષા :-**

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યના કાળધર્મ પછી લગભગ પાંચ સૈકા પછી શ્રી હીરવિજયસૂરિના સમુદાયમાં એવા જ્યોતિર્ધરનો ઉદય થયો કે જે હેમચંદ્રાચાર્યની યાદ અપાવે. આ જ્યોતિર્ધર તે બીજા કોઈ નહિ પણ મહોપાધ્યાય શ્રી યશોવિજયજી.

'લઘુ હરિભદ્રસૂરિ', 'દ્વિતીય હેમચંદ્રાચાર્ય', 'સ્મરિત શ્રુતકેવલી', 'કુર્ચાળી શારદ', 'મહાન તાર્કિક', 'વાચકવર્ય', 'ઉપાધ્યાયજી' ઇત્યાદિ તરીકે તેઓ સુપ્રસિદ્ધ થયા છે એવા ગ્રંથકર્તા પૂજ્ય શ્રી યશોવિજયજી મ. શ્રીનો જન્મ ઉત્તર ગુજરાતમાં મહેસાણા પાસેના ધીણોજથી નજીક અને ગાંભુગામથી ૬ કિલોમીટર દૂર કનોડા ગામમાં થયેલો. પિતાનું નામ નારાયણશ્રેષ્ઠી, માતાનું નામ સૌભાગ્યદેવી, મોટાભાઈનું નામ પદ્મસિંહ અને પોતાનું નામ 'જસવંતસિંહ' હતું. માતા-પિતા આદિ પરિવારના ધર્મમય સંસ્કારી જીવનના કારણે આ સમગ્ર કુટુંબ ત્યાગ, તપ, વૈરાગ્ય અને સ્વાધ્યાયના રંગે રંગાયેલું હતું. પૂજ્ય શ્રી વિજયદેવસૂરિજી મ.શ્રી કુણગેર ગામમાં ચાતુર્માસ કરીને વિક્રમ સંવત ૧૬૮૮માં કનોડા ગામે પધાર્યા.

વૈરાગ્યમયી ધર્મદેશનાથી આ સમગ્ર કુટુંબ ધર્મભાવથી વધારે સુવાસિત થયું. સૌભાગ્યદેવી માતાને દરરોજ 'ભક્તામર સ્તોત્ર' સાંભળીને જ પચ્ચખાણ પાળવાનો નિયમ હતો. એક વખત સતત વધારે વરસાદ ચાલુ રહેવાથી ઉપાશ્રયે ન જઈ શકવાથી ત્રણ દિવસના ઉપવાસ થયા. જસવંતસિંહે કુતૂહલ વશથી પૂછતાં માતાએ ભક્તામર સાંભળીને પચ્ચખાણ પાળવાની પોતાની પ્રતિજ્ઞાની વાત કરી. તે વાત સાંભળીને જસવંતસિંહે "હું તમને ભક્તામર સ્તોત્ર સંભળાવું." આવી વાત કરતાં માતા આશ્ચર્ય પામ્યાં, જસવંતસિંહે સ્પષ્ટતાક્ષરે ભક્તામર સંભળાવ્યું, માતાએ પારણું કર્યું. વરસાદ બંધ થતાં માતા ઉપાશ્રયે જ્યારે ગયાં ત્યારે ગુરુજી શ્રી નયવિજયજીએ આ વાત જાણી. ગુરુજીએ જસવંતસિંહની ધારણાશક્તિ અને સ્મરણશક્તિ જોઈને તે બાળકને દીક્ષા અપાવવાની વાત તેના માતા-પિતાને કરી.

આ બાજુ જસવંતસિંહના હૃદયમાં પણ અસાર સંસારનો ત્યાગ કરી દીક્ષા લેવાની ભાવના હતી અને આ કારણે વૈરાગ્યભાવના તીવ્ર બની. ગુરુજી શ્રી નયવિજયજી મ. શ્રી વિહાર કરીને પાટણ પધાર્યા. માતા-પિતાએ જસવંતસિંહને મોહને વશ ઘણો સમજાવ્યો. પરંતુ તેનો વિચાર 'અફર' હોવાથી માતા-પિતાના સઘળા પ્રયત્નો નિષ્ફળ ગયા. અંતે માતા-પિતાએ ઘણા જ ઉત્સાહ અને ઉંમગ સાથે મહોત્સવપૂર્વક વિક્રમ સંવત ૧૬૮૮માં પૂજ્ય આચાર્ય શ્રી વિજયદેવસૂરીશ્વરજી મ.શ્રીના હાથે પાટણમાં, પંચાસરાના દેરાસર પાસે, પોળીયાના ઉપાશ્રયમાં ભાઈશ્રી જસવંતસિંહને દીક્ષા અપાવી. જસવંતસિંહજી હવે બન્યા "શ્રી યશોવિજયજી મહારાજ."

**ગહન શાસ્ત્ર અભ્યાસ :-**

નાની ઉંમર, સુંદર બુદ્ધિ, નિર્મળ ચિત્ત, ભણવા માટે હાર્દિક ધગશ, ઉત્તમ ધર્મગુરુનો યોગ ઇત્યાદિ અભ્યાસની તક એવી ઉજળી મળી કે જાણે સરસ્વતીની સાધનાનો સહયોગ સહયોગ સાંપડ્યો હોય તેવું બન્યું. અભ્યાસ કરવાની એવી લગની લાગી કે ૧૬૮૮ થી ૧૬૯૯ આમ માત્ર ૧૧ વર્ષ

જેટલા નાના ગાળામાં સંસ્કૃત-પ્રાકૃત ભાષા, ધર્મશાસ્ત્રો, આગમ શાસ્ત્રો, પ્રાકરણિક ગ્રંથો ઇત્યાદિ અનેક વિષયોનું તલસ્પર્શી જ્ઞાન મેળવ્યું. ઘણા-બધા શાસ્ત્રોમાં પારંગત થયા. સંસ્કૃત, અર્ધમાગધી અને ગુજરાતી ભાષા તથા સાહિત્યના ક્ષેત્રે અદ્ભુત પ્રભુત્વ ધરાવતી એક મહાન ભારતીય વિભૂતિ તરીકેનું વ્યક્તિત્વ વિકસિત થયું.

**શ્રી યશોવિજયજીનો અવધાન પ્રયોગ:**

તે સમયે પૂ. શ્રી વિજયદેવસૂરીશ્વરજી મ. સા. સૌથી મોટા હતા. તેમની પાસે તથા પૂ. શ્રી વિજયસિંહસૂરીશ્વરજી મ.સા.ની પાસે અને અન્ય મહાત્માઓ પાસે પૂ. યશોવિજયજી મહારાજશ્રીએ અભ્યાસ કર્યો. ૧૧ વર્ષ સુધી સુંદર અભ્યાસ કરી વિક્રમ સંવત ૧૬૯૯માં ગુરુમહારાજની સાથે અમદાવાદમાં નાગોરીશાળાના ઉપાશ્રયે પધાર્યા. પૂજ્ય નયવિજયજી મહારાજશ્રીએ કહ્યું કે તમે શાસ્ત્રોનો સુંદર અભ્યાસ કર્યો છે. તેથી રાજનગરના જૈનસંઘ સમક્ષ કંઈક અદ્ભુતતા બતાવો. આ રીતે ગુરુજીની આજ્ઞા મળતાં ચતુર્વિધ શ્રી જૈન સંઘ સમક્ષ પૂજ્યશ્રી યશોવિજયજી મહારાજશ્રીએ આઠ અવધાન પ્રયોગ કરી બતાવ્યા. (આ પ્રયોગમાં જુદી જુદી આઠ વ્યક્તિઓ આઠ-આઠ પ્રશ્નો પૂછે. ૮x૮=૬૪ આ ચોસઠ પ્રશ્નો ક્રમશઃ યાદ રાખીને તેના ક્રમશઃ જ સચોટ ઉત્તર આપવા તે આઠ અવધાન કહેવાય છે.) આવા પ્રકારના અવધાન પ્રયોગથી પૂ. યશોવિજયજી મ. શ્રી ઉપર રાજનગરનો શ્રી જૈન સંઘ ઘણો જ ખુશ થયો. શ્રી યશોવિજયજી મ. શ્રીની કીર્તિ-પ્રશંસા ચોતરફ ખૂબ જ વધવા લાગી.

**શ્રાવક ધનજી સુરાનું અત્યંત પ્રશંસનીય દાનઃ**

મહારાજશ્રીમાં અતિશય બુદ્ધિમત્તા જોઇને ત્યાંના શ્રેષ્ઠીવર્ય શ્રી ધનજી સૂરાએ ગુરુમહારાજશ્રીને વિનંતી કરી કે આ મહારાજશ્રી ઘણા જ બુદ્ધિશાળી છે, તીવ્રસ્મરણશક્તિવાળા છે. તેથી તેમને કાશી મોકલો અને ન્યાયનો, તર્કશાસ્ત્રોનો અને દર્શનશાસ્ત્રોનો સૂક્ષ્મ અભ્યાસ કરાવો. આ મહાત્માને જો બરાબર ભણાવવામાં આવે તો આ કાળમાં બીજા શ્રી હરિભદ્રસૂરિજી અથવા બીજા કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજી (તુલ્ય) પાકશે.

ગુરુજીએ કહ્યું કે મારી પણ આ જ ઇચ્છા છે કે કાશીમાં જઈને સુંદર અભ્યાસ કરાવવો. પરંતુ ત્યાં વિદ્યાગુરુઓ (ભટ્ટારકો) ધન વિના વિદ્યાભ્યાસ કરાવતા નથી. તેના ઉત્તરમાં ધનજી સુરાએ કહ્યું કે, આ લાભ મને આપો. આ વિષયનો તમામ ખર્ચ હું આપીશ. વિદ્યાભ્યાસ માટે ચાંદીના બે હજાર દીનારનો ખર્ચ આપવા તૈયાર થઈ ગયા અને પંડિતજીનું સારી રીતે સન્માન-સત્કાર કરીશ એમ વચન આપ્યું. યોગ્ય પાત્ર કાશીમાં જઈ ષડ્દર્શન આદિના શાસ્ત્રો ભણીને જૈન શાસનની જ્યોત જગાવે તો મારો તમામ ખર્ચ સફળ જ થયો છે એમ હું સમજીશ. ધન્ય એવા આવા શ્રાવકની જેટલી અનુમોદના કરીએ એટલી ઓછી છે.

**શ્રી યશોવિજયજીનો કાશી તરફ વિહારઃ**

શિષ્યને અભ્યાસ કરાવવાના આ પ્રમાણે સાનુકૂળ સંજોગો થતાં પોતાના શિષ્ય પરિવાર સાથે વિચાર-વિનિમય કરીને ગુરુ મહારાજશ્રી નયવિજયજી મ.શ્રીએ કાશી તરફ વિહાર કરવાનો નિર્ણય કર્યો. ધનજી સુરાએ ખર્ચ માટે હૂંડી લખી આપી, જે કાશી મોકલવામાં આવી અને કાશી તરફ વિહાર કરતાં પહેલાં ૧૭૦૧નું ચાતુર્માસ કપડવંજ પાસેના આંતરોલી ગામમાં કર્યું. તે ચાતુર્માસ દરમ્યાન 'સ્યાદ્વાદ રહસ્ય' નામના ગ્રંથની રચના કરી. અભ્યાસ કરવા જતાં પહેલાં આવા દુર્ગમ ગ્રંથની રચના કરવી તે તેઓશ્રીની પ્રખર પંડિતાઈનો પાકો પુરાવો છે.

કાશી તરફ વિહાર કરતાં પહેલાં પૂજ્ય આ. શ્રી વિજયસિંહસૂરીશ્વરજી મ.શ્રીએ સંયમ-તપ-ત્યાગ અને વૈરાગ્યને જાળવી રાખવા માટે તથા પંચાચારના પાલન આદિ માટે ઘણી ઘણી હિતશિક્ષા આપી તથા ગંગાતટે સરસ્વતીની ઉપાસના કરાવી લેવાની અને ભણીને જૈન શાસનની પરમ જ્યોત જગાવવાની પણ શીખ આપી. ૧૭૦૧ના ચાતુર્માસ બાદ કોઈ શુભ દિવસે ગુરુજી શ્રી નયવિજયજીએ શિષ્ય પરિવાર સાથે આંતરોલીથી કાશી તરફ વિહાર કર્યો અને વિહાર કરતાં કરતાં ગંગાતટે આવી પહોંચ્યા.

**ગંગાતટે સરસ્વતીની ઉપાસનાઃ-**

પૂજ્ય શ્રી વિજયસિંહસૂરીશ્વરજી મ.સા.ની

સૂચના મુજબ, ગુરુવર્ય શ્રી નયવિજયજી મહારાજશ્રીએ શ્રી યશોવિજયજીને શાસ્ત્રોક્તવિધિપૂર્વક ગંગાતટે "ઐઁ નમ:" એવો સરસ્વતીમંત્ર આપ્યો, જે મંત્રની ૨૧ દિવસ સુધી ગંગાતટે જ સ્થિરાસને બેસીને સાધના કરી, અંતે સરસ્વતીદેવી સાક્ષાત્ પ્રસન્ન થયાં અને યોગ્ય પાત્ર દેખીને તર્કવાદમાં (વાદવિવાદના વ્યવહારમાં) અને કવિત્વશક્તિમાં નિપુણતાનું વરદાન આપ્યું. આ હકીકત તેઓશ્રીએ જ 'જંબૂસ્વામી રાસ' માં લખી છે.

આ પ્રમાણે સરસ્વતીદેવીની સાધના કરી, તેમને પ્રસન્ન કરી, શુભદિવસે ગુરુજી શ્રી નયવિજયજી મહારાજશ્રીએ પોતાના શિષ્ય પરિવાર સાથે કાશીનગરમાં પ્રવેશ કર્યો. ત્યાં બિરાજમાન ચિંતામણિ પાર્શ્વનાથ પ્રભુની સ્તવના-વંદના કરી ઉપાશ્રયમાં સ્થિરતા કરી.

કાશીનો શ્રી જૈન સંઘ તથા ગુજરાતનો શ્રી જૈનસંઘ, તેઓશ્રીની ઉપાસનાના કાર્યમાં પૂરેપૂરો સહયોગ આપવા માટે સદા તત્પર હતો.

**ભટ્ટારકજી પાસે વિદ્યાભ્યાસઃ**

છએ દર્શનશાસ્ત્રોના સર્વોચ્ચ વિદ્વાન અને નવ ન્યાયના પ્રખર પંડિત એવા એક ભટ્ટારકજી પાસે ન્યાયશાસ્ત્રાદિનો અભ્યાસ ચાલુ કર્યો. આ ભટ્ટારકજી ન્યાય- વૈશેષિક, મીમાંસક - ચાર્વાક સાંખ્ય અને બૌદ્ધ આદિ અનેક દર્શન શાસ્ત્રોમાં તથા નવ ન્યાયમાં અતિશય નિષ્ણાત હતા. તેઓની પાસે નિઃશુલ્કપણે ૭૦૦ વિદ્યાર્થીઓ ભણતા હતા અને તેમને રાજ્ય તરફથી પગાર મળતો હતો. પરંતુ પૂજ્ય યશોવિજયજી મહારાજશ્રીને ભણાવવાનો પ્રતિદિન એક રૂપિયો જૈનસંઘ તરફથી આપવામાં આવતો હતો. તેમાં તેઓ ઘણા ખુશ હતા.

હૃદયની લાગણી અને ખંતપૂર્વક ભટ્ટારકજી એવું સુંદર ભણાવતા અને પૂજ્ય શ્રી યશોવિજયજી મ. શ્રી એવું સુંદર ભણતા હતા કે બીજા વિદ્યાર્થીઓ જે ન્યાયશાસ્ત્ર અને ષટ્દર્શનનાં શાસ્ત્રોનો તલસ્પર્શી અભ્યાસ ૧૧-૧૨ વર્ષમાં સમાપ્ત કરે, તે જ અભ્યાસ શ્રી યશોવિજયજી મ. શ્રીએ ફક્ત ત્રણ જ વર્ષમાં સંપૂર્ણ કર્યો. આ અવસરે એક આવો પ્રસંગ બને છે કે -

**ન્યાયાચાર્ય અને ન્યાયવિશારદની પદવીઃ**

કાશીની જેમ કશ્મીર પણ વિદ્યાનું ધામ હતું. ત્યાંથી આવેલા એક વિદ્વાન સંન્યાસીએ કાશીના રાજદરબારમાં પંડિતો સામે વાદવિવાદ માટે પડકાર ફેંક્યો. તે કાળ વાદવિવાદ માટે બહુ જ જાણીતો હતો. ભટ્ટારકજીના ૭૦૦ વિદ્યાર્થીઓ-પંડિતોમાંથી આ પડકાર ઝીલવા કોઈ તૈયાર ન હતું. પૂજ્ય યશોવિજયજી મ. શ્રી ભટ્ટારકજી પાસે ભણતા હતા. પણ બ્રાહ્મણોના વિરોધના કારણે મુનિપણું છદ્મરૂપે પાળતા હતા. જ્યારે પડકાર ઝીલવાનું આવ્યું ત્યારે જૈન શાસનની પ્રભાવના થાય તે માટે "જૈન મુનિપણે" પ્રગટ થઈને પડકાર ઝીલવાનું સ્વીકાર્યું. ભટ્ટારકજીના મનની ઈચ્છા એવી હતી કે જૈનમુનિને બદલે પોતાની નાતનો કોઈ બ્રાહ્મણપંડિત આ પડકાર ઝીલે અને વિજય પ્રાપ્ત કરે તો સારું. તે કારણે ફરીથી ભટ્ટારકજીએ બ્રાહ્મણ પંડિતો તરફ વાદવિવાદનું બીડું ઝીલવા માટે દૃષ્ટિપાત કર્યો. પરંતુ તેમાં સફળતા ન મળી કારણકે વાદમાં પાંડિત્ય ઉપરાંત સ્મૃતિ, તર્કશક્તિ, વાદીની શબ્દ કે અર્થની ભૂલ તરત પકડવાની સૂઝ, વાદીને મૂંઝવવાની શાબ્દિક ઉક્તિ, પ્રયુક્તિઓ, પ્રત્યુપન્નમતિ વિગેરેની પણ આવશ્યકતા રહે છે. પાઠશાળા વતી પડકાર ઝીલવા અને કાશીની ઈજ્જત જાળવવા માટે ભટ્ટારકજીએ છેવટે 'જૈનમુનિને' કહ્યું

વિદ્યાગુરુની સમ્મતિ મળતાં જ શ્રી યશોવિજયજી મ. શ્રીએ વિદ્વાન સંન્યાસી સાથે અનેક વિદ્વાન બ્રાહ્મણ પંડિતોની હાજરીમાં તથા વિદ્યાગુરુ ભટ્ટારકજીની નિશ્રામાં રાજદરબારની અંદર વાદવિવાદ શરૂ કર્યો. અકાટ્ય દલીલો, બુલંદ અવાજ, નિર્ભય ચિત્તપરિણતિ અને નીડર વક્તૃત્વકલા વડે પૂ. શ્રીયશોવિજયજી મ. શ્રી એ તે સંન્યાસીનો પરાભવ કરી, તેને હાર આપી અને વિજય પ્રાપ્ત કરીને પાઠશાળાની, ભટ્ટારકજીની અને કાશીનગરની ઈજ્જત અને શોભા વધારી. તેથી અત્યન્ત ખુશ-ખુશાલ થયેલા ત્યાંના તે જ ૭૦૦ પંડિતોએ તથા ગુરુજીએ સાથે મળીને શ્રી યશોવિજયજી મ.સા. ને 'ન્યાયાચાર્ય અને ન્યાયવિશારદ'નાં બે બિરુદ આપ્યાં.

**કાશીથી આગ્રા તરફ ગમન અને ત્યાં અભ્યાસઃ**

કાશીના ભટ્ટારકજીએ કહ્યું કે મારી પાસે જેટલી વિદ્યા હતી તેટલી સઘળી વિદ્યા આ જૈનમુનિએ પ્રાપ્ત કરી લીધી છે. હવે આથી પણ વધુ અભ્યાસ કરાવનારા બીજા મહાવિદ્વાન એક ભટ્ટારકજી આગ્રામાં છે. ત્યાં જઈને આ જૈનમુનિને અભ્યાસ કરાવો. આવી સૂચના મળતાં જ ગુરુવર્ય શ્રી નયવિજયજી મ. શ્રીએ શિષ્ય પરિવાર સાથે કાશીથી વિહાર કર્યો અને સારા દિવસે આગ્રામાં પ્રવેશ કર્યો અને ત્યાંજ બીજા ચાર વર્ષો સુધી નવ ન્યાય આદિનાં શાસ્ત્રોનો ઘણો ઊંડો તલસ્પર્શી અભ્યાસ કર્યો. જાણે સાક્ષાત્ સરસ્વતીનો અવતાર જ હોય તેવા વિદ્યાના પારગામી બન્યા. આ રીતે વિક્રમ સંવત ૧૭૦૧ થી ૧૭૦૯ સુધીમાં અનેક દર્શનશાસ્ત્રોનો અને ન્યાયશાસ્ત્રોનો અભ્યાસ પૂ. શ્રી યશોવિજયજી મ. શ્રીએ કર્યો.

તે કાળે આગ્રામાં દિગંબર આમ્નાયના મહાવિદ્વાન ગણાતા પંડિત શ્રી બનારસીદાસ હતા. તે શ્રી બનારસીદાસની સાથે પણ વાદવિવાદ ગોઠવાયો. બનારસીદાસ એકાન્તનિશ્ચયની પક્કડવાળા અને વ્યવહારના ઉચ્છેદક હતા. તેઓની સામે વ્યવહાર-નિશ્ચય ઉભયનું યથાર્થ સમન્વયાત્મકભાવે મંડન કરી તેમાં પણ વિજય પ્રાપ્ત કરીને તે જ વખતે આ વાદવિવાદમાં કહેવાયેલી અને અકાટ્ય યુક્તિઓથી ભરપૂર "અધ્યાત્મમત પરીક્ષા" નામનો ગ્રંથ બનાવ્યો. તે ગ્રંથમાં (૧) સ્ત્રીમુક્તિ, (૨) કેવલીભક્તિ, (૩)કરપાત્રી અને (૪) વસ્ત્ર પરિધાન - આ ચાર બાબતોની ઘણી ચર્ચા કરેલી છે અને નિશ્ચયની જેમ વ્યવહારની પણ આવશ્યકતા સિદ્ધ કરેલી છે. તે સમયે તેઓએ ત્યાં કેટલાક દિગંબર શાસ્ત્રોનો અભ્યાસ પણ કર્યો.

**ગુજરાતમાં આગમન અને અવધાન પ્રયોગઃ-**

આ બાજુ ગુજરાતમાં પૂજ્ય હીરસૂરીશ્વરજી મ.શ્રી, પૂજ્ય શ્રી વિજયસેનસૂરીશ્વરજી મ.શ્રી તથા ઉપાધ્યાય શ્રી કલ્યાણવિજયજી મ. શ્રી આદિના સ્વર્ગવાસ પછી શિથિલાચાર વધતો જતો હતો. પરસ્પર કલેશ અને કડવાશનાં બીજ પણ શરૂ થયાં હતાં. યતિ સંપ્રદાય જેવી પ્રથા ચાલુ થઈ ચૂકી હતી. ક્રિયોદ્ધાર કરવાની તાતી જરૂર હતી. તે વખતે વયોવૃદ્ધ શ્રી વિજયદેવસૂરીશ્વરજી મહારાજશ્રીએ સમુદાયની ધુરાના નાયકપદે આચાર્યશ્રી વિજયસિંહસૂરીશ્વરજીને સ્થાપ્યા. તેઓશ્રી પ્રખર વિદ્વાન, વૈરાગ્યવાસિત, નિરતિચાર સંયમપાલનમાં અડગ અને સિંહ જેવા પ્રતાપી હતા. પરંતુ તેઓશ્રી આ પાટ ઉપર ફક્ત બે જ વર્ષ રહ્યા અને વિક્રમ સંવત ૧૭૦૮માં અષાઢ સુદ ૨ ના દિવસે કાલધર્મ પામ્યા. તેથી પાછી સમુદાયની ધુરા પાછલી ઉંમરે પણ શ્રી વિજયદેવસૂરીશ્વરજીના માથે આવી. આ બધા સમાચાર પૂજ્ય નયવિજયજી મ. અને પૂ. શ્રી યશોવિજયજી મ. શ્રીને મળતા રહેતા હતા. તેથી તેઓ પણ ગુજરાત તરફ આવવા વિશેષ ઉત્સુક હતા.

આગ્રાથી વિહાર કરી ૧૭૦૯નું ચાતુર્માસ રાજસ્થાનમાં કરીને ૧૭૧૦માં પાટણ પધાર્યા. સંવેગી પક્ષના પં. શ્રી ઋદ્ધિવિમલજીએ ૧૭૧૦માં પાલનપુર પાસેના ગોલા ગામમાં ક્રિયોદ્ધાર કર્યો અને તેમાં પૂજ્ય યશોવિજયજી મ. શ્રીએ ઘણો જ સહકાર આપ્યો. આવો ઉલ્લેખ શ્રી વિબુધવિમલજી કૃત 'સમ્યક્ત્વ પરીક્ષા' નામના ગ્રંથમાં છે. તેથી ૧૭૧૦માં પાટણ આવી ગયા હોય એમ જણાય છે.

**અવધાન પ્રયોગઃ**

તે વખતે દિલ્હીમાં ઔરંગઝેબ બાદશાહ રાજ્ય કરતો હતો. તેના સુબા તરીકે 'મહોબતખાન' અમદાવાદમાં રાજ્ય ચલાવતો હતો. તેણે પૂજ્ય યશોવિજયજી મ.શ્રીના પાંડિત્યની કીર્તિ ધનજી સુરા આદિ શ્રેષ્ઠીગણ દ્વારા સાંભળી હતી. તે મહોબતખાન ઉદાર દિલવાળો હતો. તેને ઇચ્છા થઈ કે શ્રી યશોવિજયજી રાજસભામાં આવે અને કોઈક ચમત્કારિક પ્રયોગ બતાવે. ધનજી સુરા આદિ દ્વારા આમંત્રણ મોકલ્યું. જૈનશાસનની પ્રભાવના થશે એમ સમજીને ગુરુમહારાજે આજ્ઞા કરી. ગુરુજીની આજ્ઞા થતાં યશોવિજયજી મ.શ્રીએ રાજસભામાં આવીને ઘણી વિશાળ સભા સમક્ષ ૧૮ (અઢાર) અવધાન પ્રયોગ કર્યા. તે દેખીને મહોબતખાન તથા સામાન્ય પ્રજા ઘણી જ ખુશખુશાલ થઈ ગઈ. આ પ્રયોગોથી પૂ. શ્રી યશોવિજયજી મ.શ્રીની સ્મરણશક્તિ, ધારણાશક્તિ, વિદ્વત્તાશક્તિ અને ઉત્તરદાયિત્વની

શક્તિની ચોતરફ અધિકાધિક પ્રશંસા થવા લાગી. મહોબતખાને પણ પ્રભાવિત થઈને ઉત્સાહ અને ઉંમગ સાથે તેમનું ઘણું જ બહુમાન કર્યું.

**સાહિત્યસર્જન અને ગ્રંથોની રચનાઃ**

જેમ ચોમાસામાં કરેલી વાવણીનું ફળ માગસર માસમાં લેવાય, વાવેલા દાણા અલ્પ હોય પરંતુ તેના ફળ રૂપે પાકેલું ધાન્ય ગાડેગાડાં ભરાય, તેવી જ રીતે શ્રી યશોવિજયજી મ. શ્રીએ ગુરુ મહારાજશ્રી પાસેથી તથા કાશી અને આગ્રાના ભટ્ટારકજી પાસેથી મેળવેલી વિદ્યાથી તેના ફળ સ્વરૂપે હવે ૧૭૧૦ થી અનેક ગ્રંથોની રચના કરવા રૂપે સાહિત્યસર્જનની શરૂઆત કરી. સંસ્કૃત, પાકૃત, ગુજરાતી અને મારવાડી ભાષામાં રચેલું તેઓશ્રીનું ઘણું સાહિત્ય આજે પણ મળે છે.

શાસ્ત્રાભ્યાસથી અને ગુરુપરંપરાથી પ્રાપ્ત થયેલા પોતાના અનુભવબળથી સ્વયં સ્ફૂરણા દ્વારા જ્ઞાનસાર અષ્ટક, અધ્યાત્મસાર, અધ્યાત્મ ઉપનિષદ આદિ અનેક ગ્રંથોની રચના કરી.

અન્ય ગ્રંથો :- અનેકાંત વ્યવસ્થા, દેવધર્મ પરીક્ષા, જૈનતર્ક પરિભાષા, ગુરુતત્ત્વવિનિશ્ચય, યતિલક્ષણસમુચ્ચય, નયરહસ્ય, નયપ્રદીપ, નયોપદેશ, જ્ઞાનબિંદુ, ન્યાયખંડન, ખંડખાદ્ય, ન્યાયાલોક, પ્રતિમાશતક વિગેરે ૮૧ શાસ્ત્રોની રચના કરેલ છે.

સંસ્કૃત-પ્રાકૃત ભાષામાં પોતાના બનાવેલા મૌલિક ગ્રંથો ૪૪, ટીકાગ્રંથો ૧૧ અને અનુપલભ્ય ગ્રંથો ૨૬, આમ કુલ ૮૧ ગ્રંથોની વિગત મળી શકી છે. ૧૭૧૦ થી ૧૭૪૪ સુધીના ટૂંકાગાળામાં આ મહાત્મા પુરુષે અદભુત શાસ્ત્રરચના કરીને કેટલી શ્રુતભક્તિ કરી છે અને તે દ્વારા કેટલી શાસનસેવા કરી છે, તે જાણવાથી તેઓશ્રી કેટલા મહાન પ્રખર પંડિત હશે તે સમજાય છે. તેઓશ્રીને ભાવપૂર્વક લાખો લાખો વંદન.

**'જ્ઞાનસાર' શાસ્ત્રનો સંક્ષિપ્ત પરિચયઃ**

આઠ શ્લોકનું એક અષ્ટક એવા ૩૨ અષ્ટકોમાં પૂજ્યશ્રી મહોપાધ્યાયજીએ સમસ્ત જૈન દર્શનનો સાર આપી દીધો છે. આ શાસ્ત્ર ઉપર કર્તાએ પોતે જ બાલાવબોધ (ટબો)ની રચના કરી છે. આત્મસ્વરૂપને સમજીને આત્મજ્ઞાન થવા અર્થે જે જે સાધનોની જરૂર પડે તે તે સાધનોનું ક્રમબદ્ધ આ શાસ્ત્રમાં નિરૂપણ કરવામાં આવેલ છે. જૈન તત્ત્વદર્શનનો નિચોડ આપી દીધો છે. આ શાસ્ત્ર જૈન દર્શનના 'ગીતાગ્રંથ' તરીકે પણ ઓળખાય છે. કેટલાયે સાધુસાધ્વીને આ ગ્રંથ કંઠસ્થ હોય છે. પૂ.શ્રી પ્રતાપસૂરીજી મહારાજને રોજ 'જ્ઞાનસાર'નું પઠન ન થાય ત્યાં સુધી કશું વાપરવું નહિ એવો નિયમ હતો.

ગ્રંથ કદમાં નાનો હોવા છતાં બત્રીસ અષ્ટકોના બત્રીસ વિષયોમાં જૈન ધર્મના હાર્દને ઠાલવી દીધું છે. દોરો પરોવેલી સોંય જેમ ખોવાતી નથી તેમ જ્ઞાનસારના મર્મને ગ્રહણ કરનાર મુમુક્ષુ સંસારમાં ડૂબી ન શકે, ખોવાઈ ન જાય એવું દૈવત આ શાસ્ત્રમાં રહેલ છે.

જ્ઞાનને સાગરની ઉપમા આપવામાં આવી છે. સાગર જેવા વિશાળ અને ગંભીર જ્ઞાનનો પાર પામવો દુષ્કર છે. પરંતુ મહોપાધ્યાયજીએ આ જ્ઞાનસાગરને ૩૨ અષ્ટકની ગાગરમાં સમાવીને આપણા પર મહાન ઉપકાર કરેલ છે. જ્ઞાનસારનું જેમ જેમ વાંચન અને મનન કરવામાં આવે તેમ તેમ નવીનતા જણાય છે અને નવીન ભાવોની સ્ફુરણા થાય છે. આ જ ઉત્તમ ગ્રંથનું લક્ષણ છે. જેમને ત્રિવિધ તાપથી મુક્ત થવાની અને અધ્યાત્મ પામવાની જિજ્ઞાસા છે તેમના માટે આ ગ્રંથ અમૃતની સચોડી નારિયેળી છે.

ખરેખર ગ્રંથકાર મહાત્મા મહો. યશોવિજયજીએ પોતાનું શાસ્ત્રજ્ઞાન અને અનુભવજ્ઞાનનું નવનીત આપી દીધું છે. સંસારરોગ જેવા અનાદિના કેન્સર રોગનું નિદાન અને ઉપચાર એ બંને 'જ્ઞાનસાર' માંથી મળી રહે છે. નિશ્ચયનય અને વ્યવહારનયની અદ્‌ભુત સમતુલા ભાગ્યે જ બીજા કોઈ ગ્રંથમાં જોવા મળે છે.

બત્રીસ અષ્ટકોનો બનેલો આ ગ્રંથ અનેક ચમત્કૃતિઓનો ખજાનો છે. ટીકાકારશ્રી - ધુરંધર

**(અનુસંધાન પાના નં. ૯ પર)**

# વિનયગુણ

**અનુવાદ : બા.બ્ર. બિન્દુદીદી**

(પૂજ્ય આચાર્ય ૧૦૮શ્રી વિદ્યાસાગરજી મહારાજના પ્રવચનાંશ)

અંતરંગમાં જ્યારે વિનય પ્રગટ થાય છે. ત્યારે તેની જ્યોતિ ચોતરફ પ્રકાશિત થાય છે. તે ચહેરા પર ઝગમગે છે, નેત્રોમાંથી ફૂટે છે, શબ્દોમાં ઉદ્ભૂત થાય છે. અને વ્યવહારમાં પ્રદર્શિત થાય છે.

વિનયનું માહાત્મ્ય અનુપમ છે. આ એક એવું સોપાન છે, જેના પર આરૂઢ થઈ સાધક મુક્તિ તણી મંજિલ લગી પહોંચી શકે છે. વિનય આત્માનો ગુણ છે અને એ તત્ત્વમંથનથી જ પ્રાપ્ત થઈ શકે છે. વિનયનો સામાન્ય અર્થ સન્માન, આદર, પૂજા ઇત્યાદિ રૂપે સમજી શકાય. વિનયથી આદર અને પૂજા તો પ્રાપ્ત થાય છે; સાથે સાથે વિરોધીઓ પર વિજય પણ મેળવી શકાય છે. ક્રોધી, કામી, માયાવી, લોભી મનુષ્યોને સંભવતઃ વિનય દ્વારા વશ કરી શકાય છે. વિનયીજન અન્ય લોકોની વિચારસરણીને સારી રીતે સમજી શકે છે. તે હરહંમેશ અન્યોની ભલાઈ, વિકાસની વાંછા કરે છે. અવિનયમાં શક્તિનું વિઘટન છે અને વિનયમાં શક્તિનું કેન્દ્રીકરણ. કોઈ આલોચના કરે તોયે વિનયીજન સમતાભાવમાં રહે છે. ખરા વિનયીજનને જો કોઈ ખરું ખોટું કહે તો પણ તે તેના પ્રતિ વિનયપૂર્ણ વ્યવહાર જ કરે છે.

એક જંગલમાં એક વડનું અને એક વાંસનું વૃક્ષ પાસેપાસે ઉગેલાં. ઘમંડથી છકેલું વટવૃક્ષ એક વખત વાંસવૃક્ષને કહેવા લાગ્યું કે તારા જીવનથી શું લાભ છે? ન તું કોઈને છાયા આપી શકે છે કે ન તો તારા ઉપર ફળફૂલ ઉગે છે. આ મને જો, હું કેટલા રાહદારીઓ, પશુઓ ઇત્યાદિને છાયા આપું છું! વળી, મારા લાકડામાંથી બેસવા માટે સુંદર આસનો વગેરે પણ બનાવી શકાય છે. તારા લાકડાથી તો અન્યોની પિટાઈ જ કરી શકાય. આવાં કટુવચનો સાંભળીને પણ વાંસવૃક્ષ મૌન જ રહ્યું. ત્યાં અચાનક ભયંકર આંધી, વરસાદ અને તોફાન શરૂ થયું. તોફાનની ભયંકરતા જોઈ વાંસવૃક્ષ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવા લાગ્યું, તો વટવૃક્ષ ઘમંડમાં એમને એમ ઊભું રહ્યું અને જોતજોતામાં પવને તેને ઉખેડી ફેંકી દીધું. થોડીવારમાં તોફાન શમી જતાં નમીને જમીનસરસું થયેલું વાંસવૃક્ષ ફરી પોતાની પૂર્વવત્ સ્થિતિમાં આવી ગયું અને વટવૃક્ષ નાશ પામ્યું. આમ, વિનયનો જય અને અવિનયનો પરાજય થયો. જે ગર્વ, ઘમંડ કરે છે તેની સ્થિતિ હંમેશા દયનીય હોય છે.

મનુષ્યે ભાષા, શબ્દોનો વિનય પણ શીખવો જોઈએ. શબ્દોનો અવિનય ક્યારેક ક્યારેક અનેક પ્રકારે અતિ હાનિનું કારણ બને છે. શબ્દોના વિનયથી શાંતિનું પ્રસારણ થાય છે. વિનયગુણથી સમન્વિત વ્યક્તિની કેવળ એક ભાવના હોય છે કે સર્વમાં આ અદ્ભુત વિનયગુણ ઉદ્ભૂત થાય.

એક દિવસ આચાર્યશ્રીને એક સજ્જને પ્રશ્ન કર્યો, "મહારાજ! આપ આપની પાસે આવનાર વ્યક્તિને બેસવાનો વિનય પણ નથી કરતા અને તેથી તે વ્યક્તિને ખરાબ લાગે છે." આચાર્યશ્રીએ તે સજ્જનની વાત એકદમ ધ્યાનથી સાંભળી અને કહ્યું કે ભાઈ, સાધુનો વિનય અને ગૃહસ્થનો વિનય એક સરખો ક્યાંથી હોય? આવનાર વ્યક્તિને આવો, બેસો એમ હું કેવી રીતે કહી શકું? કારણ કે આ સ્થાન જ મારું નથી. ધારો કે કોઈ કેવળ દર્શન માટે જ આવ્યું હોય તો? એ જ રીતે હું કોઈને જવાનું પણ કઈ રીતે કહી શકું ? કોઈના આવવા - જવાની અનુમોદના સાધુ કેવી રીતે કરે? એવી જ રીતે તેમના આવાગમન માટેના વાહનોની અનુમોદના પણ હું કેવી રીતે કરું

કે જેનો મેં વર્ષો પૂર્વે ત્યાગ કર્યો છે? આચાર્યોનો મુનિઓ માટે કેવળ એટલો જ ઉપદેશ છે કે આગંતુકો, દર્શનાર્થીઓ માટે તેઓ પોતાના હાથથી કલ્યાણનો સંકેત કરે અને સ્મિતના પ્રસાદનું પ્રસરણ કરે. આથી વિશેષ મુનિઓએ કંઈ કરવાનું હોતું નથી.

**मैत्रीप्रमोदकारुण्यमाध्यस्थानि च सत्त्वगुणाधिकक्लिश्यामानाविनयेषु ।**

**-तत्त्वार्थसूत्र - (અધ્યાય-૭)**

મુનિઓનું જ્યારે આ જીવનસૂત્ર છે તો તેઓ અન્ય જીવો પ્રતિ અવિનયની ભાવના કેવી રીતે રાખી શકે? તેમને કોઈ અપશબ્દો કહે તો પણ તેઓ સર્વ પ્રત્યે મૈત્રીભાવ જ રાખે છે. તેઓ જંગલમાં મંગલ કરે છે અને અમંગલમાં પણ મંગલ કરે છે. સર્વ જીવો પ્રત્યે મંગલભાવનાથી ઓતપ્રોત રહે છે.

"સો ધર્મ મુનિન કર ધરિયે, તિનકી કરતૂતિ ઉચરિયે,
તાકો સુનિયે ભવિ પ્રાની, અપની અનુભૂતિ પિછાની."

**- છહઢાળા**

સાધુની મુદ્રા તો એટલી વીતરાગતામય હોય છે કે અન્ય માટે તો આત્માનુંભવનું પ્રબળ સાધન બની જાય.

દૃષ્ટાંતરૂપે - એક સજ્જન એક કીચડના ખાડા પાસેથી પસાર થઈ રહ્યો હતો. ત્યાં તેણે જોયું કે એક વીંછી તે કીચડમાં ડૂબી રહ્યો છે. સજ્જને દયાભાવથી તેને બહાર કાઢવાની કોશિશ કરી તો વીંછીએ તેને ડંખ મારી દીધો. સજ્જન તેને બચાવવા ઈચ્છતો હતો. તે વારંવાર વીંછીને બહાર કાઢવાની કોશિશ કરે અને દરવખતે વીંછી તેને ડંખ મારતો રહે. આ સઘળું જોઈ રહેલી કેટલીક વ્યક્તિઓએ તે સજ્જનને કહ્યું કે ભાઈ, તું ગાંડો થયો છે તે આટલા ડંખ સહન કરે છે! સજ્જને કહ્યું કે ભાઈ, જો વીંછી જેવું તુચ્છ જંતુ તેનો સ્વભાવ ન છોડી શકે તો પછી હું મનુષ્ય, મારો સ્વભાવ કેવી રીતે છોડી શકું? આ જ પ્રકારે મુનિરાજ પણ પોતાનું કર્તવ્ય નિભાવ્યા કરે છે. અવિનયી મનુષ્ય પોતાનું અવિનયીપણું નથી છોડતો તો મુનિરાજ પોતાની મંગલભાવના નથી છોડતા. આવા સાધુ કોઈ પ્રતિ અવિનયની ભાવના કેવી રીતે રાખી શકે !

શાસ્ત્રોમાં અભાવોની ચર્ચા કરવામાં આવી છે. તેમાં પ્રાગભાવનું તાત્પર્ય છે કે વર્તમાન પર્યાયનો પૂર્વ પર્યાયમાં અભાવ અને પ્રધ્વંસાભાવનું તાત્પર્ય છે આગામી/ભાવિ પર્યાયમાં વર્તમાન પર્યાયનો અભાવ. તેનો અર્થ એ છે કે જે ઉન્નત છે તે પડી શકે છે અને જે પતિત છે તે ઊઠી પણ શકે છે. આ જ કારણ છે કે સર્વ આચાર્યો, મહાન તપસ્વીઓ પણ ત્રિકાળવર્તી તીર્થંકરોને નમોઽસ્તુ પ્રસ્તુત કરે છે અને ભવિષ્યકાળના તીર્થંકરોને નમોઽસ્તુ કરતી વેળાએ ભાવિનયની અપેક્ષાએ સામાન્ય સંસારી જીવો પણ તેમાં શામિલ થઈ જાય છે. અહીં તેમાં કોઈ અવિનયનો પ્રશ્ન જ નથી ઉદ્‌ભવતો. સર્વ તપસ્વીઓએ સમગ્ર જીવોની અનંત શક્તિને જાણી, ઓળખી લીધી છે, ભલેને સર્વ જીવોને તેની પ્રતીતિ હોય કે ન હોય. સર્વ જીવોમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાની શક્તિ વિદ્યમાન છે એમ કુંદકુંદાદિ મહાન આચાર્યોએ પણ પ્રતિપાદન કર્યું છે.

પોતાના વિનયગુણનો વિકાસ કરો. વિનયગુણથી અસાધ્ય કાર્ય પણ સહજ સાધ્ય બની જાય છે. આ વિનયગુણ ગ્રાહ્ય છે, ઉપાસ્ય છે, આરાધ્ય છે. ભગવાન મહાવીર કહે છે કે મારી ઉપાસના ભલે ન કરો, વિનયગુણની ઉપાસના અવશ્ય કરો. વિનયનો અર્થ એટલો સંકીર્ણ નથી કે આપણે પ્રભુનો અને પ્રભુ સમક્ષ તો વિનય પ્રગટ કરીએ પરંતુ આડોશપાડોશમાં અવિનયનું પ્રદર્શન કરીએ તે કેમ ચાલે ? તેમનો પણ યથાયોગ્ય વિનય કરવો જોઈએ. "**मानेन तृप्ति न तु भोजनेन**" અર્થાત્ સન્માનથી તૃપ્તિ થાય છે, ભોજનથી નહીં. તેથી વિનયગુણ શીખો, તેને પ્રાપ્ત કરો. એ વિનયગુણ થકી સાધકને સિદ્ધત્વની પ્રાપ્તિ થશે.

અહિંસા પરમો ધર્મની જય.

# અદ્ભુત રચના - માનવશરીર

**પારુલબેન બી. ગાંધી**

કેટલાક લોકો માનવપિંડને આશ્ચર્યથી જુએ છે, કેટલાક વળી ઘણા આશ્ચર્ય સાથે તેનું વર્ણન કરે છે, કેટલાક લોકો આશ્ચર્યથી આ માનવપિંડના વર્ણનને સાંભળે છે છતાં પણ કોઈપણ માણસ પૂર્ણસ્વરૂપે તેને જાણી શકતો નથી - ગીતા.

માનવશરીર કુદરતની રહસ્યમય છતાં અદ્ભુત રચના છે. આ શરીરમાં જ આત્મારૂપે પરમાત્મા નિવાસ કરે છે. માનવશરીરને ઈશ્વરીય અંશ પણ કહી શકાય. આ માનવશરીરની વિશિષ્ટતા એટલી બધી છે કે તેનો તાગ પામે તો નાસ્તિક પણ પૂરેપૂરો આસ્તિક બની જાય. ઘણી બધી વસ્તુઓ એવી હોય છે કે જેને આપણે બુદ્ધિથી પામી શકતા નથી પણ ત્યારે આપણે મનથી તેને સ્વીકારી લઈએ છીએ. આ સ્વીકારની વાત એ જ છે આપણી શ્રદ્ધા. આ દુનિયામાં અત્યાર સુધીમાં જેટલા યંત્રો બન્યા છે તે બધાની સરખામણીમાં માનવદેહ બધાથી અદ્ભુત અને આશ્ચર્યજનક છે. બધા યંત્રો જડ છે તેવી જ રીતે શરીરમાંથી પણ 'આતમરામ' આઉટ થઈ જાય એટલે તે પણ જડ જ બની જાય છે.

આવો, આજે આપણે આ માનવશરીરની અદ્ભુતતાને એક પછી એક જાણીએ અને સમજીએ.

(૧) લેપટોપ, ઈન્ટરનેટ, કોમ્પ્યુટર, રોકેટ, રોબોટ જેવી શોધો કરનાર માનવ અને તેની બુદ્ધિ એટલે કે મગજ છે. આ મગજ વિષે જોઈએ તો વૈજ્ઞાનિકોના મતાનુસાર તીવ્ર બુદ્ધિશાળી વ્યક્તિ પણ મગજની કુલ શક્તિના ૭ થી ૮ ટકા શક્તિનો જ ઉપયોગ કરે છે. બાકીનો ભાગ વણવપરાયેલો રહે છે.

(૨) મનુષ્યની ત્વચા એ શરીરનો કિલ્લો છે, જે શરીરનું રક્ષણ કરે છે. આ ત્વચાનાં કોષ પાંચ દિવસમાં બદલાઈ જાય છે. ૨૭ દિવસમાં આખા શરીરની ચામડી બિલકુલ નવી બની જાય છે.

(૩) પુખ્ત મનુષ્યના શરીરમાં એક હજાર કરોડ કોષ હોય છે; જેમાંથી દર સેકન્ડે પાંચ કરોડ કોષ નાશ પામે છે.

(૪) ચામડીની અંદરના ભાગની રચના ઘણી વધુ જટિલ હોય છે. એમાં લાખો સ્નાયુતંતુ ફેલાયેલા હોય છે.

(૫) ચામડી આપણા શરીરની રક્ષા કરે છે. તે માટે તે જરૂર મુજબ વ્યૂહરચના કરે છે. આંખ જેવા કોમળ અંગના રક્ષણ માટે તે પાતળી અને મુલાયમ બની જાય છે કે એની જાડાઈ એક ઈંચના બે હજારમાં ભાગ જેટલી છે. ટેરવાનાં રક્ષણ માટે તે નખને બરાબર તૈયાર કરી રાખે છે. પગનાં તળિયામાં તે બરછટ, કઠોર બની જાય છે, કારણ કે પગને હંમેશાં કઠોર વસ્તુઓ સાથે રહેવાનું હોય છે. જ્યારે જ્યાં હાડકાનાં સાંધા હોય ત્યાં તે પાતળા રબરની જેમ વર્તે છે.

(૬) એક ચોરસમીટર ચામડીમાં ૧૫ તૈલગ્રંથિઓ, ૧૦ વાળ, ૩૦ લાખ કોષો, ૪ ગરમીસૂચક તંત્ર, ૨૦૦ દર્દસૂચક સ્નાયુતંતુ, ૨૫ સ્પર્શાનુભૂતિ તંતુ, ૪ ગજ સ્નાયુ, ૩ હજાર લાગણીગ્રાહક કોષો. ૧૦૦ સ્વેદગ્રંથિઓ અને ૩ ફૂટ રક્તવાહિનીઓ હોય છે.

(૭) મોસ્કોનાં જીવવૈજ્ઞાનિક પ્રોફેસર નારસોવ કહે છે કે શરીરમાં ૬૦ હજાર કરોડ કોષો છે. દરેક કોષમાં હજારો પાવર સ્ટેશન, પરિવહન સંસ્થાન અને સંચાર વ્યવસ્થાનું એક મોટું શહેર છે.

(૮) શરીરમાં ૨૦૬ હાડકાં અને લગભગ ૬૦૦ જેટલી માંસપેશીઓની ઉપર ચામડીનું આવરણ ચઢેલું છે. હાડકાં જેવી હલકી છતાં મજબૂત વસ્તુની કલ્પના કરવી પણ મુશ્કેલ છે.

(૯) આપણા શરીરમાં હાડકાનું વજન આખા શરીરનાં વજનનાં પંચમોટા ભાગ કરતાં પણ ઓછા વજનનું હોય છે. છતાં તે આખા શરીરનો ભાગ ઊઠાવે છે.

(૧૦) જ્યારે આપણે ખાલી હાથ હલાવતાં ચાલીએ છીએ ત્યારે જાંઘનાં હાડકાનાં એક ચોરસ ઇંચ ઉપર પાંચસો પાંચસો કિલોનું દબાણ પડતું હોય છે.

(૧૧) હાડકા શરીરની જરૂરિયાત મુજબનાં આકારમાં હોય છે. જાંઘના હાડકા પર વધુ જોર પડે છે એટલે એમનો આકાર પોલા વેલણ જેવો છે. હાડકાનાં સાંધા એવા છે જાણે કે કોઈ ગોળ રીંગમાં દડો ફસાવી ન દીધો હોય. હાથ-પગ સરળતાથી ફરે છે તો પણ છૂટાં નથી પડતાં.

(૧૨) સ્ત્રીનાં થાપાનાં હાડકા પુરુષો કરતાં જુદાં હોય છે. એમાં એવી વ્યવસ્થા હોય છે કે પ્રસવકાળ નજીક આવતા સાંધા થોડા ખુલી જાય છે, જેથી બાળકનો જન્મ સરળતાથી થઇ શકે છે.

(૧૩) મનુષ્ય એક મિનિટમાં ૧૬ થી ૨૦ વાર શ્વાસ લે છે દરેક શ્વાસની સાથે ૩૦૦ થી ૫૦૦ ક્યૂબિકસેન્ટિમીટર હવા ફેફસામાં ભરવામાં આવે છે. ફેફસાની અંદર ઝૂમખા જેવા ૨૫ કરોડ વાયુકોષો હોય છે. એમની દીવાલોનું બાહ્ય ક્ષેત્રફળ ૬૦ ચોરસમીટર હોય છે, જ્યારે કોઇ વ્યક્તિ ૧૦૦ મીટર લાંબી દોડમાં ભાગ લે છે ત્યારે શ્વાસના માધ્યમથી તે ૧૮૦ લીટર હવા ખેંચી શકે છે. સમય આવ્યે આ ફેફસા આઠ ગણા ફેલાઇ શકે છે.

(૧૪) શ્વાસના માધ્યમથી હવા ફેફસામાં જાય અને એમાં રહેલો ઓક્સિજન સૂક્ષ્મ રક્તવાહિનીઓની દીવાલમાં બનેલા છિદ્રોમાં થઇને લોહીમાં ભળી જાય છે. આ વખતે લોહીનો વિકાર કાર્બન ડાયોક્સાઇડનાં રૂપમાં વાયુકોષોમાં આવીને ઉચ્છ્‌વાસ દ્વારા બહાર નીકળી જાય છે. આ રીતે ફેફસા ૨૪ કલાક પ્રાણવાયુ ગ્રહણ કરવાનું અને શરીરમાં રહેલા વિષતત્ત્વોને બહાર કાઢવાનું કાર્ય કરે છે.

(૧૫) વિશ્વની કોઇપણ ક્રેઇન ૩૬૦ અંશના ખૂણામાંથી કોઈપણ અંશના ખૂણે ફરી શકતી નથી પરંતુ હાડકાની વિશેષતાને કારણે હાથ આ કામ ખૂબીપૂર્વક કરે છે.

(૧૬) શરીરની માંસપેશીઓ પોતાનાં વજન કરતાં હજારગણું વજન સહન કરી શકે છે. ભોજન વખતે પેટની માંસપેશીઓ આપમેળે ફેલાય છે.

(૧૭) હૃદય ૩૩૦ ગ્રામ માંસનો એક પિંડ છે. છતાં પણ તે દરરોજ ૯૬૦૦૦ કિલોમીટર લાંબી રક્તિવાહિનીઓમાં રાત-દિવસ લોહીને ફરતું રાખે છે. હૃદય જેટલું લોહી એક દિવસમાં ખેંચે છે એટલાથી ૧૮૦૦૦ લીટરનું એક ટેન્કર ભરી શકાય છે.

(૧૮) સરેરાશ ૬૦ કિલો વજનવાળી વ્યક્તિનાં ૭ કિલોગ્રામનાં હાડકાનાં માળખાને સવા બાર મીટર લાંબા પાચનતંત્ર અને અસંખ્ય કોષોથી ઘેરાયેલા સ્થાનને નિર્મળ રાખવાનું કામ અડધા પાઉન્ડનું નાનકડું હૃદય કરે છે.

(૧૯) પંપસેટને ૨૪ કલાક ચાલુ રાખો તો એ ગરમ થઇ જશે પરંતુ જિંદગીભર ૬ લીટર લોહી આખા શરીરમાં ફરતું રહે છે. શરીરમાં લોહીની એક પરિક્રમા દોઢ મિનિટમાં પૂરી થઇ જાય છે.

(૨૦) ૨૪ કલાકમાં હૃદયને ૧૩૦૦૦ લીટર લોહીની આયાત-નિકાસ કરવી પડે છે.

આવું અદ્‌ભુત શરીર એ માત્ર હાડ-માંસના લોચા જ નથી પરંતુ સહયોગ અને શિસ્તનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. ક્યારેક અકસ્માતે શરીરમાંથી લોહી વહી જાય તો મજ્જાકોષો મદદે આવી જાય છે. એક કીડની અટકે તો બીજી કામે ચડી જાય છે, એટલું જ નહિ એક કીડનીથી પણ માણસ આખી જિંદગી જીવી જાય છે. શરીર પર હુમલો થાય ત્યારે બધા કોષો એક બની જાય છે. હૃદય લોહીની ગતિ વધારી દે છે. ઈમ્યુનતંત્ર એન્ટિબોડીઝ બનાવવા માંડે છે. માંસપેશીઓ સક્રિય બની જાય છે, મગજની ચેતના પ્રખર બની જાય છે.

આ શરીરમાંના એક એક અવયવ જાદુ જેવા છે. માતાનાં સ્તનમાં જે દૂધ બને છે અને નીકળે છે તે ફ્રિઝના દૂધ કરતાં તાજુ તો હોય જ છે પણ તેમાં રોગપ્રતિકારક શક્તિ પણ ખૂબ જ હોય છે. હજુ સુધી કાન જેવું "સાઉન્ડ ફિલ્ટર" બન્યું નથી. આંખ જેવો કેમેરો આજે પણ અસંભવ-અશક્ય છે. જુદા જુદા અવાજને સાંભળ્યા પછી તેને અનુરૂપ પ્રતિકાર કરવાની સંદેશવ્યવહારની પ્રણાલિકા પણ કાનમાં છે. જેમ કે સાપનાં ફૂંફાડાનો અવાજ સાંભળી

એલર્ટ થઇ જાય છે તો આંખ દ્વારા જોઇને પણ તે તુરત જ પોતાને યોગ્ય હોય તેવું કાર્ય કરવા લાગે છે. જેમકે નજીકમાં અગ્નિને જુએ તો તુરત જ દૂર ખસી જાય છે.

અજાયબઘર જેવું શરીર પુરાવા માંગો તો જટિલ કોયડો છે અને જો શ્રદ્ધાથી નિહાળો તો કુદરતે આપેલી અમૂલ્ય ભેટ છે. આ ભેટ એટલી ખૂબસુરત, ટકાઉ અને વિશ્વસનીય છે કે જો ધારીએ તો તેની પાસેથી યોગ્ય રીતે કામ લઇ જીવનને સુંદર અને યાદગાર બનાવી શકીએ.

ડૉ. કેનિથ રોન્સલે કહે છે કે જો યોગ્ય જીવનશૈલી હોય તો મૂત્રપિંડ ૨૦૦ વર્ષ, હૃદય ૩૦૦ વર્ષ, ચામડી ૧૦૦૦ વર્ષ, ફેફસા ૧૫૦૦ વર્ષ અને હાડકાં ૪૦૦૦ વર્ષ કાર્યરત રહી શકે છે. પરંતુ માનવી આ અમૂલ્ય યંત્રને પોતાની ખોટી કામગીરીથી ખોરવી નાખી તેને કાર્યક્ષમતા સાવ ઘટાડી દે છે. જીવન જીવવાની શૈલી અયોગ્ય, ખાનપાનની રીત-રસમ અયોગ્ય, શરીરનો ઉપયોગ કરવાની રીત અયોગ્ય અને કુદરતની આ અણમોલ બક્ષિસને જાળવવાની, તેની પાસેથી યોગ્ય રીતે કામ લેવાની અણ-આવડતને કારણે માનવી તેનો યોગ્ય ઉપયોગ કરવામાં નાકામ રહ્યો છે.

માત્ર જીવવા માટે નહિ પરંતુ અધ્યાત્મની દૃષ્ટિએ જોઇએ તો ઔદારિક શરીરને પામનાર માનવી જ પોતાના શરીરરૂપી સાધનથી-તેના યોગ્ય ઉપયોગથી ધારે તો સિદ્ધગતિના અક્ષય-શાશ્વત સુખોને પામી શકે છે.

જૈનદર્શનની દૃષ્ટિએ જોઇએ તો માનવીને પાંચ પ્રકારનાં શરીર મળે છે. (૧) ઔદારિક (૨) વૈક્રિયક (૩) આહારક (૪) તૈજસ (૫) કાર્મણ. તૈજસ-કાર્મણ શરીર તો દરેક પ્રકારનાં જીવોને હોય છે. તૈજસ એટલે જીવમાં રહેલું અગ્નિતત્વ અને કાર્મણ એટલે કર્મ જે આત્મા સાથે જોડાયેલા છે તે જગતમાં જન્મ લેનાર દરેક જીવને આ બે શરીર તો હોય જ છે. ઔદારિક શરીર એ માત્ર મનુષ્ય અને તિર્યંચને જ મળે છે; જે સડન-ગલન-પડનનાં સ્વભાવવાળું છે. વૈક્રિયક શરીર દેવ અને નારકીને જન્મથી જ હોય છે. જ્યારે મનુષ્ય તે પુરુષાર્થ દ્વારા મેળવી શકે છે. આહારક શરીર તે લબ્ધિરૂપ છે અને માનવ દીક્ષા લઇ ક્રમશઃ આત્માનો વિકાસ કરે છે ત્યારે તેને પ્રાપ્ત થાય છે.

એક મનુષ્યગતિ જ એવી છે જેમાં આ પાંચેપાંચ શરીર પ્રાપ્ત થઇ શકે છે. બાકી નારકી અને દેવને ત્રણ-ત્રણ શરીર તૈજસ-કાર્મણ-વૈક્રિયક હોય છે. આમ, મનુષ્ય એ ખૂબ જ પુણ્યશાળી છે કે જે આ પાંચેય શરીર પ્રાપ્ત કરી શકે છે અને તેનો સાધન તરીકે ઉપયોગ કરીને સિદ્ધગતિનાં અમૂલ્ય સુખો પ્રાપ્ત કરી શકે છે.

શાસ્ત્રોમાં શરીરનો મહિમા બતાવતી કેટલીક અગત્યની વાતો જાણવા મળે છે. મનુષ્ય જન્મ માટે જૈનદર્શન કહે છે-

चत्तारि परमंगाणि, दुल्लहाणीह जंतुणो ।
माणुसत्तं सुई सद्धा, संजमम्मि य वीरियं ॥

ઉત્તરાધ્યયન ૩/૧

આ સંસારમાં ચાર વસ્તુ મળવી ખૂબ દુર્લભ છે. મનુષ્યજન્મ, ધર્મનું શ્રવણ, દૃઢ શ્રદ્ધા અને સંયમમાં પ્રવૃત્તિ અર્થાત્ ધર્મમાં આચરણ. મનુષ્યભવ છે તે એમને એમ સહેલાઈથી મળી જતો નથી. મારો તમારો આત્મા અવ્યવહારરાશિમાં હતો. એક આત્મા સિદ્ધગતિમાં જાય ત્યારે એક આત્મા અવ્યવહારરાશિમાંથી વ્યવહાર રાશિમાં આવે. વ્યવહારરાશિમાં આવ્યા પછી ક્રમશઃ દેવ, નારકી, તિર્યંચના એકેન્દ્રિયથી માંડી પંચેન્દ્રિય સુધીના કેટલાય ભવો કરે ત્યાર પછી અનુક્રમે પુણ્યબંધ થાય ને પછી મનુષ્યભવને યોગ્ય કર્મ બાંધ્યા હોય તો તે પામી શકે. આમ, મનુષ્યભવ વારંવાર મળતો નથી, એટલે આ ભવ મળ્યો છે તેનો યોગ્ય ઉપયોગ કરીને તેને સાર્થક બનાવવો ખૂબ જરૂરી છે.

જેને મોક્ષ મેળવવો છે તેને માટે મનુષ્યભવ અત્યંત જરૂરી છે. અહીંયા આરાધના કર્યા પછી જ મોક્ષ મળે છે. અનુત્તર વિમાનના દેવતાઓ પણ એક ભવ મનુષ્યનો કર્યા પછી જ મોક્ષને પામે છે.

આથી દેવગતિના અનુપમ સુખ ભોગવતા દેવ પણ સમ્યગ્દષ્ટિ હોય પણ ચારિત્રનું પાલન કરી શકતા નથી. મોક્ષને ઇચ્છતો હોય તે નીચેની ત્રણ બાબતોની ઇચ્છા કરે છે -

**સ્થાનાંગસૂત્ર ૩/૩**

तओ ठाणाईं देवे पीहेज्जा

माणुसं भवं, आरिए खेत्ते जम्मं, सुकुल पच्चायार्तिं।

દેવતાઓ પણ ત્રણ બાબતોની ઇચ્છા કરે છે - મનુષ્યભવ, આર્યક્ષેત્રમાં જન્મ અને શ્રેષ્ઠ કુળની પ્રાપ્તિ.

આથી જ આવો મનુષ્યભવ, આર્યક્ષેત્ર, ઉત્તમ કુળ વગેરે મળ્યા પછી તેનું મહત્ત્વ સમજ્યા વિના જે માનવી કર્મનો નાશ કરવા પ્રયત્ન કરતો નથી અને ભોગવિલાસમાં રચ્યોપચ્યો રહી આઠ કર્મનું બંધન ગાઢ કરી રહ્યો છે તે ખરેખર મૂર્ખ છે. આવા મનુષ્ય માટે 'સિંદૂર પ્રકરણ-૫' માં કહ્યું છે કે-

स्वर्णस्थलेक्षिपति स रजः पाद शौचं विधते,
पीयूषेण प्रवरकरिणं वाध्यत्येन्धभारम् ।
चिन्तारन्तं विकिरति कराद् वायसोड्डायनार्थं,
यो दुष्प्राप्यं गमयति मुधा मर्त्यजन्मप्रमत्तः ॥

અર્થાત્ જે વ્યક્તિ આળસ-પ્રમાદને વશ, મનુષ્યજન્મને વ્યર્થ કરી રહ્યો છે તે અજ્ઞાની મનુષ્ય સોનાની થાળીમાં માટી ભરી રહ્યો છે, અમૃતથી પગ ધોઈ રહ્યો છે, શ્રેષ્ઠ હાથી પર ઈંધણનો ભાર વહન કરી રહ્યો છે અને ચિંતામણિ રત્નનો કાગડાને ઉડાડવા માટે ઉપયોગ કરી રહ્યો છે.

આમ, કુદરતની આ અદ્‌ભુત સર્જનની અમૂલ્યતા જાણી તેનો યોગ્ય ઉપયોગ કરીશું તો આપણે સહુ આ સાધનના માધ્યમથી સાધ્ય એવી સિદ્ધગતિએ પહોંચી શકીશું. માનવદેહની રચના અને ઉપયોગ બંન્ને અદ્‌ભુત, આશ્ચર્યજનક છે. જો તેનો યોગ્ય ઉપયોગ થાય તો સંસારથી મુક્તિ અને સિદ્ધગતિના અમૂલ્ય સુખોની પ્રાપ્તિ થઇ શકે છે. આથી જ આ શરીરને ખરાબ ન થવા દો. યોગ્ય જીવનશૈલી દ્વારા જીવો અને શરીરનો સદુપયોગ કરી, યોગ્ય માર્ગે ચાલી મોક્ષ મેળવીએ.

## ગ્રંથ-પુસ્તક સમાલોચના

**મિતેશભાઈ એ. શાહ**

(નોંધ : આ વિભાગ માટે ગ્રંથ કે પુસ્તકની બે નકલ મોકલવા વિનંતી)

**(૧) પુસ્તકનું નામ :** શ્રી આનંદઘન ચોવીશી (ચોવીસ તીર્થંકર સ્તવનોનું વિવેચન)

**લેખક :** શ્રી અશોકભાઈ પી. શાહ **આવૃત્તિ :** પ્રથમ, ડિસેમ્બર-૨૦૨૩ **મૂલ્ય :** રૂા. ૨૦૦/-
(ગુરુપૂર્ણિમા સુધી ૫૦% ડિસ્કાઉન્ટ) **પ્રાપ્તિસ્થાન :** શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા

આકર્ષક મુખપૃષ્ઠ, ઉત્તમ ગુણવત્તાયુક્ત વેઇટલેસ કાગળનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તત્ત્વાભ્યાસી અને ભક્તહૃદયી શ્રી અશોકભાઈ પી. શાહે 'દિવ્યધ્વનિ' માં વર્ષો સુધી 'આનંદઘન ચોવીશી' શીર્ષક હેઠળ આનંદઘનજી રચિત ચોવીશીનું સુંદર વિવેચન પ્રસ્તુત કર્યું હતું. આ વિવેચન અંતર્ગત તેઓએ ચોવીશીના શબ્દાર્થ, ભાવાર્થ અને ગૂઢ રહસ્યો પ્રગટ કર્યા હતા. આ વિવેચન અત્યંત લોકપ્રિય બન્યું. આ વિવેચનને સંગ્રહિત કરી તેને પુસ્તક આકારે પ્રગટ કરવામાં આવે તો ઘણા આત્માર્થી જીવોને લાભનું કારણ બને, આવી ભાવનાથી સંસ્થાએ તેને પુસ્તક સ્વરૂપે પ્રકાશિત કર્યું છે પુસ્તકના પ્રારંભમાં શ્રીમદ્ રાજચંદ્રજીના શ્રી આનંદઘનજી સંબંધી અમૃત વચનો પ્રસ્તુત કર્યા છે. તેમજ શ્રીમદ્‌જી સાથેના સત્સમાગમ વખતે આનંદઘનજી સંબંધી મુમુક્ષુઓએ લખેલ પ્રસંગોનું પણ નિરૂપણ કર્યું છે.

# સમાજ-સંસ્થા દર્શન

## સંસ્થાના આગામી કાર્યક્રમોની રૂપરેખા

| તારીખ | તિથિ | વાર | વિગત |
|---|---|---|---|
| ૨૧-૦૪-૨૦૨૪ | ચૈત્ર સુદ-૧૩ | રવિવાર | ભગવાન મહાવીર જન્મકલ્યાણક દિવસ |
| ૨૯-૦૪-૨૦૨૪ | ચૈત્ર વદ-૫ | સોમવાર | પરમકૃપાળુદેવ સમાધિદિન |
| ૧૮-૦૫-૨૦૨૪ | વૈશાખ સુદ-૧૦ | શનિવાર | સંસ્થા સ્થાપના દિન અને મહાવીર કેવળજ્ઞાન કલ્યાણક |
| ૦૭-૦૭-૨૦૨૪ | અષાઢ સુદ-૨ | રવિવાર | શ્રી જિનમંદિરમાં નૂતન ધ્વજા - રોહણ |
| ૧૯-૦૭-૨૦૨૪ થી ૨૧-૦૭-૨૦૨૪ | અષાઢ સુદ પૂનમ | શુક્રવાર થી રવિવાર | ગુરુપૂર્ણિમા શિબિર |
| ૩૧-૦૮-૨૦૨૪ થી ૦૭-૦૯-૨૦૨૪ | શ્રાવણ વદ-૧૩ થી ભાદરવા સુદ-૪ | શનિવાર થી શનિવાર | શ્રી પર્યુષણ મહાપર્વ |
| ૦૮-૦૯-૨૦૨૪ થી ૧૭-૦૯-૨૦૨૪ | ભાદરવા સુદ-૫ થી ભાદરવા સુદ-૧૪ | રવિવાર થી મંગળવાર | શ્રી દશલક્ષણ પર્વ |
| ૧૮-૧૦-૨૦૨૪ | આસો વદ-૧ | શુક્રવાર | શ્રી આત્મસિદ્ધિ રચના દિન તથા લઘુરાજ સ્વામીની જન્મતિથિ |
| ૩૦-૧૦-૨૦૨૪ થી ૦૨-૧૧-૨૦૨૪ | આસો વદ-૧૩ થી કારતક સુદ-૧ | બુધવાર થી શનિવાર | દીપાવલી આરાધના શિબિર |
| ૦૬-૧૧-૨૦૨૪ | કારતક સુદ-૫ | બુધવાર | શ્રી જ્ઞાનપંચમી |
| ૧૫-૧૧-૨૦૨૪ | કારતક સુદ-૧૫ | શુક્રવાર | પરમકૃપાળુદેવ જન્મજયંતિ (દેવદિવાળી) |
| ૩૦-૧૧-૨૦૨૪ થી ૦૨-૧૨-૨૦૨૪ | કારતક વદ-૧૪ થી માગસર સુદ-૧ | શનિવાર થી સોમવાર | પૂજ્યશ્રીની જન્મતિથિ નિમિત્તે શિબિર |

## સંસ્થામાં ચતુર્દિવસીય 'સમકિત પર્વ શિબિર' સાનંદ સંપન્ન

સંસ્થામાં તા. ૧૧-૨-૨૦૨૪ થી તા. ૧૪-૨-૨૦૨૪ દરમિયાન 'સમકિત પર્વ શિબિર'નું આયોજન કરવામાં આવ્યું હતું. મહાનુભાવોના દીપ-પ્રાગટ્ય દ્વારા શિબિરનો મંગલ પ્રારંભ થયો. શિબિરનું સુંદર અને સફળ સંચાલન સંચાલન સંસ્થાના ટ્રસ્ટી મહોદય આદ. શ્રી શરદભાઈ ડેલીવાળાએ કર્યું હતું. શિબિર દરમિયાન સંસ્થાના પ્રકાશનો પર ૫૦% ડિસ્કાઉન્ટ જાહેર કરવામાં આવ્યું હતું.

**સ્વાધ્યાય :** આદ. પંડિતજી શ્રી પ્રકાશચંદજી છાબડા (ઇન્દોર)એ 'શ્રી પ્રવચનસાર' ના સુખાધિકાર વિશે સ્વાધ્યાય આપતા જણાવ્યું કે સત્‌દેવનો યથાર્થ નિર્ણય હોય તે આગમનો સ્વીકાર કરી શકે. સત્‌દેવ

અન્યથાવાદી ન હોય કેમકે તેઓ સર્વજ્ઞ અને વીતરાગ છે. તર્ક, યુક્તિ અને અનુભૂતિની પ્રધાનતા અધ્યાત્મમાં છે. 'પ્રવચનસાર' માં અધ્યાત્મની સાથે ચરણાનુયોગનું પણ વર્ણન છે.અતીન્દ્રિય સુખનું અવિનાભાવી સાધન અતીન્દ્રિય જ્ઞાન છે. અતીન્દ્રિય આનંદનો અનંતમો ભાગ પણ ઇન્દ્રિયસુખ નથી. આત્માનું સુખ અને જ્ઞાન ઇન્દ્રિયાતીત છે. ઇન્દ્રિયજ્ઞાનનો વિષય અમૂર્તિક પદાર્થ ન બની શકે. દ્રવ્યનો સૌથી નાનો ભાગ (એકમ) પરમાણુ, ક્ષેત્રનો પ્રદેશ, કાળનો સમય અને ભાવનો સૌથી નાનો ભાગ અવિભાગપ્રતિચ્છેદ છે. જે સમસ્તને જાણે તે અતીન્દ્રિય જ્ઞાન છે. આત્માની અનંત શક્તિનો મહિમા જીવને આવતો નથી. જ્ઞાનપ્રાપ્તિમાં કદી સંતુષ્ટ ન થવું. કેવળજ્ઞાનની રિદ્ધિમાં બધી રિદ્ધિઓ સમાઈ જાય છે.નિઃસ્પૃહી મુનિરાજને રિદ્ધિઓ પ્રગટે છે. 'ષટ્ખંડાગમ' નું મંગલાચરણ શ્રી નવકારમંત્રથી થાય છે. ઇન્દ્રિયસુખ પરાધીન છે, જ્યારે અતીન્દ્રિય સુખ સ્વાધીન છે. **श्रूयते इति श्रुतम्।** સંખ્યાતને મતિ-શ્રુતજ્ઞાન જાણી શકે, અસંખ્યાત અવધિજ્ઞાની તથા કેવળજ્ઞાની જાણી શકે. અનંતને માત્ર કેવળજ્ઞાની જાણી શકે. જ્ઞાનનો ઉઘાડ ઘણા પુણ્યથી મળે છે. જૈન ધર્મની વિશિષ્ટતા અનેકાંતવાદ છે. જ્ઞાનજ્યોતિ સ્વ-પર પ્રકાશક છે. સાચા સુખનું લક્ષણ અનાકુળતા છે. ઇન્દ્રિયોના વિષયોની પીડાથી પીડિત સુરેન્દ્રાદિ ઇન્દ્રિયોના વિષયોમાં રમણતા કરે છે. જેને વિષયોમાં રતિ છે તે સ્વાભાવિક દુઃખી છે. ધાર્મિક પ્રશ્નોત્તરી અંતર્ગત પંડિતજીએ મુમુક્ષુ ભાઈ-બહેનોના પ્રશ્નોનું સુંદર સમાધાન કર્યું હતું.

બા.બ્ર.શ્રી સુરેશજીએ વચનામૃત પત્રાંક-૫૬૯ ના આધારે સ્વાધ્યાય આપતા જણાવ્યું કે સમ્યગ્દર્શન થતાં સિદ્ધત્વની અવશ્ય પ્રાપ્તિ થાય છે. જેમનામાં સંપૂર્ણ સ્વરૂપે સત્ પ્રગટ્યું છે તે અરિહંત - સિદ્ધ છે. જગતની ઉપાધિઓ તે કલેશ છે. સત્યની ઉપસ્થિતિનો અહેસાસ તેનું નામ સત્સંગ. જેની ભાવના મુનિ થવાની હોય તે આત્મસાક્ષાત્કાર પ્રાપ્ત કરી શકે છે. તીવ્ર કર્મોદયમાં ધીરજ અને શાંતિ રાખવા પ્રયત્ન કરવો. સૂક્ષ્મ ચેતના દ્વારા પ્રજ્ઞાને પકડી શકાય છે. જ્યારે 'ખાલી' થશું ત્યારે ચૈતન્યથી ભરાઈ જઈશું. વૈરાગી અને ત્યાગી લોકો સાથે વધારે રહેવું. સંપ્રદાયની વાસના ખતરનાક હોય છે.

આદ.બા.બ્ર. અલકાદીદીએ પૂજ્યશ્રી લિખિત 'અનુભૂતિના ઉદ્ગારો' અંતર્ગત પૂજ્યશ્રી આત્માનંદજીના જીવનપ્રસંગો અને તેઓશ્રીના બોધ વિષે સ્વાધ્યાય આપતા જણાવ્યું કે તત્ત્વદૃષ્ટિ અને નિઃસ્પૃહતા આધ્યાત્મિક જીવન માટે આવશ્યક છે. સ્વરૂપની ઓળખાણ અને તન્મયતા થાય ત્યારે વિકારભાવો નાશ પામે છે.

પૂજ્ય બહેનશ્રીએ આશીર્વચન આપતા જણાવ્યું કે પૂજ્યશ્રીના માર્ગે આપણે ચાલીએ તો સાચા આનંદને પ્રાપ્ત કરી શકીએ. જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્ય બાળપણથી જ પૂજ્યશ્રીમાં દૃષ્ટિગોચર થતા હતાં. પૂજ્ય બહેનશ્રીએ પરમકૃપાળુદેવની સમ્યગદર્શન વિષયક વચનામૃત તથા પૂજ્યશ્રીના અનુભૂતિના ઉદ્ગારો અંગે સમજ આપી હતી. પૂજ્યશ્રીના સ્વાધ્યાય વીડિયો કેસેટના આધારે થયા હતા.

**ભક્તિસંગીત :-** શિબિર દરમ્યાન આદ.શ્રી સત્સ્વરૂપ દાસજીએ ભાવવાહી ભક્તિસંગીત પીરસીને સૌને પ્રભુ-ગુરુમય બનાવ્યા હતા. આ ઉપરાંત અનેક મુમુક્ષુ ભાઈ-બહેનોએ પણ ભક્તિપદો પ્રસ્તુત કર્યા હતા.

**'આનંદઘન ચોવીશી' પુસ્તકનું વિમોચન :-** સંસ્થાની આધ્યાત્મિક કમિટીના ચેરમેન આદ. શ્રી અશોકભાઈ પી. શાહ લિખિત 'આનંદઘન ચોવીશી' (વિવેચન) પુસ્તકનું વિમોચન તા. ૧૪-૦૨-૨૦૨૪ના રોજ મહાનુભાવોના વરદ હસ્તે કરવામાં આવ્યું. પ્રાસંગિક ઉદ્બોધનમાં બા.બ્ર. શ્રી સુરેશજીએ જણાવ્યું કે આનંદઘનજીના પદોમાં ગૂઢ રહસ્યો ભર્યા છે. શ્રી અશોકભાઈએ આ પદો અંગે રિસર્ચ કરી, પરિપક્વ બુદ્ધિથી પદોનું વિશ્લેષણ કરી લેખો તૈયાર કર્યા, જે 'દિવ્યધ્વનિ'માં પ્રકાશિત થયા હતા. આ લેખો પુસ્તકરૂપે પ્રગટ થાય તેવી ઘણા લોકોની ભાવના આજે સાકાર થઈ છે. શ્રી અશોકભાઈએ ઘણો પુરુષાર્થ કરીને તેને પુસ્તકાકાર આપ્યો તે બદલ તેઓને અભિનંદન. આ પુસ્તક સૌને લાભનું કારણ થશે. પ્રતિભાવ આપતાં શ્રી અશોકભાઈએ પૂજ્યશ્રી સાથે શ્રી જિનમંદિરમાં આનંદઘનજીના આ ભક્તિપદો ગાતાં હતા તે સંસ્મરણો વાગોળ્યા. આ પુસ્તકના પ્રકાશન માટે આદ. શ્રી જય અશોકભાઈ શાહનું આર્થિક યોગદાન પ્રાપ્ત થયું છે;

જે બદલ તેઓને અનેકશઃ ધન્યવાદ.

**સેવાભાવી કાર્યકર્તાઓનું અભિવાદન :-** સંસ્થામાં નિષ્ઠાપૂર્વક સેવાઓ આપતા નીચેના ત્રણ સેવાભાવી કર્મયોગીઓનું સંસ્થા દ્વારા અભિવાદન કરવામાં આવ્યું હતું. :- (૧) શ્રી મેહુલભાઈ પંડ્યા (વિચક્ષણ, નિષ્ઠાવાન અને કર્મઠ ગૃહપતિશ્રી) (૨) શ્રી મેહુલભાઈ (શ્રી કિશોરભાઈ શેઠ સંલગ્ન) સંસ્થામાં નિઃસ્વાર્થભાવે ઇ-રીક્ષા દ્વારા વડીલોની સેવા કરવા બદલ. (૩) શ્રી આશાબેન (પૂજ્ય બહેનશ્રીની પ્રેમભાવથી સેવાઓ કરવા બદલ)

સંસ્થાના ટ્રસ્ટી મહોદય આદ. ડૉ. રાજેશભાઈ સોનેજીએ ઉપરોક્ત સેવાભાવી કાર્યકર્તાઓના સદ્‌ગુણોની અનુમોદના કરી હતી.

## સંસ્થામાં રાહત દરે હેલ્થ ચેકઅપ કેમ્પ સાનંદ સંપન્ન

આધ્યાત્મિક પ્રવૃત્તિઓની સાથે સાથે સંસ્થા દ્વારા સમાજોપયોગી અનેકવિધ પ્રવૃત્તિઓનું અવારનવાર આયોજન કરવામાં આવે છે. સંસ્થામાં તા. ૧૧-૨-૨૦૨૪ ના રોજ રાહત દરે હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તપાસમાં CBC, SGPT, TSH, Vitamin D3, Lipid Profile, Calcium, Creatinine, Vitamin B12, Blood Sugar, Uric Acid વગેરે ટેસ્ટ આવરી લેવામાં આવ્યા હતા. આ કેમ્પ માટે ડૉ. દિલીપભાઈ શાહ, ડૉ. સર્જનભાઈ શાહ, ગ્રીનક્રોસ લેબોરેટરી (મણિનગર, અમદાવાદ)ની ટીમનો પ્રશંસનીય સહયોગ સાંપડ્યો હતો. આદ. શ્રી તરલાબેન દિનેશભાઈ બાવીસી પરિવાર (રાજકોટ) ના આર્થિક સૌજન્યથી આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું; જે બદલ તેઓને સંસ્થા તરફથી અનેકશઃ ધન્યવાદ પાઠવીએ છીએ. શિબિરનો મંગલ પ્રારંભ મહાનુભાવોના વરદ હસ્તે દીપ-પ્રાગટ્યથી કરવામાં આવ્યો. આ કેમ્પ માટે આદ. ડૉ. રાજેશભાઈ સોનેજી, શ્રી નીતાબેન લોઢિયા, ગૃહપતિશ્રી મેહુલભાઈ તથા ગુરુકુળના વિદ્યાર્થીઓ તથા કર્મચારીગણનો સક્રિય સહયોગ સાંપડ્યો હતો. ૯૨૨ જેટલા લોકોએ આ કેમ્પનો લાભ લીધો હતો.

## સંસ્થામાં નૂતન પંખીઘરનું ઉદ્‌ઘાટન

પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે, ''ભાખ્યું ભાષણમાં ભગવાન, ધર્મ ન બીજો દયા સમાન.''
'' મંદ વિષયને સરળતા, સહ આજ્ઞા સુવિચાર; કરુણા કોમળતાદિ ગુણ, પ્રથમ ભૂમિકા ધાર.''

પક્ષીઓને ચણ તથા પાણી મળી રહે તેવા શુભ આશયથી સંસ્થામાં તા. ૧૪-૨-૨૦૨૪ ના રોજ નૂતન પંખીઘરનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. પૂજ્ય બહેનશ્રીએ શ્રી નમસ્કાર મહામંત્રનું ઉચ્ચારણ કર્યું. ત્યારબાદ મંગલાષ્ટકના ઉચ્ચારણ અને પૂજ્ય સાહેબજીના સ્મરણ દ્વારા મહાનુભાવોના વરદ હસ્તે નૂતન પંખીઘરનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. આ પંખીઘરના નિર્માણમાં સંસ્થાના ટ્રસ્ટી મહોદય આદ. શ્રી બિપીનભાઈ મણિયારનો સિંહફાળો રહ્યો છે; જેની સંસ્થા અનુમોદના કરે છે. પંખીઘરના મુખ્ય દાતા આદ. શ્રી મહેન્દ્રભાઈ વોરા અને અન્ય દાતાઓને સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે. પંખીઘરમાં લગભગ ૧૨ થી ૧૫ પ્રકારના પક્ષીઓ ચણ માટે આવે છે.

## સંસ્થામાં આદ. પંડિતજી સુમતપ્રકાશજીની સ્વાધ્યાયશ્રેણી સંપન્ન

આપણી સંસ્થામાં આદ. પંડિતજી સુમતપ્રકાશજી જૈનની સ્વાધ્યાયશ્રેણીનું આયોજન તા. ૧૫-૦૨-૨૦૨૪ થી તા. ૨૩-૦૨-૨૦૨૪ દરમિયાન કરવામાં આવ્યું હતું. આદ. સુમતપ્રકાશજીએ પંચાધ્યાયીના નિશ્ચય-વ્યવહારનય તથા કર્મબંધની અવસ્થાઓ પર તત્ત્વસભર પોતાની આગવી શૈલીમાં સુંદર રજૂઆત કરી હતી.

## સંસ્થામાં 'શ્રી તત્ત્વાર્થપ્રબોધિની' (પ્રસ્તાવના) આધારે લેખિત કસોટીનું આયોજન

સંસ્થા દ્વારા તાજેતરમાં બા.બ્ર.શ્રી સુરેશજી દ્વારા રચિત તત્ત્વાર્થસૂત્રની ટીકા 'તત્ત્વાર્થપ્રબોધિની'નું

પ્રકાશન થયું છે. તેની પ્રસ્તાવનાનો મુમુક્ષુ ભાઈ-બહેનો ઊંડાણથી અભ્યાસ કરે અને જીવનમાં આત્મસાત્ કરે તેવા શુભ આશયથી સંસ્થા દ્વારા લેખિત કસોટીનું આયોજન કરવામાં આવ્યું હતું. બા.બ્ર.શ્રી સુરેશજીએ ખૂબ જહેમત ઉઠાવીને પ્રશ્નપત્ર તૈયાર કર્યું હતું. ઉત્તરપત્રની ચકાસણી તેમજ પરીક્ષાને લગતી કાર્યવાહીમાં કર્મયોગી મુમુક્ષુ આદ. શ્રી ચંપકભાઈ પરમાર્થીએ ખૂબ પ્રેમપરિશ્રમ લીધો હતો; જે બદલ સંસ્થા તેઓશ્રીને સાભાર ધન્યવાદ પાઠવે છે. આ પરીક્ષામાં સારી સંખ્યામાં મુમુક્ષુ ભાઈ-બહેનોએ ભાગ લઈને જ્ઞાનવૃદ્ધિ કરી હતી.

## પૂજ્ય આચાર્યશ્રી વિદ્યાસાગરજીનો વિનયાંજલી સમારોહ

સંત શિરોમણિ આચાર્યશ્રી વિદ્યાસાગરજીની સમતાપૂર્વક સમાધિના સંદર્ભમાં, દિગંબર જૈન સમાજ, જીતો (JITO), સમસ્ત જૈન સમાજ તથા અન્ય સંસ્થાઓના ઉપક્રમે, આચાર્યશ્રીનો ભાવપૂર્ણ વિનયાંજલી/શ્રદ્ધાંજલી અર્પવાનો સમારોહ તારીખ ૦૩-૦૩-૨૦૨૪ રવિવારે સાંજે ૭.૩૦ થી ૯.૩૦ અમદાવાદમાં રીવરફ્રંટ ઈવેંટ સેન્ટર પાસે યોજાયો હતો.

સમગ્ર સભાનું આયોજન સુશ્રી મોનાબેન ખંધારે (અગ્ર સચિવ, સાયન્સ અને ટેક., ગુજરાત રાજ્ય) સુપેરે કરેલ. ગુજરાતના મુખ્યમંત્રીશ્રી માન. ભૂપેન્દ્રભાઈ પટેલ, સર્વશ્રી મુકેશકુમાર (અગ્ર સચીવ, હાયર અને ટેક. એજ્યુ., ગુજરાત રાજ્ય), અન્ય ઉચ્ચ સરકારી અધિકારીઓ, અમદાવાદના મેયર પ્રતિભાબેન જૈન, પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ, ધારાસભ્ય કૌશિક જૈન, જીતોના ભૂતપૂર્વ પ્રમુખ ગણપતભાઈ ચૌધરી, સમસ્ત મહાજનના પ્રમુખ ગિરીશભાઈ, આણંદજી કલ્યાણજી પેઢીના ટ્રસ્ટી શ્રીપાળભાઈ, વૈદ સપનકુમાર, કવિ ચંદ્રસેન, કોબા આશ્રમના અધિષ્ઠાતા ડૉ. શર્મિષ્ઠાબેન સોનેજી અને કોબા આશ્રમના આદ. બા.બ્ર. સુરેશજી સહિત વિવિધ ક્ષેત્રોના અનેક મહાનુભાવો આવેલ.

દીપ પ્રાગટ્ય પછી આચાર્યશ્રીના જીવન-કવન વિષે એક ડોક્યુમેન્ટ્રી ફિલ્મ હતી; જેમાં આચાર્યશ્રીના કાર્યક્ષેત્રો અને સિદ્ધિઓ સંક્ષિપ્તમાં દર્શાવેલ : "ઇન્ડિયા" બદલે "ભારત", ભારતીય સંસ્કૃતિની મહત્તા, બાલિકાઓના જીવન ઘડતર માટે 'પ્રતિભા સ્થલી' (પાંચ સ્કુલ-સંકુલો), ગૌસેવા માટે દયોદય સંસ્થા (૧૦૦+ ગૌશાળા), પૂર્ણાયુ (આયુર્વેદ), હાથચરખા (શ્રમિકોની રોજીરોટી), જેલના કેદીઓનો ઉત્કર્ષ, 'મૂક માટી' મહાકાવ્ય/મહાગ્રંથનું સર્જન, ૫૦૦+હાઈકુ (ટચુકડી કાવ્યરચના પ્રકાર) વગેરે હતા. આચાર્યશ્રીની મહાઆરતીમાં વક્તા-શ્રોતા હજારોની સંખ્યામાં ભાવથી જોડાયા હતા.

મુખ્યમંત્રી માન. ભૂપેન્દ્રભાઈ પટેલે તેમના વક્તવ્યમાં આચાર્યશ્રીએ યુવાપેઢીને સુસંસ્કૃત કરવા માટે જે માર્ગદર્શન આપ્યું તે સરાહનીય અને અનુકરણીય છે તેમ કહ્યું. પદ્મશ્રી ડૉ. કુમારપાળભાઈએ આચાર્યશ્રીની મહાન કૃતિ 'મૂક માટી' વિષે વાત કરી. જીતોના ગણપતભાઈ ચૌધરીએ આચાર્યશ્રીના અભિગમ જેવા કે સમાજના ઉત્કર્ષ માટે સમાજની સાથે અને વચ્ચે રહેવું તથા અપરિગ્રહની અગત્યતા વિષે જણાવ્યું. આદ. મોનાબેન ખંધારે તેમના પ્રશંસનીય વિસ્તૃત વક્તવ્યમાં મંગલ સ્તુતિ-ગદ્ય-પદ્ય-સૂક્તિપૂર્વક આચાર્યશ્રીની આંતરિક સાધના તથા રાષ્ટ્ર નિર્માણ માટે : શિક્ષણ, આયુર્વેદ ચિકિત્સા, ગૌવંશ સુરક્ષા અને સંવર્ધન, મહિલા સશક્તિકરણ તેમજ આર્થિક સ્વાવલંબન વગેરે સાથે પોતાના અંગત જીવનમાં આચાર્યશ્રીના ઉપકારો અને ઋણ સ્મરણ કર્યા. કોબા આશ્રમના આદ. બા.બ્ર.સુરેશજીએ આચાર્યશ્રીને અધ્યાત્મયોગી, પ્રખર રાષ્ટ્રભક્ત, સમાજ સુધારક, સંત શિરોમણિ, પૂર્વકાળના ઋષિ સમાન અને વિશ્વગુરુ તરીકે બિરદાવ્યા.

સમગ્ર જૈન સમાજ તરફથી મુખ્યમંત્રીશ્રીને એક નિવેદનપત્ર આપ્યું; જેમાં આચાર્યશ્રીના મહાગ્રંથ 'મૂક માટી' ને પાઠ્યપુસ્તક તરીકે અને આયુર્વેદના શિક્ષણકેન્દ્રો સ્થાપવાની વિનંતી કરી.

કોબા આશ્રમથી પૂ. બહેનશ્રી, આદ. બા.બ્ર.સુરેશજી, ટ્રસ્ટી બિપીનભાઈ મણિયાર, અરુણભાઈ બગડિયા અને મહેન્દ્રભાઈ ખંધાર સહિત ૨૫ મુમુક્ષુઓએ સમારોહમાં હાજરી આપીને આચાર્યશ્રીને ભાવભીની શ્રદ્ધાંજલી આપી.

## સંસ્થા સંચાલિત નિઃશુલ્ક છાશકેન્દ્રો અંગે વિજ્ઞપ્તિ

આપ સર્વેને વિદિત છે કે પરમ પૂજ્ય ગુરુદેવના આશીર્વાદ અને યોગબળથી આપણી સંસ્થા ઘણા વર્ષોથી આધ્યાત્મિક, સામાજિક, ધાર્મિક, શૈક્ષણિક, તબીબી અને અન્ય પ્રકારની સહાય સહિત સમાજને વિવિધ આવશ્યક સેવાઓ પ્રદાન કરવા માટે સમર્પિત છે. ગરમીના મહિનાઓમાં જરૂરતમંદ અને વંચિત પરિવારોને છાશનું વિતરણ કરવું એ મહત્ત્વપૂર્ણ કાર્ય છે, જે અંતર્ગત આપણે ઘણા વરસોથી દર વર્ષે નિઃશુલ્ક છાશવિતરણનું આયોજન કરીએ છીએ.

આપણો આગામી નિઃશુલ્ક છાશવિતરણ કાર્યક્રમ એપ્રિલ ૨૦૨૪ થી શરૂ થશે. તે માટે હંમેશની જેમ આપના ઉદાર સમર્થન અને સહયોગની અપેક્ષા છે.

નિઃશુલ્ક છાશ વિતરણ હેતુ માટે આપણે પ્રતિદિન રૂા. ૫૦૦૦/- નો નકરો નક્કી કરેલ છે. આપના યોગદાન માટે આપણી સંસ્થાના નીચેના સેવકોનો સંપર્ક કરવા વિનંતી છે.

**સંસ્થાકીય સંપર્ક :** (૧) શ્રી વિજયભાઈ પટેલ, મેનેજરશ્રી (મો. + ૯૧ ૯૩૨૭૦૯૦૩૯૩) (૨) શ્રી ધવલભાઈ, એકાઉન્ટસ ડિપાર્ટમેન્ટ (મો. +૯૧ ૯૪૨૬૭૫૬૪૪૨) (૩) શ્રી પંકજભાઈ શાહ (મો. +૯૧ ૯૮૬૯૪૪૫૪૦૬)

ડોનેશન મોકલવા માટેની બેંકની વિગત : (૧) લોકલ ડોનેશન : Bank Details for Indian Donors, **In Favour of :** Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra, **Name of Bank :** HDFC Bank, **Account No.** 50200070731240, **IFSC Code :** HDFC0003067, **Branch :** Sughad, **PAN No. :** AADTS7538Q, **WEB :** www.shrimadkoba.org (આપશ્રી ડોનેશનની રકમ બારકોડ થી મોકલવા માગતા હોય તો બારકોડ પણ આ સાથે મોકલેલ છે.)

(૨) ફોરેન ડોનેશન : Bank Details for Foreign Donors, **In Favour of :** Shree Satshrut Seva Sadhana Kendra, **Name of Bank :** State bank of India, **Account No.** 40102524216, **Swift Code :** SBININBBA104, **Branch :** New Delhi, **PAN No. :** AADTS7538Q, **WEB :** www.shrimadkoba.org છે.

## શ્રી બાંધણી તીર્થમાં પ્રતિષ્ઠા મહોત્સવ

પૂજ્ય ગોવર્ધનદાસ બ્રહ્મચારીજીની પવિત્ર જન્મભૂમિમાં ૩૫ વર્ષ પહેલા સ્થપાયેલ બાંધણી તીર્થ (શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ) માં પાર્શ્વનાથ જિનમંદિર અને શ્રીમદ્ રાજચંદ્ર ગુરુમંદિર તથા સ્વાધ્યાય હૉલ છે. આ તીર્થમાં કમલાકાર દિગંબર મંદિર અને તેની સન્મુખ બનાવેલ ભવ્ય માનસ્થંભનો ફેબ્રુઆરી ૨૭-૨૮-૨૯ ત્રણ દિવસ ભવ્યાતિભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ હતો. પ્રતિષ્ઠાચાર્ય તરીકે ખ્યાતનામ શાસ્ત્રીજી અભિનંદનકુમાર હતા. આખો આશ્રમ કલાપૂર્ણ શણગારેલ હતો.

મંગળવારે (૨૭ ફેબ્રુ.) શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રની પૂજા હતી. બુધવારે (૨૮ ફેબ્રુ.) સવારે ભવ્ય શોભાયાત્રા હતી; જેમાં બગીમાં મૂળનાયક મલ્લિનાથ ભગવાન અને તેમના મસ્તક પર દુગ્ધધારા હતી. બપોરે દિગંબર વિધિપૂર્વકનું યાગમંડલ વિધાન હતું. આખા બાંધણી ગામને ધુમાડાબંધ જમાડેલ. ગુરુવારે (૨૯ ફેબ્રુ) સવારમાં દેવશાસ્ત્રગુરુ અને મલ્લિનાથ ભગવાનની પૂજાઓ, વેદી શુદ્ધિ, પ્રભુ પ્રતિષ્ઠા અને જિનેન્દ્ર પંચકલ્યાણક પાઠ હતા. મૂળનાયક મલ્લિનાથ ભગવાનની ૩૧" ની સ્ફટિકની મનોરમ્ય મૂર્તિ છે. તે ઉપરાંત કમલમંદિરમાં ડાબી બાજુએ "ઓમ" માં વિહરમાન ૨૦ તીર્થંકરો અને જમણી બાજુએ "હ્રીમ" માં ૨૪ તીર્થંકરોની નાની મૂર્તિઓ છે. કમલમંદિરની ઉપર ઘુમ્મટમાં ૮ વલયમાં સફેદ સંગેમરમરની ૧૦૦ પંખુડીઓ છે. શિખર ઉપર ગોલ્ડ પ્લેટેડ સુંદર ત્રિકળશ અને ધ્વજ સાથેનો ૪' દંડ છે.

કમલમંદિરની સામે ૬૩' ઉંચા ૮ વિભાગવાળા આરસના સુંદર માનસ્થંભમાં નીચે મલ્લિનાથ ભગવાનની સ્ફટિકની ૪ નાની પ્રતિમા અને ઉપર મલ્લિનાથ ભગવાનની દુધિયા આરસની ૪ મોટી પ્રતિમા છે. આ ઉપરાંત શ્રીમદ્ રાજચંદ્રજી, પ્રભુશ્રીજી (લઘુરાજ સ્વામી) અને બ્રહ્મચારીજીની ચૌમુખી (૧૧"ની

આરસ-રત્ન-સ્ફટિકની) પ્રતિમાઓનું સ્થાપન કરેલ છે.

કરોડોનો આ પ્રોજેક્ટ અને સમગ્ર મહોત્સવનું આયોજન-સંચાલન આશ્રમના વર્તમાન અધિષ્ઠાત્રી અને આગવી કલાદ્રષ્ટિયુક્ત વિદૂષી આદ. સુધાબેન નિરંજનભાઈ શેઠે કરેલ.

પાલડી જ્ઞાનમંદિરના પ્રમુખ અરવિંદભાઈ શાહ અને કોબાથી મહેન્દ્રભાઈ ખંધાર, પરિમલભાઈ ખંધાર, કિરીટભાઈ-પૂર્ણિમાબેન શાહ, રમણિકભાઈ ઘેલાણી, જ્યોત્સનાબેન ડગલી વગેરે આ પ્રસંગે ઉપસ્થિત હતા. તે ઉપરાંત દેશ-વિદેશના ઘણા મુમુક્ષુઓએ આ પ્રસંગે ઉત્સાહપૂર્વક લાભ લીધો હતો.

## સંસ્થા સંચાલિત ગુરુકુળના વિદ્યાર્થીઓનો પ્રવાસ સાનંદ સંપન્ન

સંસ્થા સંચાલિત 'વિદ્યા-ભક્તિ-આનંદધામ' ગુરુકુળના વિદ્યાર્થીઓ માટે તા. ૨૧-૦૨-૨૦૨૪ થી તા. ૨૨-૦૨-૨૦૨૪ દરમિયાન ધરમપુર, પોઈચા અને સ્ટેચ્યુ ઑફ યુનિટીના પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૨૦-૦૨-૨૦૨૪ના રાત્રે કોબાથી સૌએ પ્રયાણ કર્યું. તા. ૨૧-૦૨-૨૦૨૪ના રોજ સવારે શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, ધરમપુર પહોંચ્યા. ત્યાં નવકારશી કરીને કૉમ્યુનીટી ગાર્ડનમાં બાળકોએ આનંદ માણ્યો. આશ્રમના આદ. શ્રી ટીનાબેન દેસાઈએ સૌને સંસ્થાના વિવિધ વિભાગોના દર્શન કરાવ્યા. આદ. શ્રી નીતાબેન શાહનો સુંદર સહયોગ સાંપડ્યો. બપોરે ભોજન બાદ સૌ પોઈચા પહોંચ્યા. ત્યાં સ્વામિનારાયણ મંદિરના સૌએ દર્શન કર્યા અને સંધ્યા આરતીનો લાભ લીધો. પોઈચામાં રાત્રિરોકાણ બાદ બીજે દિવસે સવારે સ્ટેચ્યુ ઑફ યુનિટી તરફ પ્રયાણ કર્યું. સૌ પ્રથમ ઝૂ પાર્કની મુલાકાત લીધી. પછી સરદાર સરોવર ડેમ જોયા બાદ સ્ટેચ્યુ ઑફ યુનીટી સરદાર વલ્લભભાઈ પટેલની ભવ્ય મૂર્તિના દર્શન કર્યા. લેસર શો બાદ નર્મદા ઘાટની સંધ્યાઆરતીનો લાભ લીધો. ત્યારબાદ સૌએ કોબા તરફ પ્રયાણ કર્યું. નાદુરસ્તી હોવા છતાં આદ. શ્રી પ્રજ્ઞેશભાઈ પટેલે આ પ્રવાસમાં જોડાઈને પ્રશંસનીય સહયોગ આપ્યો જે બદલ સંસ્થા વતી તેઓશ્રીને સાભાર ધન્યવાદ પાઠવીએ છીએ. આ પ્રવાસ માટે આદ. શ્રી દિવ્યેશભાઈ બાટવિયા પરિવાર (બેંગ્લોર) તથા આદ. શ્રી મહેન્દ્રભાઈ મહેતા પરિવાર (પૂના) નો આર્થિક સહયોગ સાંપડ્યો છે જે બદલ સંસ્થા તેઓને સાભાર ધન્યવાદ પાઠવે છે.

## અનુમોદના

[૧] દર વર્ષની માફક આ વર્ષે પણ આદ. સરલાબેન ધીરૂભાઈ દોશી (નાઈરોબીવાળા) અને તેમના સંતાનો મયૂરભાઈ, ગીતાબેન અને સુનીતભાઈ તરફથી ગુરુકુળના વિદ્યાર્થીઓ અને કોબા આશ્રમના ત્યાગીઓ તથા મુમુક્ષુઓને શુદ્ધિપૂર્વક, લીંબડીમાં ખાસ બનાવરાવેલ કાળા તલના કચરીયાની (૫૦૦ ગ્રામ) પ્રભાવના કરેલ. સંસ્થા સરલાબેનને અભિનંદન આપવા સાથે તેમની અનુમોદના કરે છે.

[૨] શ્રી મહેન્દ્રભાઈ ખંધારના પિતરાઈ ભાઈ લીંબડીના રોહિતભાઈ અંબાલાલભાઈ ખંધાર તરફથી કોબા આશ્રમના કર્મચારીઓને શિયાળાની ઠંડી માટે ઉનના ગરમ ધાબળાની પ્રભાવના કરવામાં આવી હતી. સંસ્થા રોહિતભાઈને ધન્યવાદ આપવા સાથે તેમની અનુમોદના કરે છે.

## સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા દાનવીર મહાનુભાવો

સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા નીચેના દાનવીર મહાનુભાવોને સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે :-

| | | | |
|---|---|---|---|
| **ઈન્ફ્રાસ્ટ્રક્ચર : ડેવલોપમેન્ટ** | (૧) | શ્રી સવિતાબેન એસ. શાહ, લંડન<br>હસ્તે : શ્રી પ્રિયેશભાઈ એસ. શાહ<br>(જ્ઞાનદાન, સાધક-ઉત્કર્ષ, ભોજનાલય, જીવદયા) | રૂા. ૨૦,૦૦,૦૦૦/- |
| **મેડિકલ કેમ્પ :** | (૧) | શ્રી દિનેશભાઈ બાવીસી, રાજકોટ<br>(જિનાભિષેક પૂજા, સ્વામિવાત્સલ્ય) | રૂા. ૮,૫૩,૦૦૦/- |

| | | | |
|---|---|---|---|
| **જિનાભિષેક પૂજા :** | (૧) | શ્રી પુષ્પાબેન જયંતિભાઈ શાહ તથા<br>શ્રી શ્રુતિબેન શૈલેષભાઈ માલદે, લંડન<br>(ભોજનાલય, સ્વામિવાત્સલ્ય, જીવદયા) | રૂા. ૩૭,૬૧૧/- |
| | (૨) | શ્રી એક મુમુક્ષુ, અમદાવાદ | રૂા. ૨૨,૪૦૦/- |
| | (૩) | શ્રી કિંતનભાઈ બી. મણિયાર, અમદાવાદ | રૂા. ૧૧,૦૦૦/- |
| | (૪) | શ્રી બીનાબેન પ્રદીપભાઈ શાહ, USA<br>(પૂજ્યશ્રી ઓડિયો-વિડિયો પ્રોજેક્ટ) | રૂા. ૧૦,૦૦૦/- |
| **જીવદયા :** | (૧) | શ્રી વીણાબેન હેમંતભાઈ શાહ, USA<br>હસ્તે : ડૉ. શ્રી હેમંતભાઈ શાહ,<br>(આંખના ઓપરેશન, ગુરુકુળ, પુસ્તક પ્રકાશન) | $ ૧૨,૫૦૦/- |
| | (૨) | Navnat Vanik Association of U.K.<br>હસ્તે : શ્રી દિલીપભાઈ મીઠાણી તથા શ્રી ભુપેન્દ્રભાઈ શાહ | રૂા. ૨,૦૦,૦૦૦/- |
| | (૩) | શ્રી વીણાબેન મહેન્દ્રભાઈ ખંધાર, USA<br>(ભોજનાલય કાયમિતિથિ) | રૂા. ૧,૫૨,૧૦૦/- |
| | (૪) | શ્રી સ્વ. સુભદ્રાબેન એમ. વ્હોરા, રાજકોટ | રૂા. ૨૧,૦૦૦/- |
| **ભોજનાલય :** | (૧) | શ્રી કલ્પનાબેન પ્રવીણભાઈ શાહ, USA | રૂા. ૩,૨૫,૦૦૦/- |
| | (૨) | શ્રી ભારતીબેન વિનોદભાઈ શાહ, સીંગાપોર<br>(સાધક-ઉત્કર્ષ) | રૂા. ૨૫,૦૦૦/- |
| **પંખીના ચબૂતરા માટે :** | (૧) | શ્રી પ્રવીણભાઈ સી. પટેલ, USA | રૂા. ૨,૨૦,૦૦૦/- |
| **સાધારણ :** | (૧) | શ્રી ડૉ. સોનેજી પરિવાર, અમદાવાદ<br>હસ્તે : શ્રી ડૉ. રાજેશભાઈ સોનેજી | રૂા. ૨,૦૦,૦૦૦/- |
| | (૨) | શ્રી મહેશભાઈ બદાણી, ઉમરગામ<br>(પૂજ્યશ્રી ઓડિયો-વિડિયો પ્રોજેક્ટ) | રૂા. ૧૦,૦૦૦/- |
| **સ્વાધ્યાયહૉલ રિનોવેશન :** | (૧) | શ્રી સપના બુક સ્ટોર, બેંગ્લોર<br>હસ્તે : શ્રી દીપકભાઈ શાહ<br>(સંત-ત્યાગી વૈયાવચ્ચ) | રૂા. ૫૦,૦૦૦/- |
| | (૨) | શ્રી શ્યામ સુંદરજી સિંઘવી, ઉદેપુર | રૂા. ૧૧,૦૦૦/- |
| **પુસ્તક પ્રકાશન :** | (૧) | શ્રી સંદીપ કાંતિલાલ શાહ, મુંબઈ<br>(સંત-ત્યાગી વૈયાવચ્ચ, મુમુક્ષુસહાય) | રૂા. ૫૦,૦૦૦/- |
| **વૈયાવચ્ચ :** | (૧) | શ્રી સરલાબેન ધીરુભાઈ દોશી, નાઈરોબી<br>(મુમુક્ષુસહાય) | રૂા. ૧૦,૦૦૦/- |

## 'દિવ્યધ્વનિ સહાયક અનુદાતા' દાનવીર મહાનુભાવો

સંસ્થામાં 'દિવ્યધ્વનિ સહાયક અનુદાતા' તરીકે યોગદાન આપનારા દાનવીર મહાનુભાવોને સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે :-


(૧) શ્રી પુષ્પાબેન જયંતિભાઈ શાહ તથા
શ્રુતિબેન શૈલેષભાઈ માલદે, લંડન — રૂા. ૨,૧૦૦/-

## વૈરાગ્ય સમાચાર


**આધ્યાત્મિક ઊર્જાના વિરાટ કેન્દ્ર સંતશિરોમણિ આચાર્ય ૧૦૮ પૂજ્યશ્રી વિદ્યાસાગરજી મહારાજનું મહાપ્રયાણ**

**[૧] ડોંગરગઢ (છત્તીસગઢ) :** મહાતપસ્વી, મહાસંયમી રાષ્ટ્રહિતચિંતક સુપ્રસિદ્ધ દિગંબર જૈનાચાર્ય પૂજ્યશ્રી

વિદ્યાસાગરજી મહારાજે છત્તીસગઢના ડોંગરગઢ સ્થિત શ્રી ચંદ્રગિરિ તીર્થ મુકામે તા. ૧૭-૦૨-૨૦૨૪ ના રોજ ૭૮ વર્ષની વયે સમાધિપૂર્વક નશ્વર દેહનો ત્યાગ કર્યો છે. આચાર્યશ્રીનો જન્મ તા. ૧૦-૧૦-૧૯૪૬ ના રોજ કર્ણાટકના બેલગાંવ જિલ્લાના સદલગા ગામમાં શરદપૂર્ણિમાના દિને થયો હતો. તેઓશ્રીના પિતા મલ્લપ્પા હતા, જેઓ બાદમાં મુનિ મલ્લિસાગર બન્યા હતા. તેઓના માતા શ્રીમંતિએ પણ જિનદીક્ષા ગ્રહણ કરી આર્યિકા સમયમતિ બન્યા હતા. આચાર્યશ્રીના ભાઈ અનંતનાથ અને શાંતિનાથે આચાર્ય વિદ્યાસાગરજી પાસે દીક્ષા ગ્રહણ કરી અને મુનિ યોગસાગરજી અને મુનિ સમયસાગરજી બન્યા.



પૂ. વિદ્યાસાગરજીએ તા. ૩૦-૬-૧૯૬૮ માં અજમેરમાં માત્ર ૨૨ વર્ષની વયે પૂ. આચાર્ય જ્ઞાનસાગરજી પાસે દીક્ષા ગ્રહણ કરી હતી. તા. ૨૨-૧૧-૧૯૭૨ માં પૂ. જ્ઞાનસાગરજી દ્વારા તેઓશ્રીને આચાર્યપદ આપવામાં આવ્યું. આચાર્ય વિદ્યાસાગરજી સંસ્કૃત, પ્રાકૃત, હિન્દી, મરાઠી, કન્નડ વગેરે અનેક ભાષાઓ પર પ્રભુત્વ ધરાવતા હતા. તેઓએ હિન્દી અને સંસ્કૃત ભાષામાં વિપુલ સાહિત્યની રચના કરી છે; જે અંતર્ગત 'મૂકમાટી' કાવ્યને સ્નાતકોત્તર હિન્દી પાઠ્યક્રમમાં ભણાવવામાં આવે છે. પૂ. આચાર્યશ્રી અનેક ધાર્મિક કાર્યોના પ્રેરણાસ્રોત બન્યા છે. આચાર્યશ્રીના શિષ્ય મુનિ ક્ષમાસાગરજીએ પૂજ્ય આચાર્યશ્રીની જીવનગાથા આલેખતી 'આત્માન્વેષી' નામની જીવનકથા લખી છે તથા મુનિ પ્રણમ્યસાગરજીએ 'અનાસક્ત મહાયોગી' નામના કાવ્યની રચના કરી છે. આચાર્યશ્રીએ પોતાના નામનું કોઇ ટ્રસ્ટ બનાવ્યું નથી. આચાર્યશ્રીએ ખાંડ, મીઠું, ચટાઈ, લીલા શાકભાજી, ફળ, ડ્રાયફ્રુટ્સ, દહીં, તેલ, ઘી તથા એલોપેથી દવાઓનો આજીવન ત્યાગ કર્યો હતો. સમગ્ર ભારતમાં સૌથી વધારે જિનદીક્ષા તેઓશ્રીએ આપી છે. દરેક ધર્મના લોકોને આચાર્યશ્રી પ્રત્યે અત્યંત આદરભાવ રહ્યો છે. તેઓ અનિયત વિહારી (અગાઉથી જાણ કર્યા વિના વિહાર કરનાર) સંત હતા. આચાર્યશ્રીની વાણીથી પ્રભાવિત જૈન સમાજે અનેક ગૌશાળા તથા હજારો દીકરીઓને જૈન ધર્મના સંસ્કારથી સન્મિલિત આધુનિક શાળા (પ્રતિભાસ્થલી) ની સ્થાપના કરી છે. આચાર્યશ્રી સાહિત્યની સર્જનાત્મકતા, વાણીની પ્રામાણિકતા અને પ્રકૃતિની સરળતાના ત્રિવેણી સંગમ સમા હતા. તેઓશ્રીનું જીવન વટવૃક્ષ સમાન હતું. તેઓશ્રીનું જીવન પારદર્શી, પરાક્રમી અને સ્વ-પરને આલોકિત કરનારું હતું. પૂર્ણ જાગૃત અવસ્થામાં આચાર્યશ્રીએ આચાર્યપદનો ત્યાગ કરી પૂ. સમયસાગરજી મહારાજને આચાર્યપદ સોંપી દીધું હતું. છેલ્લા ત્રણ દિવસના ઉપવાસપૂર્વક આચાર્યશ્રીએ સંલેખના લીધી હતી અને અખંડ મૌન ધારણ કર્યું હતું. મહાસમાધિમાં પ્રવેશ કરતાં પહેલાં (દેહત્યાગ પૂર્વે) માત્ર 'ઓમ્' શબ્દનું ઉચ્ચારણ કર્યું હતું. આવા અધ્યાત્મયોગી, મહાસંયમી અને તપસ્વી, પંચમકાળની વિરલ વિભૂતિને સમસ્ત કોબા પરિવાર ભાવપૂર્વક શ્રદ્ધાંજલી અર્પે છે. પૂ.આચાર્યશ્રી અલ્પકાળમાં સમસ્ત કર્મોનો નાશ કરી પરમપદને પ્રાપ્ત કરે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને ભાવપૂર્વકની પ્રાર્થના છે.



**[૨] કાનપુર (ગાંધીનગર) :** આપણી સંસ્થામાં અવારનવાર પધારીને સેવા અને સત્સંગનો લાભ લેતાં **શિવાભાઈ હરિભાઈ પટેલ**નું તા. ૧૯-૧૨-૨૦૨૩ ના રોજ ૬૮ વર્ષની ઉંમરે દેહાવસાન થયું છે. તેઓ સંસ્થામાં દર શનિ-રવિવારે પધારીને પૂજ્યશ્રી આત્માનંદજીની સેવામાં તત્પર રહેતા હતા. કોબા સંસ્થામાં જોડાયા બાદ તેઓ ધાર્મિક કાર્યોમાં ઉત્સાહભેર ભાગ લેતા હતા. તેઓ સાહસિક, આત્મનિર્ભર, દિશાસૂચક, દયાળુ, હકારાત્મક અભિગમથી ભરપૂર અને પરિવારના મોભી હતા. માણસને પારખવાની તેઓની સારી ક્ષમતા હતી. જીવનમાં આવતા સંઘર્ષોના વાવાઝોડામાં તેઓ હિંમતની દીવાલ બની રહેતા. સ્વર્ગસ્થના આત્માને પ્રભુ શાશ્વત શાંતિ અર્પે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.

મનોરમ્ય કમલાકાર શ્રી મલ્લિનાથ ભગવાન જિનાલય (બાંધણીતીર્થ)



શ્રી સરલાબેન દોશીના સુપુત્રશ્રી મયૂરભાઈ દ્વારા ગુરુકુળના વિદ્યાર્થીઓને કચરિયાની પ્રભાવના





'આનંદઘન ચોવીશી' પુસ્તકના વિમોચન વેળાએ



ભવ્ય માનસ્તંભ (બાંધણીતીર્થ)

## સંસ્થાના સેવકોનું અભિવાદન



શ્રી મેહુલભાઈ પંડ્યા



શ્રી મેહુલભાઈ



શ્રી આશાબેન





સંસ્થા સંચાલિત ગુરુકુળના વિદ્યાર્થીઓના પ્રવાસ વેળાએ

**Registered under RNI No. : GUJGUJ/2008/25883**
Permitted to post at Ahmedabad PSO on 15th of every month under Postal Regd. No. : G-GNR-356
issued by DY.SPO Gandhinagar Valid upto 31-12-2026 - Publication Date 15th of every month




**પૂ. આચાર્યશ્રી વિદ્યાસાગરજી મહારાજ - વિનયાંજલી સભા (અમદાવાદ અને ગાંધીનગર)**

## આ અંકના વિશિષ્ટ સહયોગી દાતા

'દિવ્યધ્વનિ' માર્ચ - ૨૦૨૪ ના અંક માટે નીચેના પ્રત્યેક દાનવીર મહાનુભાવોનો
રૂા. ૨૧,૦૦૦/- નો આર્થિક સહયોગ સાંપડ્યો છે. સંસ્થા તેઓશ્રીઓના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

૧ **સ્વ. પિતાશ્રી જયચંદભાઈ વિપાણીના આત્મસ્મરણાર્થે**
હસ્તે : પુત્રવધૂ ચંદ્રિકાબેન પ્રવીણચંદ્ર વિપાણી પરિવાર, (USA)

૨ **શ્રી મહેન્દ્રભાઈ અને શ્રી નીકિતાબેન મહેતાના શુભ જન્મદિન નિમિત્તે**
હસ્તે : શ્રી નીકિતાબેન અને શ્રી મહેન્દ્રભાઈ મહેતા પરિવાર, (પૂના)

૩ **શ્રીમતી સોનલબેન દીપકભાઈ શાહ પરિવાર, બેંગ્લોર (સપના બુક સ્ટોર)**

**Printed & Published by** Smt. Dr. Sharmisthaben M. Soneji on Behalf of
**Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra** - Koba - 382 007. Dist. Gandhinagar (Gujarat).
Printed at Bhagwati Offset, 16/C, Bansidhar Estate, Bardolpura, Ahmedabad - 380 004. **Editor :** Shri Mitesh A. Shah

To,